કુમાર ૩૪૨



પયપાન : ગણત્રીની રેખાઓના સપ્રમાણ સપાટા વડે આ સુંદર કૃતિ સર્જનાર ભાઇ દશરથ પટેલનં

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ · વર્ષ ૨૯ · અંક ૬ · જૂન '૫૨ · તંત્રી બચુભાઇ રાવત



પાણી શેરડે · ચિત્રકાર: ચંદ્રશેખર શુક્લ (કલાકારના સૌજન્યથી)

કુમાર

જૂન ૧૯૫૨ · અંક ૩૪૨

ચિત્રો

પયપાન — ચિત્રકાર · દશરથ પટેલ પૂઠા ઉપર
પાણી શેરડે — ચિત્રકાર · યજ્ઞેશ્વર શુક્લ પૂર્ણરંગી મુખચિત્ર
રંગોળી — ચિત્રકાર · દશરથ પટેલ પાછલા પૂઠામાં
વિચારમગ્ન — ,, ,, ,, ,,

કાવ્યો

આકંડે ચ મધુ — ભાનુપ્રસાદ ત્રિવેદી ૧૭૯
અમીમય અગ્નિ — શારદ ગાંધર્વ ૧૭૯
અમારી આશા — પ્રબોધ જોષી ૧૭૯

ચરિત્ર

મોરારજીભાઈ દેસાઈ — ૧૮૦
બાંધગઠરિયાં [આપકથા-૩૦] ચન્દ્રવદન ચીમનલાલ મહેતા ૧૯૨
મનોમંથન [૫-ચોરાવર મોર] — કાકાસાહેબ કાલેલકર ૧૯૫
જોડાસાંકોર ધારે [૭-જોડા-સાંકો] — રમણિક મેઘાણી ૧૯૮

નાટિકા

કલાભારતી [મૂળલેખક:'બૃહસ્પતિ'] અનુ૦ ગુણવંતલાલ શાહ ૧૮૩

લેખો


દશમ ન્યાય — દાદા ધર્માધિકારી ૧૭૬
માંસપેશીઓ [કાયાની કરામત-૨૧] ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૧૮૭
ઊંઘ અને ઉનાળો [નિબંધિકા] — બકુલ ત્રિપાઠી ૧૯૭
દશરથ પટેલની કલા — દેવીપ્રસાદ રાયચૌધરી ૨૦૬

વિભાગો

જાપાનીઝ ચિત્રલઢણોમાં વિચિગાળાનું વૈવિધ્ય [ચિત્રબોધ] ૧૭૮
પીયૂષેણ સુરા: [સુભાષિત-૧૩] — ર. બી. ૨૦૦
પચ્ચીસ વર્ષ પહેલાં — ૨૦૧
પત્રમિત્ર વિભાગ — ૨૦૨
ટિકિટ સંગ્રહ-જર્મનીની ટિકિટો [૨] — ગિરધારીલાલ શ્રૉફ ૨૦૪
માધુકરી [ગિરિજાશંકર બાજપાઇ, ધનેરૂ] — ૨૦૭
શેખલાં [માસમાસનાં પંખી-૭૭] — ૨૦૭
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ: સંત કબીર] — ૨૧૧
છેલ્લું પાનું — ૨૧૨
ફોટોગ્રાફી-હરિફાઈનું પરિણામ — શ્રીદામ ભટ્ટ પાછલા પૂઠા ઉપર

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના



આકડે ય મધુ

વસંતતિલકા

મેં આકડે ભ્રમર ગુંજરતો ય દીઠો,
ને ઊર્મિનો અમલ નેહ મળ્યો અદીઠો !

આ ભૂમિમાંથી પ્રગટે રૂપ ભિન્નભિન્ન,
ઝેરી કયહીંક, કયહિં અમૃત, તો ય છન્ન
એની સુધા વિલસતી સહુમાં પ્રસન્ન !

હું તાહરા પ્રણયપદ્મપરે ભમેલ
ત્યારે ન જાણુ, પ્રિય હે ! તુજમાં વસેલ
આ પૃથ્વીના રસ ચિરંતનની; પરંતુ
તારું મળ્યું વિષ જયહીં અવહેલનાનું—
એ આકડે ય મધુ હું ભ્રમરો લહંત !

ભાનુપ્રસાદ ત્રિવેદી



વિરોધી ભાવોમાંથી રસનિષ્પત્તિ એ પણ કવિતામાં સૌંદર્ય લાવવાની એક રીત છે. ઉપર-નીચેનાં આ બંને કાવ્યો એના ઉદાહરણ છે : એકમાં કવિએ અગ્નિમાં અમીનું દર્શન કરાવ્યું છે; તો બીજામાં આકડામાં મધુનું ! આકડાનો તો ખ્યાલ જ નવો છે. એ કાવ્યમાં કવિના હૃદયસંક્ષોભનું કારણ તો ભલે નિષ્ફળ ગએલા પ્રેમમાં છે, (જેને પ્રણયપદ્મ માન્યું તે આકડો નીકળ્યો.) પણ પછી પ્રિયતમાની એ અવહેલનામાં પણ તે મધુરતા શોધી રહે છે. ઝેરી મનાતા આકડા જેવા પુષ્પમાં પણ પૃથ્વીના અમૃતરસનો અંશ હોવો જોઈએ, નહિતર ભમરો ત્યાં ગુંજે નહિ; તદનુસાર માનવતાની ભૂમિમાંથી પાકેલા માણસમા યે થોડોક પણ સુભગ અંશ હોવાનો જ. એટલે આકડે પણ ભ્રમરને જવું રહ્યું જ; તેમાથી યે મધ તો મળવાનું જ. બીજા કાવ્યના, કવિ, કેશુડા પર 'કસુંબલ રંગે ભભૂકી રહેલા, વનવન જાગેલા અગની'માં અમીનાં દર્શન કરાવે છે. વૈશાખના ધખધખતા વાતાવરણની 'લ્હાય ઝીલીને પણ વ્હાલ વરસતા જવાસા' અને ગુલમહોરની 'લાલ લાલ લગની'ને આધારે એ 'કાંચનવરણી અરુણા'માં જગતની કરુણા મ્હોરતી બતાવે છે.

અમીમય અગ્નિ

વનવન જાગ્યો અગની;
કુંજકુંજ પથરાય કેસુડે શિખા કસુંબલ રંગની;—વન૦

લ્હાળા ને લૂ વાય ધખધખતાં,
સૌ શીળાં જલબિન્દુ તલખતાં,
આંતરતરુની, મુખરિતમ્હોરથી, આર્શીતરસ રગરગની—વન૦

લ્હાય ઝીલીને વ્હાલ વરસત
ઉજુ જવાસા હસુહસુ હસતા;
ગુલમહોરને ડાળડાળ પર લાલ લાલ શું લગની !—વન૦

આજ કશો અદ્ભુત આ વિનિમય!
આગ સહે બનતું સૌ અમીમય:
કાંચન વરણુ તણી અરુણામાં કરુણા મ્હોરે જગની.—વન૦

શારદ ગાંધર્વ

અમારી આશા તો સ્વપન રચતી, ને જીવન આ
રહે ઘેરાએલું હરદમ જ એ નિંદર મહીં.

પ્રબોધ જોશી

દશમ ન્યાય

દાદા ધર્માધિકારી

સંસ્કૃતમાં એ નામનો એક 'ન્યાય' છે. દસ જણ જાત્રાએ નીકળ્યા. રસ્તે મોટી નદી આવી. તરીને સામે પાર ગયા પછી સૌનો મત થયો કે બધાની ગણતરી કરી લઈએ, કોઈ ડૂબી તો નથી ગયું ને ? એક જણે સૌને ગણી જોયા તો નવ થયા ! બધા ડરી ગયા ! ફરી બીજાએ ગણી જોયા : નવના નવ. સૌનાં મોં લેવાઈ ગયાં. કોણ ડૂબ્યું હશે ? ઘેર જઈને એનાં સગાંવહાલાંને શો જવાબ દઈશું ? રોકકળ મચી ગઈ.

ત્યાં એક વટેમાર્ગુ નીકળ્યો. એણે કારણ પૂછતા બધાએ એને સ્થિતિ સમજાવી. એ કહે, મારી સામે ફરી ગણો જોઉં. એણે જોયું કે ગણનારો પોતાને છોડીને બાકીના નવને જ ગણતો હતો ! દરેક જણ એમ જ કરે : નવને ગણે ને પોતાને ન ગણે ! પેલાએ ભૂલ સમજાવી, દસેદસ ગણી બતાવ્યા ને રસ્તે પાડ્યા.

આજે આપણા દેશમાં પણ દરેક માણસને એ દશમ ન્યાયનો વ્યાધિ લાગુ પડ્યો છે. દરેક જણ કકળાટ કરે છે કે દેશ અનીતિને માર્ગે ચડી ગયો છે; લાંચરૂશ્વતનો પાર નથી, રાજતંત્ર ઢીલું થઈ ગયું છે; પ્રજાસેવકો સત્તા અને ભોગ-લાલસાને ચાળે ચડી ગયા છે. ગામગોંદરે, ચૌટે-ચકલે, રેલ-બસમાં, શેરી-ગલીઓમાં, સભા-સંમેલનોમાં કે છાપાં-વ્યાસપીઠેથી, એક જ ફરિયાદ નીકળે છે કે સૌ ચાતરી ગયા; ગાંધીજીનું શીખવેલું બધું ભૂલી ગયા; સત્તા ને સુખચેનના મોહમા લપટાઈ પડ્યા. એમાં દરેક જણ કહે છે તો 'આપણે'; પણ, 'મારા સિવાય બીજા બધા' એટલા શબ્દો એમાં અધ્યાહાર હોય છે !

ખૂબી તો એ છે કે આ વાત કરનારો હરેક માણસ ન્યાયનો બંદો છે, દરેકને પક્ષપાતની સૂગ છે, પ્રત્યેક જણ અન્યાયનો શત્રુ છે ! પણ દેશ આખામાં એકેએક જણ જો આટલો ન્યાયપ્રિય ને સદાચારી છે તો પછી આટલી અનીતિ ને અંધાધૂંધી આવ્યાં ક્યાંથી ? અને બીજી ખૂબી એ છે કે અન્યાય-અનાચારનો વિરોધ દરેક જણ કરે છે, પણ એનું નિવારણ કરવાની જવાબદારી પોતાની નથી, બીજાની છે એમ જ દરેક જણ સમજે છે ને પોતાને હમેશાં એમાંથી બાકાત રાખે છે.

આનું જ નામ દશમ ન્યાય છે. આજે આ બીમારી આખા દેશમાં ફેલાઈ છે. બીજાના ગુનાઓ માટે બળતરા કરતો દરેક જણ જો પોતાથી સુધારાની મક્કમ શરૂઆત કરે તો જ આનો અંત આવે. આ અત્યંત ધીમો પણ રામબાણ ઉપાય છે. ['સર્વોદય' ઉપરથી]

મુંબાઈના વડા

મુંબાઇના વડા પ્રધાન તો એ આજે થયા; પણ છેક ૧૯૩૭માં જ્યારથી એમને પહેલું મહેસુલી પ્રધાનપદ મળ્યું ત્યારથી જ મુંબાઈના પ્રધાનમંડળમાં એમની શક્તિમત્તાનો એટલો પ્રભાવ પડેલો કે તે, વગર અગ્રણી બન્યે અગ્રપદે રહેતા; અને છેલ્લા પ્રધાનમંડળમાં તો પ્રાંતના સમસ્ત કારભાર પર એમની એવી છાપ પડી કે તે જ જાણે વડા પ્રધાન ન હોય! મહારાષ્ટ્રમાં તો લોકો મુંબાઈના પ્રધાનમંડળને કટાક્ષમાં 'મોરારજી મિનિસ્ટ્રી' પણ કહેતા!

આ પ્રભાવ જેટલો એમની પ્રતિભાનો તેટલો જ એમની ઉગ્રતા અને આગ્રહીપણાનો પણ ખરો: પોતાને જે સત્ય લાગે તેને માટેનો મક્કમ અને અણનમ આગ્રહ, અને અનિષ્ટ માટેનો ઉગ્ર પ્રકોપ. લોકનજરમાં એમને અળખામણા બનાવનારી આ ઉગ્રતા અને આગ્રહીપણું, ઘણા માને છે તેમ, એમના સત્તાસ્થાનમાંથી નહિ, પણ મુશ્કેલી સામે બાથ ભીડનાર તેજસ્વી જીવનઘડતરમાંથી આવ્યાં છે.

સુરત જિલ્લાના વલસાડ તાલુકામાં, ઔરંગા નદી અને અરબ્બી સમુદ્ર વચ્ચેના એક ખૂણે આવેલા ભદેલી ગામના એક મધ્યમ વર્ગના કુટુંબમાં, ઈ. ૧૮૯૬ના ફેબ્રુઆરીની ૨૯મીએ એમનો જન્મ થયો. એમના પિતા રણછોડજી નાગરજી દેસાઈ પણ બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા; પરંતુ પિતા (નાગરજી)ના અવસાનને લીધે એ વખતની પ્રીવિયસની પરીક્ષા પસાર કરીને તરત એમને અભ્યાસ પડતો મૂકી ભાવનગર રાજ્યમાં શિક્ષકની નોકરી લેવી પડી, જ્યાં જીવનના છેલ્લા દિવસોમાં તેમને માત્ર ૪૦ રૂપિયાનો પગાર મળતો. છતાં તેમનું વ્યક્તિત્વ બહુ વિશિષ્ટ અને સ્વભાવ ધર્મનિષ્ઠ હતો; એ જ રીતે મોરારજીભાઇનાં માતા વિજયા બહેનનો સ્વભાવ પણ સત્યનિષ્ઠ, દૃઢાગ્રહી અને સ્વમાન માટે મોતનો પણ સામનો કરવા તત્પર થાય તેવો હતો. મોરારજીભાઇના સ્વભાવમાંની ચીડિયાપણાની હદે જતી નીતિચુસ્તતા અને ઉગ્રતા એ બંનેના સ્વભાવનો વારસો છે.

મુરારિ-(મુર નામના રાક્ષસના અરિ એવા વિષ્ણુના નામ) પરથી પડેલા 'મોરાર' કે મોટે ભાગે 'મોરે' નામથી બાળપણમાં ઓળખાતા મોરારજી એ કાળથી જ ખૂબ ચબરાક અને હોશિયાર હતા. વલસાડની આવાબાઈ હાઈસ્કૂલમાં એ આગળપડતા વિદ્યાર્થી હતા; તેવા જ ઘેર અત્યંત પરિશ્રમી, આજ્ઞાપાલક અને વડિલો પ્રત્યે પૂજ્યભાવ ધરાવનાર બાળક હતા. ઘરના સૌથી મોટા પુત્ર તરીકે તે મા ને દાદીને દહીં વલોવવામાં મદદ કરતા, રસોઈ માટે લાકડાં ચીરતા અને ઢોરને પાણી પાવા પણ લઇ જતા. રોજ બ્રાહ્મમુહૂર્તે ઊઠતા, સંધ્યાવંદન કરતા ને જમતી વખતે અબોટિયું પણ પહેરવાનો આગ્રહ રાખતા. આચારે ધર્મનિષ્ઠ, સ્વભાવે સત્યનિષ્ઠ અને જીવનમાં સાદા એ આદર્શ પુત્રથી એમના મામા તો એટલા પ્રસન્ન હતા કે એમને 'દેવ' કહીને જ બોલાવતા; અને આજે પણ એ નામે એમને બોલાવવામાં તેઓ ગર્વ અનુભવે છે.

અભ્યાસમાં સદાના તેજસ્વી મોરારજી ૧૫ વર્ષની વયે તો મૅટ્રિકમાં આવ્યા, પણ એ વખતના ધારા પ્રમાણે ૧૬ વર્ષની વય વિના મૅટ્રિકની પરીક્ષા આપી શકાતી ન હોઇને બીજે વર્ષે ૧૯૧૧માં તે મૅટ્રિકમાં ઉત્તીર્ણ થયા. એ વખતે એમનો નંબર પહેલા પચાસમાં હતો.

આવા જીવનની જાણે કસોટી કરવાની હોય તેમ, બરાબર એ જ વખતે એમના પર કુદરત રૂઠી: એમના પિતા રણછોડજીનું ૪૮ વર્ષની વયે અવસાન થયું, અને ઘરના સૌથી મોટા પુત્ર તરીકે વૃદ્ધ દાદીમા, વિધવા માતા, ત્રણ ભાઇઓ અને ત્રણ બહેનોના બહોળા કુટુંબની જવાબદારી એમના ઊગતા ખભા પર આવી પડી. પૈસો ભેગો કરવામાં ધર્મનિષ્ઠ પિતાને રસ જ નહોતો, એટલે કુટુંબની સ્થિતિ નાજુક હતી. અધૂરામાં પૂરું પિતાએ દસ વર્ષની એક બાળા સાથે એમનો વિવાહ પણ કરી રાખેલો, અને અગાઉની ગોઠવણ પ્રમાણે પિતાના અવસાન પછીના ૭૨ કલાકમાં જ એમનાં લગ્ન લેવાયાં.

પણ પ્રબળ ઇચ્છાશક્તિ અને પરિશ્રમી જીવન વડે એમણે એ કૂમળા ખભાને ખડતલ બનાવી જીવનનો ભાર વહ્યો. મુંબાઈની ગોકુલદાસ તેજપાલ બોર્ડિંગમાં મફત રહેવાની સગવડ મળતાં એમણે વિલ્સન કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો અને ત્યાં પણ એ જ ઉચ્ચ ધોરણ જાળવી રાખ્યું. ક્રિકેટ, ટેનીસ અને કૉલેજની બીજી પ્રવૃત્તિઓમાં પણ તે ભાગ લેતા. જીવનમાં સાદાઇ તો પ્રથમથી જ હતી, એટલે કૉલેજના સામાન્ય છેલબટાઉ જીવનથી ઉલટું અહીં એમણે શરીરને કસરત વડે કસે ચડાવ્યું અને અવારનવાર કુસ્તીમાં પણ ઊતરતા. ઉપરાંત કૉલેજ તરફથી ચાલતી હિંદ સંરક્ષણ દળ માટેની 'યુનિવર્સિટી ટ્રેઇનિંગ કોર્પ્સ'ની લશ્કરી તાલીમી ટુકડીઓમાં પણ તે જોડાએલા અને તેમાં વાઇસરૉયના કમિશન્ડ ઑફિસર બનેલા. એમનું મિત્રમંડળ બહોળું હતું અને પ્રાધ્યાપકોમાં પણ તે પ્રિય હતા. બીજી બાજુ, આર્થિક મુશ્કેલી ભોગવતા કુટુંબને મદદ કરવાનું પણ ચાલુ જ હતું.


ઈ. ૧૯૧૭માં મુખ્ય વિષય ફીઝિક્સ લઈને તે બી. એ. માં પહેલા વર્ગમાં ઑનર્સ સાથે પાસ થયા ને કૉલેજના દક્ષિણા ફેલો નિમાયા. દરમ્યાન ઇંગ્લંડ જવા માટે શિષ્યવૃત્તિનો પ્રસ્તાવ આવ્યો. તેઓ પણ આઈ. સી. એસ. થવા ત્યાં જવા ઇચ્છતા હતા; પરંતુ આર્થિક સ્થિતિ, કુટુંબની જવાબદારી અને નાના ભાઇઓના શિક્ષણના પ્રશ્નોએ તેમનો એ વિચાર પડતો મુકાવ્યો. એટલામાં તો તેમની આવી તેજસ્વી કારકિર્દીને લીધે તેમની પ્રાંતિક સિવિલ સર્વિસ માટે સીધી પસંદગી થઇ અને તે ડેપ્યુટી કલેક્ટર બન્યા.

બ્રિટિશ શાસનના એ કાળમાં પણ એ આદર્શવાદી જુવાન અમલદારે પ્રજાસેવાની જેટલી તકો મળી તે ઝડપી લીધી, અને ખેડા, થાણા, ભરૂચ, પંચમહાલ અને અમદાવાદ જ્યાં જ્યાં એમણે કામ કર્યું ત્યાં ત્યાંના લોકોનાં માન અને પ્રેમ જીતી લીધાં.

પણ ભાવિનું નિર્માણ કાંઈક જુદું જ હતું. એમના માટે કેવળ કલેક્ટરી નહિ પણ રાજ્યનું મહા-અમાત્યપદ લખાયું હતું, એટલે ગોધરાનાં કોમી રમખાણ અંગે એમના ઉપરીઓ સાથે એમને ઝગડો ઊભો થયો. મોરારજીએ જે કડક હાથે એ હુલ્લડને દાબી દીધું એ પગલું અધિકારીઓને ન રૂચ્યું. તેમની વિરુદ્ધ ઉચ્ચ સત્તાવાળાઓને ફરિયાદો પહોંચી. તેઓ પોતે પણ સરકારની નીતિરીતિથી નિરાશ થયા હતા. બીજી બાજુ એ જ ગાળામાં ગાંધીજીએ વિખ્યાત દાંડી કૂચ આરંભી હતી અને રાષ્ટ્રીય લડત અણધાર્યો વેગ પકડતી જતી હતી.

આ બધી પરિસ્થિતિ જોઈને, એમણે આશાસ્પદ ભાવિની દરકાર કર્યા વિના ઈ. ૧૯૩૦ના મેની ૧૮મી તારીખે અમદાવાદમાં સરકારી નોકરીનું રાજીનામું આપી દીધું. તે વખતે વતનમાં તેમનો પુત્ર બીમાર હતો એટલે તેઓ ભદેલી જવા ઊપડયા; પરંતુ ત્યાં તો પુત્રના

પ્રધાન મોરારજી દેસાઈ



અવસાનના સમાચાર જ તેમની રાહ જોતા હતા. ૧૯૩૦ની ૨૧મી મેનો એ દિવસ: મૃત પુત્રની પાસે બેસી એમણે 'રઘુપતિ રાઘવ'ની ધૂન લગાવી. નોકરી અને પુત્ર બંને ગુમાવ્યાની આ સ્થિતિમાં પણ એમણે હૈયું કઠણ કરીને આંખમાં આંસુ સરખું આવવા દીધું નહિ.

લાગલા જ તેઓ હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)માં જોડાયા અને ત્રણ જ માસમાં ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી બન્યા. નોકરીમાંથી મુક્ત થતી વખતે પ્રોવીડન્ટ ફંડની મળેલી થોડી રકમ સિવાય પાસે બીજી કાંઈ આવક તો હતી નહિ, એટલે અમદાવાદમાં જ પોતાના ભાઈ સાથે રહીને એમણે આખો સમય કૉંગ્રેસકાર્યને જ આપ્યો. ગુજરાતની કૉંગ્રેસની જે શિસ્ત અને શક્તિ ત્યાર પછી હિંદભરમાં વખણાતાં આવ્યાં છે તેની પાછળનો સંગઠનનો યશ સરદારથી બીજે નંબરે એમને ફાળે જાય છે.

એ પછીનું એમનું જીવન જાહેરજીવન હોઈ મોટે ભાગે જાણીતું છે. ૧૯૩૦માં, જીવનમાં પહેલી વાર એમને ત્રણ માસ માટે જેલ મળી, અને જેની એમણે અમલદારી કરેલી એના જ કારાવાસમાં એ કેદી તરીકે ધકેલાયા. તે પછી ૧૯૩૨ અને ૩૩માં દોઢ અને બે વરસની સજાઓ મળી. જોકે જેલમાં પણ તે આદર્શ કેદી તરીકે જ વર્તતા. સારો ખોરાક મળતો તે છોડીને 'ક' વર્ગના દાળ રોટલા એમણે ઉમંગપૂર્વક ચાલુ રાખેલા. જેલના બધા નિયમો કડકપણે પાળતા અને સાબુને બદલે દિવેલ લગાવીને હજામત કરતા. જેલના અધિકારીઓ પણ તેમના પ્રત્યે માનભર્યો વર્તાવ રાખતા અને રાજદ્વારી કેદીઓની બાબતમાં તેમની સલાહ લેતા.

આ સમય દરમ્યાન એમણે જીવનને સાદું અને તપોમય બનાવવા માત્ર શેતરંજી પર સૂવાનું શરૂ કર્યું, ખાંડ ખાવાની તદ્દન છોડી દીધી અને ત્રણ વરસનું અલૂણાવ્રત પાળ્યું. એક વખત અબોટિયાનો આગ્રહ રાખનાર 'ધર્મનિષ્ઠ' વિદ્યાર્થી એટલા વિશાળ અર્થમાં હિંદુ બન્યા કે સામાન્ય હિંદુત્વની નિશાની જનોઈનો પણ એમણે ત્યાગ કર્યો. પોતાના વાળ પોતાને હાથે જ કાપવા માંડ્યા અને સાપ્તાહિક મૌનનો કાર્યક્રમ શરૂ કર્યો. આમાંની મોટા ભાગની જીવનપદ્ધતિ આજે વડા પ્રધાન બન્યા પછી પણ એમણે ચાલુ રાખી છે. આજે સવારે છ વાગ્યે એ જાગે છે; થોડો સમય પ્રાર્થના કરે છે; વીસેક મિનિટ સુધી કસરત કરે છે, સમય મળે તો એકાદ કલાક કાંતે છે, અઠવાડિએ એક ઉપવાસ કરે છે, રસોયો રાખતા નથી, હજી પણ કેશ હાથે કાપે છે અને ખાંડ ખાતા નથી. દિવસભરના ભરચક્ક કાર્યક્રમ પછી રાત્રે ૧૧ વાગ્યે હજી પણ માત્ર શેતરંજી ઉપર જ નિદ્રાધીન થાય છે.

રાષ્ટ્રીય લડતમાં તે જેમજેમ ઓતપ્રોત થતા ગયા તેમતેમ ગાંધીવાદી વિચારસરણીની વધુ ને વધુ નજીક જતા ગયા. ગુજરાતના ગામેગામ પ્રવાસ કરી તેમણે ઘેરઘેર કૉંગ્રેસનો સંદેશ પહોંચાડ્યો, અને જે જનતામાં અમલદાર તરીકે લોકપ્રિયતા મેળવી હતી તેથી વધુ વિશાળ જનતાના પ્રેમ અને માનના તે ભાજન બન્યા.

અખિલ હિંદ કૉંગ્રેસ મહાસમિતિના સભ્ય તો તે ૧૯૩૦થી જ થયા હતા. ત્યારથી ધીમેધીમે રાષ્ટ્રના રાજ્યક્ષેત્રમાં પણ તેમનું સ્થાન ગણનાપાત્ર થતું ગયું, અને સરદારની પછી કૉંગ્રેસ કારોબારીમાં તેમને લેવામાં આવ્યા તેમજ કૉંગ્રેસનું ખજાનચીપદ પણ તેમને મળ્યું.

૧૯૩૭માં સુરત જિલ્લા ગ્રામમતદાર વિભાગમાંથી તે ધારાસભામાં ચુંટાયા અને એ સાલમાં કૉંગ્રેસે જે પહેલાં પ્રધાનપદ સ્વીકાર્યાં તેમાં તરત જ એ મહેસુલ ને જંગલખાતાના પ્રધાન થયા. ૧૯૩૯માં કૉંગ્રેસે પ્રધાનપદ છોડી દીધાં તે સાથે ફરી એમણે કૉંગ્રેસનું કામ ઉપાડી લીધું ને ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ કરી ફરી જેલ ગયા. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળ પછી ૯મી ઑગસ્ટની દેશવ્યાપી ધરપકડોમાં એમની પણ થઈ ને ૧૯૪૫ સુધી તે અટકાયતમાં રહ્યા, જ્યાંથી છૂટ્યા બાદ ૧૯૪૬માં ફરી મુંબઈ ધારાસભામાં ચુંટાઈ આવીને મહેસુલી પ્રધાન ઉપરાંત ગૃહપ્રધાન બન્યા.

એમનાં બે વખતનાં પ્રધાનપદ દરમ્યાન, ડેપ્યુટી કલેક્ટર તરીકેનો સરકારી તંત્ર-સંચાલનનો એમનો અનુભવ અને એમનું તલસ્પર્શી જ્ઞાન ઘણાં ઉપયોગી નીવડ્યાં અને મહેસુલી વહીવટમાં એમણે કેટલાક ક્રાંતિકારક સુધારા કર્યા. એમણે દાખલ કરેલો ગણોતધારો, પોલીસ અને જેલખાતાના વહીવટી સુધારા, ભાડાનિયમનધારો, દ્વિપત્ની પ્રતિબંધક કાયદો, ધીરાણધારો અને દારૂબંધીમાં સાથ વગેરે માટે એમને યશ અને અપયશ બંને મળ્યાં છે અને પ્રબળ વિરોધ સામે એ પોતાની સ્વભાવસિદ્ધ અડગતાથી મક્કમ પણ રહ્યા છે.

રાજ્યના ગૃહ અને મહેસુલી જેવાં બે મોટાં અને મહત્ત્વનાં ખાતાંઓનો બેશુમાર બોજો માથે હોવા છતાં અવિશ્રાંત કાર્યશક્તિ, અજબ હૈયાઉકલત, આદર્શ માટેનો દૃઢાગ્રહ અને જન્મજાત હોય એવી વહીવટી દક્ષતા દાખવીને એમણે જે મજબૂત હાથે મુંબાઈ રાજ્યને કોમી હુલ્લડો અને આંતરિક અશાંતિમાંથી ઉગારી લીધું છે એની કિંમત તો બીજાં રાજ્યોની સ્થિતિ સાથે સરખામણી કરીએ ત્યારે સમજાય. ભારતભરનાં રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની એમની શક્તિની બૂજ ઘણી ઊંચી અંકાય છે.

આણીશુદ્ધ પ્રામાણિકપણું, અંગત જીવનમાં કડક સાદાઈ, ને દક્ષતાભર્યો મક્કમ તંત્રવહીવટ, એ એમના ગુણોનો નિર્વિવાદ સ્વીકાર કરવા

છતાં તટસ્થ માણસને પણ ઘણીવાર દ્વિધામાં નાખી દેનારો ઉગ્ર સ્વભાવ ધરાવનાર મોરારજીભાઇ સામાન્ય અર્થમાં 'લોકપ્રિય' ન થયા હોય તો એમાં કોનો દોષ એ શોધવું મુશ્કેલ નથી.

આજ સત્તાવન વર્ષની વયે પણ એ જુવાન લાગે છે. શરીર સુંદર સુદૃઢ અને એમના હાથમાંની લાકડી જેવું ટટ્ટાર છે. એવો જ અક્કડ એમનો અવાજ અને સત્તાવાહી એમનો સ્વભાવ છે. એની પાછળ આદર્શવાદે ઘડેલા જીવનનું અને મેળવેલી સત્તાનું પીઠબળ છે. ઊણપો પ્રત્યેની અસહિષ્ણુતા એમને ઘણી વાર અણઘટતા ઉગ્ર બનાવે છે. ઘણાની વાતોમાં એમને પહેલી નજરે ભૂલો જડે છે અને સખ્ત જડતી લઇ નાખે છે. પરંતુ કોઇ એમને સહેજ વારે તો એ સહેલાઈથી વળે છે. શરત એટલી કે એમનો આવેગ ઝીલી લેવો જોઇએ, એમના તરફ પડકાર કે દ્વેષભાવ નથી એ સ્પષ્ટ થવું જોઇએ. નમતું જોખવાની, ચલાવી લેવાની, છૂટ મૂકવાની એમને ટેવ નથી. મોટાની મોટાઈ કે નાનાની ઊણપ એમને ચાલતી નથી. અંગત જીવનમાં એમણે તપસ્વીની કડક સાદાઈ રાખી છે. સ્વાદ નહિ, રાગ નહિ, શોખ નહિ. બીજાને સુધારવાની એમને સ્વાભાવિક ઇચ્છા થાય, પરંતુ બીજા સમજે કે વર્તનમાં ઉતારતાં ઢીલ કરે એ એમને ન પોસાય. એ બોલે છે ચેતવણીરૂપે, ત્યારે લોક માને છે ધમકીરૂપે અને ગભરાય છે ને ગુસ્સો કરે છે. એમની આગળ એવાઓની વિસાત નથી. એવું ઘણું હશે જે એમને વાજબી લાગે છે છતાં લોકો ઉપર ઠોકી બેસાડતા નથી. એમણે તો કુટેવો કાઢવા માંડી છે ને કાઢીને જ જંપવાના છે. લોકોને કહેવું હોય તે કહે!

ગઇ ચૂંટણીમાં કૉંગ્રેસે થોડીક બેઠકો ગુમાવી તેમાં એક બેઠક એમની હતી. બધા ભૂલી ગયા કે એ બેઠકમાં કૉંગ્રેસ હારી. સહુએ એમ જ શોર મચાવ્યો કે મોરારજીભાઇની હાર થઈ. એમણે પોતાના એ રાજકીય ફટકાને શિરોધાર્ય સ્વીકારી લીધો અને નમ્રપણે કહ્યું પણ ખરુ કે 'મારી ગફલતનું મને ફળ મળ્યું છે.'


૧૯૩૮માં મહેસુલી પ્રધાન હતા ત્યારે : ફોટો · નરેન્દ્ર રાવળ(અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશનના સૌજન્યથી)

રચનાત્મક કાર્યોવાળા એમને પોતાના ગણે છે. ગ્રામોદ્યોગમાં એ ખરા, કાંતણયજ્ઞમાંયે ખરા હિંદુસ્તાની પ્રચારમાં, ગુજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય શાળાઓમાં, હરિજનસેવાકામોમાં, નવજીવન ટ્રસ્ટમાં, એમ કૈંક પ્રવૃત્તિઓ સાથે એ સંકળાએલા રહે છે. સત્તા ને સેવા વચ્ચેની સમતુલા એ સાચવતા લાગે છે. પરિણામે સેવા એમની ઢાલ બની રહી છે ને સત્તા એમની તલવાર. જ્યાં જે વેળાએ ધરવાયોગ્ય હોય ત્યાં એ ફાવતું સાધન વાપરે છે.

પણ આટલી બધી સત્તા અને શિસ્ત છતાં તે જેનું યોગ્ય વાહન બના રહે એવાં સ્વપ્નાં છે ખરાં? ગુજરાતની અસ્મિતા, એના ઉમંગના થડકાર, એના ગૌરવનો ઉલ્લાસ ક્યાં છે? એના વાણિજ્યની શુદ્ધિ, એના ધર્મને નવપલ્લવિત કરવાની, એના ઘડતરમાં પ્રાણ પૂરવાની, એના શિક્ષણમાં બળ અને એના સૌંદર્યનો વિકાસ કરવાની–ભાવિ ગુજરાતનું સ્વપ્નું ઘડવાની પ્રવૃત્તિ ક્યાંય જણાય છે ખરી? કે પછી એમને ગુજરાતના મટી જઇને સમગ્ર ભારતવર્ષના જ થવું છે?

['હિંદુસ્તાન', 'જનતા' વગેરેમાં આવેલી સામગ્રીઓને આધારે]

કલાભારતી

કુમારના વાચકોને સુપરિચિત અને લોકપ્રિય થઈ પડેલાં રેડિયો-રૂપકો 'મેઘનો કવિ' અને 'વિશ્વામિત્ર'ના

લેખક શ્રી 'બૃહસ્પતિ'

નું, લખનૌ અલ્લાહાબાદ પટણા વગેરે રેડિયો પરથી પ્રસારિત અને

એમને મતે પોતાનું શ્રેષ્ઠ રેડિયો-રૂપક

•

અનુવાદક

ગુણવંતલાલ છો. શાહ

પાત્ર-પરિચય

મહારાજ જયંતચંદ્ર
(કાન્યકુબ્જ-નરેશ)

આચાર્ય શ્રીહર્ષ
(પ્રસિદ્ધ કવિ, વિદ્વાન, રાજનીતિજ્ઞ)

મહામાત્ય વિદ્યાધર
(કાન્યકુબ્જનો મહામંત્રી)

કુમાર મેઘચંદ્ર
(કાન્યકુબ્જ-નરેશનો જ્યેષ્ઠ પુત્ર)

મહાદેવી કલાભારતી
(કાન્યકુબ્જ-નરેશની નવપરિણીતા)

કેશિની
(કલાભારતીની સખી)



અપમાનિત નારી ભયંકર બની જાય છે, શ્રીહર્ષ!

[૧]

મેઘચંદ્ર : આશ્ચર્ય થાય છે, ગુરુદેવ! મને આ ઘટનાઓ વિષે જરા યે ખબર નથી! આજે પૂજન સમયે પણ આપ વ્યગ્ર જણાતા હતા.

શ્રીહર્ષ : તમને આ વાતનો ખ્યાલ ન જ હોય, કુમાર. મદિરાના આસ્વાદમાં લીન કાન્યકુબ્જ-નરેશ એવું શા માટે ચિતવે કે પોતાનો પુત્ર રાજકાજમાં ધ્યાન આપે?

મેઘચંદ્ર : પિતૃચરણની...આચાર્ય નિંદા કરે છે?

શ્રીહર્ષ : ભાવનાવશ ન થાઓ, કુમાર. શ્રીહર્ષ સત્ય કહે છે, પછી ભલે તે કડુ હોય. ભારતની સીમા ઉપર નિરંતર અરાજકતા રહે છે, અનાર્યોના ઉત્પાતથી વાયવ્ય પ્રદેશની પ્રજા ત્રાહીત્રાહી પોકારે છે, બાળકો ને વૃદ્ધોના પણ પ્રાણ સંકટમાં છે, આર્ય નારીઓનું સતીત્વ અત્યાચારીઓના હાથનું રમકડું થઇ ગયું છે. હમણાં સાંભળ્યું છે કે તક્ષશિલાનો જગ-પ્રસિદ્ધ ગ્રંથાગાર ભસ્મ કરી નાખ્યો છે. નામનો ગુરુકુળ જ બાકી છે. કાન્યકુબ્જના પાટવી હોવાના કારણે રાષ્ટ્રને તમારા ઉપર ઘણી આશાઓ છે. રાષ્ટ્ર તો પિતાનો પણ પિતા છે. મહારાજ જયંતચંદ્ર વિલાસી છે, ને વિલાસ તો રાજ્યોને ડુબાડી દે છે.

મેઘચંદ્ર : આશ્ચર્ય! આપ શાપ આપી રહ્યા છો?

શ્રીહર્ષ : શાપ નથી આપતો, પરંતુ આવી દશા રહેશે તો ભવિષ્ય-કથન ચોક્કસ કરી રહ્યો છું.

મેઘચંદ્ર : આજે આપ કંઈક વધુ વિક્ષુબ્ધ જણાઓ છો. કંઇ વિશિષ્ટ ઘટના બની છે કે શું?

શ્રીહર્ષ : અહીંઆ તો ઘટનાઓની મોટી શૃંખલા છે, એક હોય તો ઠીક. મહારાજનો મુખ્ય સહચર પદ્માકર જ્યાં સુધી અહીં છે ત્યાં સુધી કાન્યકુબ્જના રાજસૂર્યને ગ્રહણ લાગ્યું છે એમ માનજો. મહારાજના માટે હવે તે એક નવી સ્ત્રી લાવનાર છે.

મેઘચંદ્ર : અંતઃપુરમાં અનેક સ્ત્રીઓ છે એમાં એકનો વધારો.

શ્રીહર્ષ : નહિ કુમાર. તે કંઇ સાધારણ સ્ત્રી નથી. આવતાં જ કાન્યકુબ્જનું પટ્ટમહિષી પદ માતાજી પાસેથી લઇને એની પાસે જતું રહેશે.

મેઘચંદ્ર : એટલે?

શ્રીહર્ષ : પદ્માકરે અણહિલપુર પાટણની નદીના તટ ઉપર એક ધોબીને લૂગડાં ધોતો જોયો. તેનાં મેલાં કપડાંઓમાં એક સાડી હતી જેની આસપાસ ભ્રમરો ફરતા હતા. પદ્માકરે અનુમાન કરી લીધું કે

એ વસ્ત્ર કોઈ પદ્મિની સ્ત્રીનું છે, કેમકે પદ્મિનીના પ્રસ્વેદ અને શરીરમાંથી કમળના જેવી ગંધ આવતી હોય છે.

મેઘચંદ્ર : વિચિત્ર વાત છે!

શ્રીહર્ષ : ધોબીની સહાય લઈને પદ્માકરે એ સ્ત્રીને જોઈ લીધી, અને તે સ્ત્રી એક વૃદ્ધ શ્રેષ્ઠીની વિધવા છે તથા મહાવિદુષી હોવાથી પોતાને 'કલાભારતી' તરીકે ઓળખાવે છે એ પણ જાણી લીધું.

મેઘચંદ્ર : તે પુનર્વિવાહ કરશે ખરી?

શ્રીહર્ષ : એમ જ બનશે. તે વિલાસ-પ્રિયા હોય એમ લાગે છે.

મેઘચંદ્ર : જે પોતાના પ્રકાંડ પાંડિત્યના કારણે કલાભારતી કહેવાય છે એવી વિદુષીનાં વિધવા-લગ્ન એ આશ્ચર્યજનક હકીકત છે.

શ્રીહર્ષ : દરેક સ્ત્રીના માટે વૈધવ્ય પછીનું સંયમી જીવન આમ તો કઠણ છે; એમાંયે વૃદ્ધની પત્નીઓને અતૃપ્ત વાસના હોય છે. પદ્માકરે કલાભારતીને પટ્ટમહિષીપદનો લોભ બતાવીને મહારાજની અંકશાયિની બનાવવાનો નિરધાર કર્યો છે. આ નૈવેદ્યની પ્રાપ્તિ થતાં જ મહારાજ એ નીચ ઉપર કૃપાની વર્ષા કરવા લાગશે.

મેઘચંદ્ર : આમાં તો માતાજીનું સ્પષ્ટ અપમાન છે.

શ્રીહર્ષ : શાસ્ત્રકારોએ કહ્યું છે કે 'વૃદ્ધના માટે તરુણી વિષ સમાન છે.' મહારાજ કલાભારતીને પ્રસન્ન રાખવા તેની આંગળીએ નાચશે.

મેઘચંદ્ર : આનો ઉપાય...

શ્રીહર્ષ : આપણે મહામાત્ય વિદ્યાધર સાથે મંત્રણા કરી જોઈશું.

મેઘચંદ્ર : જેવી આચાર્યશ્રીની ઈચ્છા. [વિદ્યાધરનો પદ-ધ્વનિ]

મેઘચંદ્ર : લ્યો, આ એમને સંભારતાં જ આવી ગયા.

વિદ્યાધર : નમસ્કાર, આચાર્યશ્રી!

શ્રીહર્ષ : કલ્યાણ; અમે આપની જ વાત કરી રહ્યા હતા.

મેઘચંદ્ર : પદ્માકર પિતાજી માટે જે ઉપહાર લાવનાર છે એ વિષે...

વિદ્યાધર : 'લાવનાર છે' એમ નહિ, 'લઈ આવ્યો છે' એમ કહો.

શ્રીહર્ષ : શું કલાભારતી આવી ગઈ?

વિદ્યાધર : હા, અને નગરની બહાર મહારાજના ઉદ્યાનમાં તેના રહેવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

મેઘચંદ્ર : ત્યાં કેમ? અંતઃપુરમાં રાખવામાં પિતાજીને સંકોચ છે?

વિદ્યાધર : (હસીને) ધૈર્ય રાખો, કુમાર. કલાભારતી એક દિવસ અંતઃપુરમાં જ આવીને રહેશે.

શ્રીહર્ષ : પદ્માકર કુટિલ છે. પાપી પોતાના પાપને સમજતો હોય છે. તેણે વિચાર્યું હશે કે કલાભારતીના આગમનની વાતો નગરમાં ઠંડી પડ્યા પછી જ તેને રાજપ્રાસાદમાં લાવવી ઉચિત છે.

મેઘચંદ્ર : હવે શું થશે, આચાર્ય?

શ્રીહર્ષ : રાષ્ટ્રકલ્યાણને ખાતર આપણે સઘળું સહન કરવું પડશે. એના સિવાય બીજો કોઈ ઉપાય નથી.

વિદ્યાધર : મહારાજ પણ અહીંઆ છે. કલાભારતીના સ્વાગતમાં આજે સંગીત અને નૃત્યનું આયોજન કરવામાં આવ્યું છે. સંભવ છે કે આપને પણ નિમંત્રણ મળે.

શ્રીહર્ષ : મને ત્યાં નિમંત્રવાનું મહારાજમાં સાહસ નથી.

વિદ્યાધર : ત્યાં કાવ્યપાઠનું પણ આયોજન થાય એવો સંભવ છે.

શ્રીહર્ષ : કલાભારતી જેવી સ્ત્રીઓને પ્રસન્ન કરવા માટે કદચન પંડિતનો પાઠ પર્યાપ્ત છે.

[૨]

[દૃશ્યાંતર સમયે પ્રવક્તાના સ્થાને મધુર વાદ્ય-સંગીત.]

કલાભારતી : શિષ્ટાચાર અને પ્રેમમાં અંતર છે, મહારાજ!

જયંતચંદ્ર : સર્વસાધારણની સન્મુખ કંઈ પ્રેમ વ્યક્ત ન થાય.

કલાભારતી : જો પ્રેમ હોય તો એ સદા મૂક ભાષામાં વ્યક્ત થાય છે. પરંતુ મહારાજે મારો સ્વીકાર માત્ર મનોરંજન અર્થે જ કર્યો છે ને?

જ૦ : આ શું બોલે છે, કલાભારતી! જયંતચંદ્ર તો તારો સેવક છે.

કલાભારતી : આવું કહેવાની પુરુષોને તો ટેવ હોય જ છે.

જયંતચંદ્ર : મારો પ્રેમ શું અભિનય પૂરતો છે?

કલાભારતી : વારુ, તો સત્ય કહો. આ પ્રકારનો પ્રેમાલાપ તમે અન્ય સ્ત્રી સાથે નથી કર્યો? તેના માટેનો પ્રેમ તમારે મન ભૂતકાળની વસ્તુ હોય તો શું મારે પણ એવા દિવસો નહિ જોવા પડે?

જયંતચંદ્ર : નહિ, અત્યાર સુધી તો હું પેલા પ્રાણી જેવો હતો જે પોતાની તૃષા તુષારબિંદુઓથી તૃપ્ત કરવાનો વ્યર્થ પ્રયત્ન કરતો હોય છે. તૃષાની વાસ્તવિક શાંતિ તો ગંગાની નિર્ગળ ધારા જ આપી શકે; અને હવે તે મને મળી ગઈ છે.

કલાભારતી : અર્થાત્ થોડાક દિવસોમાં આપની પિપાસા શાંત થઈ જશે, અને તે પછી શું થશે એની જ મને ચિંતા છે.

જયંતચંદ્ર : તને જીતવી મુશ્કેલ છે, કલાભારતી! વસ્તુતઃ આજ સુધી મારું મન ચંચળ થઈને આડુંઅવળું રખડ્યા કરતું હતું. તારાં દર્શન થયા પહેલાં મારા આત્માને સંતોષ મળ્યો ન હતો.

કલાભારતી : એ તો મને વશ કરવાના શબ્દો છે. આપ મહાદેવીને કેવી રીતે વશ કરો છો?

જયંતચંદ્ર : (હસીને) મહાદેવી? સમય થતાં જ એ પદ તારું થશે. તેને તો... હરિચર્યામાંથી સમય જ ક્યાં મળે છે?

કલાભારતી : (હસે છે)

જયંતચંદ્ર : અત્યારે એવી વાત મૂક. ચાલ, માધવીકુંજમાં બેસીએ.

[૩]

મેઘચંદ્ર : તો આચાર્યને કાશ્મીર મોકલવાનું ષડયંત્ર પદ્માકરનું છે?

વિદ્યાધર : હા, એ સત્ય છે. પરંતુ મહાકવિ બધું વિચારી વિચારીને કાશ્મીર ગયા છે. એ યાત્રાદ્વારા તેમને યવનોની ગતિવિધિનું નિરીક્ષણ કરવાનો અવસર મળશે.

મેઘચંદ્ર : એ તો આચાર્યશ્રીનો દૃષ્ટિકોણ થયો ને? પરંતુ પિતાજીએ એમને શા કારણે મોકલ્યા છે?

વિદ્યાધર : મહારાજને એમ સમજાવવામાં આવ્યું છે કે મહાકવિ કાશીમાં હશે તો કલાભારતીને પટ્ટમહિષી તરીકે ઘોષિત કરવામાં અડચણ ઊભી થશે.

મેઘચંદ્ર : અહીં આ આચાર્ય ભલે ન હોય, પણ આપણે શું ચૂપચાપ મહારાજનું મનમાન્યું કરવા દઈશું?

વિદ્યાધર : આચાર્યની ઈચ્છા છે કે આ સમયે આપણે મૌન રહીએ એ ઉચિત છે. ભારતમાં અન્ય કોઈ શક્તિશાળી રાજ્ય નથી ત્યારે કાન્યકુબ્જનો આ ગૃહકલેશ રાષ્ટ્રને માટે ઘાતક નીવડે તો?

મેઘચંદ્ર : આચાર્યની એવી ઇચ્છા હોય તો ભલે.

વિદ્યાધર : કલાભારતી ગર્ભવતી છે. જો પુત્રનો જન્મ થાય તો...

મેઘચંદ્ર : તો શું?

વિદ્યાધર : તો...(થોડી વાર પછી) કંઈ નહિ.

મેઘચંદ્ર : આપ આમ વાતને કેમ ટાળી રહ્યા છો?

વિદ્યાધર : ના, મને થયું કે મહિષી બન્યા પછી તે રાજમાતા બનવાની ઇચ્છા રાખે તો?

મેઘચંદ્ર : તમારું તાત્પર્ય એ છે કે કલાભારતી પોતાના પુત્રને યુવરાજ બનાવવાનો પ્રયત્ન કરશે?

વિદ્યાધર : હા, હું એ જ વિચારતો હતો. પરંતુ ચિંતા જેવું નથી. રખાતના પુત્રને પ્રજા યુવરાજ તરીકે સ્વીકારે એ અસંભવિત છે.

મેઘચંદ્ર : (હસીને) તમે ઘણી લાંબી વાત વિચારી રહ્યા છો. પહેલાં પુત્ર તો થાય, પછી યુવરાજપદને યોગ્ય બને, પછી જોયું જશે.

વિદ્યાધર : કલાભારતી સાધારણ બુદ્ધિની નથી. કુમાર! વારુ, ઈશ્વર રક્ષક છે. હું જાઉં છું. મહારાજની સેવામાં ઉપસ્થિત થવાનું છે.

[૪]

કલાભારતી : પદ્માકરનું અનુમાન સાચું હતું, કેશિની!

કેશિની : હવે તો પ્રમાણ પણ મળી ગયું, દેવી.

કલાભારતી : મૂર્ખ છે વિદ્યાધર! તે એટલું તો સમજે છે કે કલાભારતીએ કાન્યકુબ્જેશ્વરનું ચરણામૃત લેવા માટે સૌન્દર્યનો સાધન તરીકે ઉપયોગ નથી કર્યો. છતાં ય કલાભારતીના પ્રયોગને નિષ્ફળ કરવાનો પ્રયત્ન કરવો એમાં જ મૂર્ખતા રહેલી છે.

કેશિની : ચિંતાનો વિષય વિદ્યાધર નહિ પણ આચાર્ય શ્રીહર્ષ છે.

કલાભારતી : વિચિત્ર વાત છે. શ્રીહર્ષને હજી સુધી મેં જોયા નથી, છતાં એની પ્રતિભા વિષે ઘણુંઘણું સાંભળી ચૂકી છું.

કેશિની : એ માત્ર શ્રીહર્ષ નથી, પરંતુ નર-ભારતી શ્રી હર્ષ છે.

કલાભારતી : નરભારતીને કલાભારતી પારખશે. શ્રીહર્ષની કેટલી અવસ્થા હશે?

કેશિની : એમણે બ્રહ્મચર્યાશ્રમમાંથી હમણાં જ નિવૃત્તિ મેળવી છે. મહાકવિ અખંડ બ્રહ્મચારી છે. શરીરમાં તેજ તો જાણે સમાતું નથી. એના જેવો રૂપવાન પુરુષ હજી સુધી મેં ક્યાંય જોયો નથી. મહાકવિની કવિતા વશીકરણ છે, અને સંગીત મોહન.

કલાભારતી : (હસીને) તું એના પર અનુરક્ત તો નથી થઈ ને?

કેશિની : નહિ, પરંતુ...

કલાભારતી : કહે ને, ચૂપ કેમ થઈ ગઈ?

કેશિની : પ્રાણદાન મળે તો કહું.

કલાભારતી : (હસીને) લાગે છે કે કંઈક દુષ્ટતા સૂઝી છે તને! મનમાં જે હોય તે કહી નાખ.

કેશિની : વૃદ્ધ મહારાજના સ્થાન ઉપર મહાકવિ હોત તો દેવી કલાભારતી તેમનું ચરણામૃત અવશ્ય લેત.

કલાભારતી : છી:... એવો તે કેવો કામદેવ જેવો તારો શ્રીહર્ષ છે?

કેશિની : કામદેવને તો મેં જોયો નથી, પણ મને લાગે છે કે એ સુંદર હશે તો આચાર્યશ્રી શ્રીહર્ષ સમાન જ હશે.

કલાભારતી : તારા શ્રીહર્ષને પણ જોવો પડશે.

કેશિની : અરે, કલા તેને તો જોઈ જ રહેશે.

કલાભારતી : તું શ્રીહર્ષની દૂતી તો નથી ને?

કેશિની : દૂતીકાર્ય તો મારે તમારું કરવું પડશે! વારુ, એ તો કહો કે કલાભારતી 'મહાદેવી' ક્યારથી બને છે?

કલાભારતી : આ જ સપ્તાહથી.

કેશિની : આ દાસીને પુરસ્કાર શો મળશે?

કલાભારતી : (હસીને) શ્રીહર્ષ!

કેશિની : એને સંભાળીને રાખવાની યોગ્યતા મારામાં નથી. નરભારતીને બંધનમાં રાખવાનું કામ તો કોઈ કલાભારતીનું છે.

કલાભારતી : કહું તો ખરું કે કાશ્મીરથી એને આવવા દે; પછી જોજે એને કેવો નચાવું છું તે.

[૫]

મેઘચંદ્ર : તો પછી આચાર્યશ્રી અહીં ક્યારે પધારી રહ્યા છે?

વિદ્યાધર : કાશ્મીર-નરેશને હજી તેમને છોડવાની ઇચ્છા નથી. કુમાર, મારી તો ઈચ્છા છે કે તેઓ અહીં શીઘ્રતાથી આવી જાય.



શ્રી હર્ષનાં આ આંસુથી તારા આત્માને શાન્તિ મળો

આજે જ હું તેમને દૂત દ્વારા એક પત્ર મોકલું છું. તેમાં અહીંનું સમગ્ર વિવરણ લખીને યથાસંભવ શીઘ્રતાથી કાશી પધારવાની વિનતિ કરું છું. પંડિત ઉદયન પણ કલાભારતીના કુચક્રનો ભોગ થઈ પડ્યા છે.

મેઘચંદ્ર : એમ?

વિદ્યાધર : તેઓ કલાભારતીના પ્રભાવથી ઘણા પ્રભાવિત થયા છે.

મેઘચંદ્ર : અથવા તો આચાર્ય અને કલાભારતીને લડાવી મારવાનો ઉપાય શોધતા હશે. આચાર્યે તેમના સિદ્ધાંતનું ખંડન કર્યું છે એટલે તેમના મનમાં આચાર્યના પ્રતિ દ્વેષભાવ હોય તો આશ્ચર્ય નહિ. પદ્માકરની સાથે તેમને પહેલેથી ઘનિષ્ઠતા તો છે જ.

વિદ્યાધર : પદ્માકર આપાણી સ્પર્ધા કરે છે. પરાજિત ઉદયન કલાભારતીને મહાકવિ સાથે સંઘર્ષ કરવા પ્રેરિત કરે તો નવાઇ નહિ.

[૬]

[આરંભમાં થોડો સમય વીણાવાદનનો ધ્વનિ સંભળાય છે.]

જયંતચંદ્ર : સુંદર! સુંદર! આ વીણાને તારી સાથે પ્રેમ હોય એમ લાગે છે, કેમકે એને છેડતાં જ ખીલી ઊઠે છે. જાણે કે તારી કોમળ અંગુલિઓના મૃદુ સ્પર્શથી તેના અંતસ્તલમાં સ્વાભાવિક સ્પંદન થવા લાગે છે: વીણા પોતે જ ગાતી ન હોય એમ લાગે છે!

કલાભારતી : મારા અંકમાં સ્થાન મળતાં જ આ વીણા મારી અંતર્કથાને મૂક ભાષામાં સાંભળે છે, મહારાજ. અને ચિરસંગિની હોવાથી મારા જ આંતરિક ભાવોને આ રાગિણીના રૂપમાં વ્યક્ત કરે છે.

જયંતચંદ્ર : તારી સુંદર ગ્રીવાનો સ્પર્શ કરનાર આ ભાગ્યશાળી વીણા મારા હૃદયમાં ઈર્ષ્યા ઉત્પન્ન કરે છે; પરંતુ એનો મંદ ગંભીર સ્વર

એક એવી દુનિયામાં લઇ જાય છે કે જ્યાં તન્મયતાનો અનુભવ મળે છે.

કલાભારતી : તો તો પછી મહારાજ આ સેવિકાને ભૂલી જ જતા હશે! હું આજે જ મારી વૈરિણી આ વીણાનો અંત કરી નાખીશ.

જયંતચંદ્ર : હમણાં જ તેં કહ્યું હતું ને કે આ વીણાથી ઉદ્‌ભુત થનાર સ્વરલહરીઓ તારી જ આંતરિક અનુભૂતિઓની છાયારૂપ છે? એટલે હું તો તારી જ દ્વારા નિર્મિત સ્વપ્નસંસારમાં ભૂલો પડી જાઉં છું.

કલાભારતી : તો પછી મહારાજ મને કંઇ પુરસ્કાર આપશે ને?

જયંતચંદ્ર: મારી કઇ વસ્તુ ઉપર તારો અધિકાર નથી? મારું તન, મન, ધન અને કાન્યકુબ્જનું આ રાજ્ય તારું નથી તો કોનું છે?

કલાભારતી : એમ મને બનાવવાની વાત કરો મા.

જયંતચંદ્ર : કેમ? મેં એમાં શું અસત્ય કહ્યું છે?

કલાભારતી : કલ્પના-પ્રસૂત મોદકોથી પેટ નથી ભરાતું. જે વસ્તુ જેની હોય છે એનો જ તેની ઉપર પૂર્ણ અધિકાર રહે છે.

જયંતચંદ્ર : મને ન સમજાયું.

કલાભારતી : મહારાજ, એ શા માટે સમજે?

જયંતચંદ્ર : પણ કંઇક સ્પષ્ટ તો કહે.

કલાભારતી : કાન્યકુબ્જનું રાજ્ય કુમાર મેઘચંદ્રનું છે કે મારું?

જયંતચંદ્ર : (ચૂપ રહે છે.)

કલાભારતી : મૂંગા કેમ થઈ ગયા, મહારાજ! શું પુત્રપ્રેમ...?

જયંતચંદ્ર : (નિઃશ્વાસ સહિત) કલા, શું કહું? આપણું દુર્ભાગ્ય છે કે કુમાર મેઘ મારો જ્યેષ્ઠ પુત્ર છે.

કલાભારતી : એમાં દુર્ભાગ્ય શાનું?

જયંતચંદ્ર : તને પટ્ટમહિષી તરીકે ઘોષિત કર્યા પછી તે આપણી સન્મુખ પણ નથી આવ્યો.

કલાભારતી : વાત તો સાચી છે.

જયંતચંદ્ર : તું હવે મહાદેવી છો, તો મારી ઇચ્છા છે કે તું હવે રાજમાતા પણ બન.

કલાભારતી : (ચૂપ રહે છે.)

જયંતચંદ્ર : હું શીઘ્રતાથી કુમાર અનંતને યુવરાજ બનાવવાની ઘોષણા કરીશ. તે નાનો છે તો ભલે રહ્યો, એના માટે કોઇ અભિભાવકની નિયુક્તિ કરીશ. જીવનનો શો ભરોસો?

[૭]

વિદ્યાધર : આપ જ જ્યારે કાશ્મીરથી પાછા ફર્યા છો તો હવે આપ પોતે જ સઘળું જોઈ લેજોને.

શ્રીહર્ષ : પદ્માકર શું કરે છે?

વિદ્યાધર : એ જ, જે કરતો આવ્યો છે તે. એવું સાંભળ્યું છે કે તેણે મહારાજાને કહ્યું છે કે જ્યારથી કલાભારતી કાન્યકુબ્જમાં પધારી છે ત્યારથી હું કુમાર મેઘચંદ્રના સ્વભાવમાં પરિવર્તન થએલું જોઇ રહ્યો છું. આચાર્ય શ્રીહર્ષ કુમાર મેઘચંદ્રના શિક્ષણના આવરણ નીચે ગૃહકલહનું બીજ વાવી રહ્યા છે. મહાકવિનું ગૃહ આજકાલ રાજનીતિનું કેન્દ્ર થઇ પડયું છે. નગરની ગણ્યમાન્ય વ્યક્તિઓ સાયંકાલના સમયે ત્યાં એકત્ર થાય છે.

શ્રીહર્ષ : (હસીને) એણે આપના ઉપર તો કંઈ કૃપા ન ઉતારી?

વિદ્યાધર : (હસીને) મને તો એ કેમ ભૂલી શકે? કહ્યું કે, મહામાત્ય વિદ્યાધર તો આચાર્યના પરમ ભક્ત છે. તેઓ પણ કુમારને ચઢાવવાના ષડયંત્રમાં સંમિલિત છે.

શ્રીહર્ષ : સરસ! (કેશિની આવે છે તેનો નૂપુરઝંકાર)

કેશિની : દાસી ઉપસ્થિત થઇ શકે છે, મહામાત્ય?

વિદ્યાધર : કોણ, કેશિની? આવ.

કેશિની : સેવિકા આચાર્યશ્રીના ચરણમાં પ્રણામ કરે છે.

શ્રીહર્ષ : કલ્યાણ થાઓ.

વિદ્યાધર : આ મહાદેવી કલાભારતીની બાલસખી કેશિની છે.

કે૦ : હું કોઇ આવશ્યક વાર્તાલાપમાં અડચણરૂપ તો નથી થઇ?

શ્રીહર્ષ : નહિ, નહિ. પરંતુ તું અહીં ક્યાંથી?

કેશિની : મહાદેવીએ મને આચાર્ય-ચરણોમાં કંઈક નિવેદન માટે મોકલી છે. જો આજ્ઞા હોય તો...

શ્રીહર્ષ : અહોભાગ્ય! શી આજ્ઞા છે મહાદેવીની?

કેશિની : આચાર્યશ્રીને શાલીનતા જ શોભે. મહાકવિને આજ્ઞા આપવા જેટલી અશિષ્ટતા મહાદેવીથી થાય એ અસંભવિત છે. તેમની ઈચ્છા છે કે આજે સાયંકાલના સમયે મહાકવિ જો અંતઃપુરમાં પધારવાનું કષ્ટ કરે તો અત્યંત અનુગ્રહ થશે.

શ્રીહર્ષ : કંઇ વિશિષ્ટ કારણ છે કે શું?

કેશિની : આમ તો આચાર્યશ્રીનાં દર્શન કરવા માટે મહાદેવી ચિરકાળથી ઉત્સુક છે. પરંતુ સૌભાગ્યથી આજે એક અવસર પણ આવી લાગ્યો છે કે કુમાર અનંતચદ્રની આજે વર્ષગાંઠ છે. એ ઉપલક્ષમાં અંતઃપુરમાં એક કાવ્યગોષ્ઠિનું આયોજન કર્યું છે. કવિવર ઉદયન પણ હશે; અને મહારાજની ઇચ્છા છે કે મહાદેવી પોતે પણ કાવ્યપાઠ કરે. ઉપરાંત, વિશેષ તો આપ પાસેથી કુમાર અનંતચંદ્ર માટે આ અવસરે કંઈક આશીર્વાદ પ્રાપ્ત કરવા ઈચ્છે છે.

શ્રીહર્ષ : વારુ, અમે આવીશું.

કેશિની : અને મહાદેવીની ઇચ્છા છે કે મોટા કુંવર પણ આપની સાથે અવશ્ય પધારે.

શ્રીહર્ષ : કોણ મેઘ? ના, એ ન આવી શકે. એનું શિક્ષણ જ્યાં સુધી સંપૂર્ણ ન થાય ત્યાં સુધી તે એ જ સ્થાન ઉપર જઈ શકે છે કે જ્યાં એને જવું આવશ્યક હોય. કાવ્યગોષ્ઠિમાં એ સંમલિત થાય તે આવશ્યક નથી જ.

કેશિની : જેવી ઇચ્છા. દાસી પ્રણામ કરે છે.

શ્રીહર્ષ : કલ્યાણ થાઓ.

[૮]

કેશિની : મારો પુરસ્કાર આપશો કે મહાદેવી?

કલાભારતી : શાનો પુરસ્કાર?

કેશિની : યાદ કરો મહાદેવી! પુરસ્કાર તો મને એ જ દિવસે મળવો જોઇતો હતો જ્યારથી પ્રજાએ દેવીને મહાદેવી કહેવાં શરૂ કર્યા.

કલાભારતી:(હસીને)એનો પુરસ્કાર આજે માગી રહી છો એમ ને?

કેશિની: જે પુરસ્કાર હું ઈચ્છું છું તે એ વેળા મહાદેવી પાસે નહતો.

કલાભારતી : કોણ જાણે શું છે! શું જોઇએ છે?

કેશિની : મહાદેવી વચન આપે ત્યારે ને?

કલાભારતી : એવી તે શી અલભ્ય વસ્તુ માગીશ?

કેશિની : એ ગમે તે હોય, પણ પટ્ટમહિષી વચન આપે ત્યારે ને?

કલાભારતી : વચન દઉં છું. બોલ શું જોઇએ છે?

કેશિની : શ્રીહર્ષ.

કલાભારતી : (મૂંગી રહે છે)

કેશિની : કેમ, આપવાની ઈચ્છા નથી થતી?

કલાભારતી: તેં સત્ય કહ્યું હતું, કેશિની. હું તો શ્રીહર્ષને જોઈ જ રહી.

કેશિની : વાત બદલો નહિ. મારો પુરસ્કાર મને મળવો જોઇએ.

કલાભારતી : (નિઃશ્વાસ નાખીને) શ્રીહર્ષ ઉપર મારો અધિકાર તો થાય. અત્યારે તો મારી ઉપર પણ મારો અધિકાર નથી. સરસ્વતીનો પુત્ર છે શ્રીહર્ષ! કાવ્યપાઠના સમયે એના રોમેરોમમાંથી

કવિતાની અભિવ્યક્તિ થાય છે. તેનું માદક સંગીત અલૌકિક લાગે છે ને તેનું ગંધર્વોપમ દિવ્ય રૂપ કોઈ પણ નારી માટે લોભની ચીજ છે.

કેશિની: મહાદેવી, સાવધાન. આચાર્ય શ્રીહર્ષ આપના આશ્રિત છે.

કલાભારતી: પ્રેમની દુનિયા એ બંધનોથી મુક્ત છે. શ્રીહર્ષને આશ્રિત રાખવામાં નહિ પણ એના આશ્રિત બનવામાં સુખ છે. હવે મારી કલ્પના એક એવા લોકનું નિર્માણ કરી રહી છે કે જ્યાંના કણ-કણમાં શ્રીહર્ષના રૂપનું દર્શન થાય છે. મારાં સ્વપ્નોનો સમ્રાટ હવે શ્રીહર્ષ છે અને મારા માટે તેનું નામ જ વિશ્વની સર્વશ્રેષ્ઠ કવિતા છે.

કેશિની: શ્રીહર્ષની પ્રાપ્તિ માટે રાજમહિષી શું કાન્યકુબ્જના સિંહાસનને ઠોકર મારશે ?

કલાભારતી: યાદ છે તને, કે એક દિવસ તેં કહ્યું હતું, જો શ્રીહર્ષ કાન્યકુબ્જ-નરેશ હોત તો દેવી તેમનું ચરણામૃત લેત.

કેશિની: હા, કહ્યું'તું તો ખરું.

કલાભારતી: બસ, તો હવે તું શ્રીહર્ષને કાન્યકુબ્જેશ્વર જ સમજ. જો તે મારા હૃદય-સમ્રાટ છે તો તે કાન્યકુબ્જ-સમ્રાટ પણ થશે.

[૯]

જયંતચંદ્ર: તમે શા માટે આ પ્રશ્ન પૂછી રહ્યા છો ?

શ્રીહર્ષ: સંદિગ્ધ પરિસ્થિતિ રાજપુરુષોનાં ચિત્તને ઉદ્વિગ્ન કરી નાખે છે, જેથી કાર્યમાં અડચણ ઊભી થાય છે.

જયંતચંદ્ર: આચાર્ય, યુવરાજ ગમે તે હોય, પરંતુ રાજપુરુષોએ રાજાજ્ઞાનું પાલન કરવું પડશે.

શ્રીહર્ષ: ક્ષમા માગી લઉં છું, મહારાજ. રાજપુરુષ કંઈ નિર્જીવ યંત્ર નથી, મનુષ્ય છે. રાજાજ્ઞાના પાલનની સાથોસાથ રાષ્ટ્રના પ્રત્યે પણ તેનું કંઈક કર્તવ્ય છે. તે એવું કોઈ કાર્ય જોવાની ઈચ્છા નહિ રાખે કે જેનાથી દેશનું અહિત થાય.

જયંતચંદ્ર: કુમાર અનંતને યુવરાજ બનાવવાનો નિર્ણય થઇ ગયો છે. મારી આજ્ઞાથી કુમાર મેઘચંદ્રે એક આજ્ઞાકારી યુવકની જેમ મારી સમક્ષ નતમસ્તક થવું પડશે. પિતાની ઈચ્છાપૂર્તિ માટે દાશરથિ રામે, યયાતિપુત્ર પુરુ ને શાંતનુતનય વીર ભીષ્મે શું નથી કર્યું ?

શ્રીહર્ષ: દશરથ, યયાતિ અને શાંતનુ ત્રણેને દુનિયા કામુક કહે છે. મહારાજે તો ચારિત્ર્યવાદી રાજર્ષિઓનું અનુકરણ કરવું જોઇએ.

જયંતચંદ્ર: હું કહું છું કે રાજ્ય જ્યારે મારી જ વસ્તુ છે તો પછી એને કોઈપણને આપી દેવાનો અધિકાર મને કેમ નથી ?

શ્રીહર્ષ: રાજા અને પ્રજાનો સંબંધ અન્યોન્યાશ્રયે છે. પ્રજા કંઈ ઘેટાંબકરાં જેવી નથી કે જેને ગમે ત્યાં હાંકી જવાય. તમે કેમ મૂંગા બેઠા છો મહામાત્ય ?

વિદ્યાધર: કુમાર અનંતને યુવરાજ બનાવવાથી પ્રજા અસંતુષ્ટ થશે. આમ તો જ્યારથી મહાદેવી કલાભારતીને પટ્ટમહિષીપદ આપવામાં આવ્યું છે ત્યારથી જ પ્રજા વિક્ષુબ્ધ થઈ છે.

શ્રીહર્ષ: થાય જ ને ? મહારાજ, મહામાત્યનું કથન યથાર્થ છે. પ્રજા પોતાની જાતને ત્યારે જ સુરક્ષિત સમજે છે કે જ્યારે શાસનદંડ સુદૃઢ હાથમાં હોય. એક શિશુને યુવરાજ બનાવવાથી કંઈ લાભ નથી.

જયંતચંદ્ર: કુમાર અનંતની દેખરેખ માટે કોઈ યોગ્ય અભિભાવક નિયુક્ત કરી દઈશું.

શ્રીહર્ષ: એવી નિયુક્તિ ત્યારે જ થાય છે કે જ્યારે કેવળ એક શિશુ જ રાજ્યનો ઉત્તરાધિકારી હોય અને ગૃહકલહની આશંકા ન હોય.

વિદ્યાધર: મહારાજ, આચાર્યનું કથન સત્ય છે. વાયવ્ય તરફથી અનાર્યોનો આતંક નિરંતર વધી રહ્યો છે. કુમાર મેઘચંદ્ર યોગ્ય છે. તેનો અધિકાર તેને જ મળવો જોઇએ.

શ્રીહર્ષ: અન્યથા પ્રજામાં વિદ્રોહની સંભાવના છે અને કુમાર મેઘચંદ્રને તેમના અધિકારથી વંચિત રાખવાનો અર્થ થશે શત્રુઓને કાન્યકુબ્જ પર આક્રમણ કરવાનું નિમંત્રણ આપવું. એવું ઈશ્વર ન કરે, પરંતુ જો એમ થાય તો ભાવી સંતતિની દૃષ્ટિમાં આપણે અન્યાયી જ નહિ પણ મૂર્ખ ઠરીશું.

જયંતચંદ્ર: પણ હું મહાદેવીને વચન આપી ચૂક્યો છું.

શ્રીહર્ષ: આવા અનીતિપૂર્ણ વચનનું કંઈ મહત્ત્વ નથી.

જયંતચંદ્ર: કોઈ પણ રીતે હું મહાદેવીને કંઈ નહિ કહી શકું.

શ્રીહર્ષ: એ ઉત્તરદાયિત્વ મારું. કુમાર મેઘચંદ્રને યુવરાજપદ ઉપર અભિષિક્ત કરવાની સહમતિ હું લેવડાવી આપીશ.

જયંતચંદ્ર: તમને જે ઉચિત લાગે તે કરો.

[૧૦]

કેશિની: (હસીને) ચિંતા કરો મા, મહાદેવી! જેનું ચિંતન કરી...

કલાભારતી: (હસીને) શ્રીહર્ષનો મહારાજ ઉપર ખૂબ પ્રભાવ છે. નાનકડા વાર્તાલાપમાં જ મહારાજનો નિશ્ચય પરિવર્તિત કરી નાખ્યો.

કેશિની: કલાભારતીના પ્રયોગને નરભારતીએ નિષ્ફળ કર્યો.

કલાભારતી: આ વિનોદનો સમય નથી, કેશિની. એને આ શું સૂઝ્યું?

કેશિની: તેઓ કુમાર મેઘચંદ્રના ગુરુ છે. અને પોતાના શિષ્યના અધિકારોના રક્ષણ માટે ગુરુ તત્પર હોય જ.

કલાભારતી: પરંતુ એમણે મારા પુત્રનું પણ ધ્યાન રાખવું જોઇએ. હું એમને મારા સર્વસ્વ સમજું છું તો એમણે પણ...

કેશિની: તમે એમને ગમે તેમ સમજો, પણ એમની દૃષ્ટિમાં તમારું શું સ્થાન છે એની તો ખબર પડવી જોઇએ ને ?

કલાભારતી: શ્રીહર્ષની વિશેષતાઓ જગદ્વશીકરણકારિણી છે. એટલે એ અસંદિગ્ધ છે. પરંતુ કલાભારતી 'કલાભારતી' જ નથી, પદ્મિની પણ છે.

કેશિની: એ સાચું, પણ મહાકવિ પણ 'મહાકવિ' જ નથી, રાજનીતિજ્ઞ પણ છે. રાજનીતિજ્ઞોના હૃદયનું રહસ્ય એ પોતે જ જાણે.

કલાભારતી: તું તો મૂર્ખ છે સાવ! નારી એ પુરુષની સૌથી મોટી દુર્બળતા છે. શ્રીહર્ષનું આગમન અહીં રોજ થવા લાગ્યું છે તે શું અમસ્તું જ ? જ્યારે તેઓ કાવ્યપાઠ કરે છે ને હું એમની તરફ નિર્નિમેષ નેત્રે જોતી હોઉં છું ત્યારે એમના નયનની ભાષા તેં વાંચી છે ?

કેશિની: મેં ધ્યાન નથી આપ્યું, મહાદેવી.

કલાભારતી: પરસ્પર પ્રેમમાં મગ્ન એવાં બે હૃદયોનાં મૂક સંભાષણ સાંભળવામાં ત્રીજી વ્યક્તિ સર્વથા અસમર્થ હોય છે. કાલે જ્યારે તેઓ પોતાના કાવ્યનો એ પાઠ કરી રહ્યા હતા જેમાં દેવતાઓનો સંદેશ દમયંતીને સંભળાવીને નળે તેને પોતાનો વાસ્તવિક પરિચય આપીને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો, ત્યારે હું તન્મય થઇ ગઇ હતી. એ વખતે તેમની વાણીમાં એવી વાસ્તવિકતા હતી કે જાણે તેઓ નળના શબ્દોમાં મને તેમના જ હૃદયની વાત કરતા હતા.

કેશિની: (આશ્ચર્યથી) અરે! મહાકવિ અહીં આવી રહ્યા છે!

કલાભારતી: તો તું ચાલી જા. આજે મારે નિર્ણય સાંભળી લેવો છે.

કેશિની: જેવી આજ્ઞા.

[તેના જવાનો અવાજ અને શ્રીહર્ષના આગમનનો ધ્વનિ]

કલાભારતી: કલાભારતી અભિવાદન કરે છે, આચાર્ય.

શ્રીહર્ષ: મહાદેવી અચલ સૌભાગ્યવતી બનો.

કલાભારતી: પધારો આ આસન રહ્યું.

શ્રીહર્ષ: આપનો અત્યંત અનુગ્રહ.

કલાભારતી: આજે આપને કંઈ વિલંબ થઈ ગયો ?

શ્રીહર્ષ : નહિ રે, મને તો લાગે છે કે હું કંઈક વહેલો આવી ગયો છું.

કલાભારતી : આપની પ્રતીક્ષામાં પ્રત્યેક ક્ષણ મહામુશ્કેલીથી વીતે છે; એટલે મને તો એમ જ લાગ્યું કે આપને વિલંબ થઇ ગયો.

શ્રીહર્ષ : મહાદેવી સહૃદયા છે. વળી કાવ્ય પ્રત્યે અનુરાગ હોય તે પણ સ્વાભાવિક છે.

કલાભારતી : કેવલ કાવ્ય પ્રત્યે જ ? કાવ્ય કંઈ સ્વયં વસ્તુ નથી. તે કોઇની સૃષ્ટિ હોય છે.

શ્રીહર્ષ : એ તો આપ ખાલી સન્માનવર્ધન કરી રહ્યાં છો.

કલાભારતી : એક વાત પૂછું, આચાર્ય ? આપ પ્રત્યેક સ્થાનને રાજસભા કેમ સમજો છો ? જ્યારે જોઇએ ત્યારે એ જ શિષ્ટાચાર !

શ્રીહર્ષ : પ્રત્યેક સ્થાન તો રાજસભા નથી જ, પરંતુ મહાદેવી પ્રત્યેક સમયે રાજમહિષી છે. એટલે શિષ્ટાચારની રક્ષા થવી જ જોઇએ.

કલાભારતી : ક્ષમા કરજો આચાર્ય. પણ લૌકિક આડંબરનું બીજું નામ છે શિષ્ટાચાર. એનો પણ સમય હોય છે. પરંતુ સમ્રાટ પણ દરેક સમયે શિર ઉપર ભારે મુકુટ ધારણ કરીને શાસનદંડ હાથમાં લઇને નથી ફરતા ! મનુષ્ય ક્યારેક તો પોતાના માટે સ્વચ્છંદ અને સ્વાભાવિક વાતાવરણની જેમાં ઈચ્છા રાખે છે તે નીરાંતનો શ્વાસ લઇ શકે. આપણે પરસ્પર શ્રીહર્ષ ને કલાભારતી ન બની શકીએ ?

શ્રીહર્ષ : એ તો સીમાનું ઉલ્લંઘન થયું કહેવાશે. આ પ્રકારનો વ્યવહાર અનુચિત તો છે જ, પરંતુ નિષ્પ્રયોજન પણ છે.

કલાભારતી : જે વ્યક્તિ માનવ-હૃદયનું અધ્યયન નથી કરી શકતી તેના હૃદયમાંથી મોહક છંદોની રચના કેમ થાય છે ? મારી તરફ દૃષ્ટિ કરો, શ્રીહર્ષ. શબ્દોમાં શું નેત્રો કરતાં વધુ અભિવ્યંજના હોય છે ?

શ્રીહર્ષ : મહાદેવી...

કલાભારતી : કવિતા અને સંગીતના મિશ્રણથી અમૃતની સૃષ્ટિ થતી હોય કે ન થતી હોય, પણ દાહક વિષ અવશ્ય ઉત્પન્ન થાય છે, જે એકદમ પ્રાણાપહરણ નથી કરતું, ધીરેધીરે બાળે છે. એક વાર મને કલાભારતી કહીને સંબોધિત કરો, શ્રીહર્ષ.

શ્રીહર્ષ : આ સમયે મહાદેવી કંઈક ઉદ્વિગ્ન થયાં હોય એમ જણાય છે. વિશ્રામ લેશો તે ઉચિત ગણાશે. જવાની આજ્ઞા માગુ છું.

કલાભારતી : એમ ને એમ નહિ જઈ શકો, શ્રીહર્ષ. તમારાં દર્શનથી મારા જન્મજન્માંતરથી તૃષિત આત્માને શાંતિ મળી છે. કલાભારતીને પ્રત્યેક પ્રકારે સંતુષ્ટ કરવાની યોગ્યતા તારામાં જ છે. મેં આજ સુધી ક્યારેય આત્મસમર્પણ નથી કર્યું. અત્યાર સુધી હું પુરુષને ક્રીડાની વસ્તુ સમજતી હતી; પરંતુ તેં મારો ગર્વ ભાંગી નાખ્યો.

શ્રીહર્ષ : મારી દૃષ્ટિમાં મહાદેવીની કલામર્મજ્ઞતા પ્રત્યે આંતરિક સન્માન છે, પરંતુ...

કલાભારતી : હું સન્માન જ નહિ, કંઇક વધુ ઇચ્છું છું. સન્માન તો વિષમતાનું સૂચક છે. કુમાર અનંત યુવરાજ બને અને તમે તેના અભિભાવક બનીને સદાને માટે મારી સમક્ષ રહો.

શ્રીહર્ષ : મહાદેવીના આટલા બધા અનુગ્રહનો ભાર ઉપાડવાની શક્તિ મારામાં નથી. આજે તો હું એટલા માટે જ આવ્યો હતો કે કુમાર મેઘચંદ્રને યુવરાજ બનાવવા માટે આપની સહમતિ મેળવી લઉં.

કલાભારતી : કેમ ? હું રાજમાતા બનું તો તમને શી હરકત છે ?

શ્રીહર્ષ : મહાદેવી કુમાર મેઘચંદ્રનાં પણ માતાજી જ છે ને, એટલે તે યુવરાજ થશે તોપણ આપ રાજમાતા જ કહેવાશો.

કલાભારતી : તાત્પર્ય એ જ કે કુમાર અનંત યુવરાજ ન થાય, કેમ ?

શ્રીહર્ષ : મહારાજના જ્યેષ્ઠ પુત્ર તરીકે તેઓ હોત તો તેઓ યુવરાજ બને એમાં કોઇને જ અડચણ ન હતી.

કલાભારતી : અને હવે આમાં કોને અડચણ છે ?

શ્રીહર્ષ : પ્રજાને.

કલાભારતી : અને તમને ?

શ્રીહર્ષ : હું પ્રજાથી અલગ નથી જ.

કલાભારતી : (થોડીવાર રહીને) કુમાર મેઘચંદ્ર યુવરાજ બને એ માટે હું સંમતિ આપું તો પછી શો બદલો મળશે ?

શ્રીહર્ષ : મારામાં આપવાની શક્તિ જ ક્યાં છે ? હું પોતે જ મહાદેવીનો આશ્રિત છું.

કલાભારતી : એમ નહિ ચાલે. તમે એક રાજનૈતિક સંધિ લઇને અહીંઆ આવ્યા છો. કંઇ લેશો તો કંઈક આપવું પણ પડશે. કલાભારતીને આપવા માટે તો તમારી પાસે ઘણુંઘણું છે.

શ્રીહર્ષ : મહાદેવીનું હું સન્માન કરું છું. એ સન્માન કોઈ અન્ય ભાવમાં પરિવર્તિત થઇ જવાનો મને ભય છે. મહારાજ જયંતચંદ્ર અને શ્રીહર્ષમાં લાંબું અંતર છે.

કલાભારતી : (ક્રોધભર્યા ઊંચા અવાજે) શ્રીહર્ષ... ! (થોડીવાર પછી) વિવશ છું કે હું તને પ્રેમ કરું છું.

શ્રીહર્ષ : એ પાપ છે, જેની ઘૃણા કરવી જોઇએ.

કલાભારતી : (દૃઢતાપૂર્વક) તો પછી રાજ્યનો અધિકારી કુમાર અનંત જ થશે.

શ્રીહર્ષ : (દૃઢતાપૂર્વક) વિવાહિતા રાજમહિષીનો પુત્ર પોતાના અધિકારથી વંચિત રહે અને...

કલાભારતી : (વચ્ચે જ) રખાતનો પુત્ર રાજસિંહાસને બેસે, એ જ કહેવા માગો છો ને ? અપમાનિત નારી ભયંકર બની જાય છે, શ્રીહર્ષ !

શ્રીહર્ષ : (ક્રોધી અવાજે) અને જ્યારે તે પોતાના નારીત્વને વેચીને એક સામ્રાજ્યની રાજમહિષી બની હોય, વાસનાઓની પૂર્તિ માટે પોતાના બીજા બુઢ્ઢા પતિને આંગળી ઉપર નચાવીને તેની સાથે વિશ્વાસઘાત કરવા તૈયાર થાય, ત્યારે તો વધુ ભયંકર બને છે ! આવી ધમકીઓથી શ્રીહર્ષ નહિ ડરે. આજ્ઞા આપો, હું જાઉં છું. ગૃહકલહ કરાવવાનો મારો ઉદ્દેશ નથી. આપના આ નગ્ન નૃત્યની ચર્ચા હું મહારાજ સાથે નહિ કરું.

કલાભારતી : (ઊંચા અવાજે) કલાભારતીની સાથે સ્પર્ધા કરનાર શાંતિપૂર્વક જીવી શકતો નથી, ઉદ્દંડ બ્રાહ્મણ !

શ્રીહર્ષ : જેવી ઈશ્વરેચ્છા.

[૧૧]

કેશિની : હું આજ્ઞાપાલન તો કરીશ જ, પરંતુ આ ખેલ છે ભયંકર.

કલાભારતી : ગમે તે થાય, કલાભારતીનો નિશ્ચય અચલ છે.

કેશિની : છતાં પણ કુમાર મેઘચંદ્ર તો નિરપરાધ છે.

કલાભારતી : માર્ગમાં આવવું એ જ કાંટાનો અપરાધ છે. એ કાંટાને કાઢીને ફેંકી દેવો જોઇશે, કાં તો એનું મોં ભાંગી નાખવું જોઇશે.

કેશિની : તો પછી, મારા માટે શી આજ્ઞા છે ?

કલાભારતી : તું આ કુંજમાં સંતાઇ જા. મહારાજ આવી રહ્યા છે. તેમને લઈને હું થોડેક દૂર ચાલી જઈશ. પછી જે કંઈ કરવાનું છે એ તને બતાવી દીધું છે. લાવ, માળા મને આપ અને આ અંગૂઠી લે.

કેશિની : જેવી આજ્ઞા.

કલાભારતી : લે, મહારાજ પણ આવી ગયા, ઉતાવળ કર.

[પદધ્વનિ]

જયંતચંદ્ર : શું ચાલે છે, કલાભારતી ?

કલાભારતી : મહારાજ માટે આ માળા બનાવી રહી છું.

જયંતચંદ્ર : મારા માટે કે તારી પ્રસન્નતા માટે ? [પૃ. ૨૦૨/અ]

આખી સચેતન સૃષ્ટિની સજીવતા તથા હલનચલન
જેને લીધે શક્ય બને છે તે

માંસપેશીઓ

કાયાની કરામત-૨૧

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



હાડકાં શરીરને ઘાટ આપે છે, પરંતુ તેને રૂપઆપનારતથાકોઇ અદ્ભુત કરામતથી તેનું હલનચલન કરી તેને સજીવતા આપનાર તો છે એ દેહ પર આવી રીતે મઢાઇ રહેલી માંસપેશીઓ.

દેહને કદ અને આકાર આપનાર હાડકાંના માળખાને ટેકવનાર ને સ્થિર રાખનાર માંસપેશીઓ (muscles) છે. વળી એમના કાર્યથી આપણે જીવનનાં સાધારણ કામોથી માંડી સીધા ઊભા રહેવું, ચાલવું, દોડવું, રમવું અને વજન ઊચકવું વગેરે કામો કરી શકીએ છીએ. શરીરમાં એક કે બીજી માંસપેશીઓ કાર્યરત રહી સતત કામમાં રોકાએલી જ રહે છે. નિશ્ચલ કે ઊંઘમાં પડ્યા હોઈએ તોપણ પાંપણના પલકારા થવા, નાકનું ટેરવું ફૂલવું, હાથપગ કે આંગળાં લાંબાંટૂંકાં થવાં, શ્વાસોચ્છ્વાસ ચાલવા અને હૃદયનું ધબકવું વગેરે ક્રિયાઓ તો થયા જ કરે છે. સજીવ સૃષ્ટિની વિશિષ્ટતા તેના આ હલનચલનમાં છે, અને એ હલનચલન માંસપેશીઓને લીધે જ થાય છે.


માંસપેશીઓ એટલે શરીરનો માંસલ ભાગ. શરીરનો ઘાટ અને ભરાવો એના લીધે છે. શરીરના વજનનો ૨/૫ ભાગ એનો બનેલો છે. હલનચલનનું કામ કરવા ઉપરાંત માંસપેશીઓ અવયવો માટે આવરણ રૂપ અને એમની ગતિમાં મદદકર્તા પણ છે. વળી જ્યાં બે કે વધારે હાડકાં એકઠાં મળે ત્યાં સાંધો પણ તે જ તૈયાર કરે છે. આ કારણને લીધે સ્થાન અને ઉપયોગ પ્રમાણે માંસપેશીઓ જુદાજુદા આકાર અને ઘાટની હોય છે; પટા (bands), ચાપડા (straps), દોરડું (rope), ફાચર (wedge), બહિર્ગોળ કાચ (lens), અર્ધ કે પૂર્ણ ગોળ કડી (ring) વગેરે જેવા વિવિધ એના આકારો હોય છે. મોઢા અને ગુદાની માંસપેશીઓ છેલ્લા પ્રકારની છે, જે જરૂરિયાત પ્રમાણે ઊઘડે છે અને સખત રીતે બંધ થાય છે.

શરીરની માંસપેશીઓ બે જાતની છે: (૧) ઇચ્છાવર્તી અને (૨) અનિચ્છાવર્તી. હાથ, પગ, મોં, પેટ, બોચી વગેરે ભાગોની માંસપેશીઓ જે આપણી મરજી મુજબ હાલેચાલે છે, તે બધી ઇચ્છાવર્તી (voluntary) માંસપેશીઓ છે. બીજી જાતની માંસપેશીઓ (involuntary)અન્નમાર્ગના અને શ્વાસમાર્ગના અવયવો, લોહીની તથા મૂત્રવાહક નળીઓ, મૂત્રાશય, હૃદય વગેરે અવયવોની છે, જે આપણા અંકુશમાં નથી. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ પણ તે પોતાનું કામ કર્યે જ જાય છે અને એમનાથી નિપજતાં કામ આપણી જાણ બહારનાં હોય છે. વળી ચામડીની અનિચ્છાવર્તી માંસપેશીઓના સંકોચનથી ભયભીત બિલાડીના વાળ ખડા થાય છે અને આપણી ચામડી ઉપર ઝીણીઝીણી ફણુસીઓ (goose skin) ઉપસી આવે છે.

ઇચ્છાવર્તી માંસપેશીઓ મગજ અને કરોડરજ્જુના જ્ઞાનતંત્રના અંકુશમાં છે, જ્યારે અનિચ્છાવર્તી માંસપેશીઓ સીમ્પૅથેટિક જ્ઞાનતંત્રના કાબૂમાં છે. આમ, અનિચ્છાવર્તી માંસપેશીઓ જોકે આપણા કાબૂમાં તો નથી, પણ હઠયોગના અભ્યાસીઓ સીમ્પૅથેટિક જ્ઞાનતંત્ર ઉપર કાબૂ મેળવીને એ અનિચ્છાવર્તી માંસપેશીઓ ઉપર પણ મરજી મુજબ કાબૂ પ્રાપ્ત કરી શકે છે. પરિણામે, નાડી બંધ કરવી, શ્વાસોચ્છ્વાસ થંભાવવા, સમાધિસ્થ થવું વગેરે આશ્ચર્યજનક અસાધારણ ક્રિયાઓ એમનાથી થઈ શકે છે.

માંસપેશી તંતુઓ (fibres)ની બનેલી છે. (માંસપેશીઓના કોષોને તંતુઓ કહેવામાં આવે છે.) અસંખ્યાત તંતુઓની થોકડી કે થોકડીઓ એકઠી મળીને માંસપેશી બને છે. આપણા બાવડાની માંસપેશીમાં પાંચ લાખ જેટલા તંતુઓ હોય છે. વળી એ દરેક થોકડી ઉપર, તેમજ થોકડીઓની બનેલી માંસપેશી ઉપર આવરણ હોય છે. અનિચ્છાવર્તી માંસપેશીઓના તંતુઓ ખૂબ સૂક્ષ્મ હોય છે પણ ઇચ્છાવર્તી માંસપેશીઓના કેટલાક તંતુઓ તો દોઢ બે ઇંચ લાંબા અને ૧/૫૦૦ ઇંચ પહોળા હોય છે. આવા તંતુઓ છેડે છેડે જોડાઇને માંસપેશીની લંબાઇ બને છે. આથી, જ્યારે માંસપેશી સંકોચાય છે ત્યારે એના કેટલાક તંતુઓ સંકોચાયા વગરના પડ્યા રહે છે.

માંસપેશી ઉપરનું આવરણ બે છેડેથી એકઠું મળી ધોળી દોરી કે દોરડા જેવું બને છે. આને સ્નાયુબંધન (tendon) કહે છે. આ સ્નાયુબંધન બહુ સખત ને મજબૂત હોય છે. પગની પાછલી બાજુએ પાની ઉપર જે કઠણ પટ્ટી જેવું લાગે છે તે પગની માંસપેશીનું સ્નાયુ-



આખા શરીરમાં ચહેરાના સ્નાયુઓ સૌથી વધુ મહત્ત્વના છે, કેમકે બીજાં અંગોની માંસપેશીઓ તો માત્ર હલનચલન જ કરી શકે છે, પણ આ તો હલનચલનની સાથેસાથ આપણી લાગણીઓ અને આવેગોના ભાવ પણ દર્શાવી શકે છે. જેમકે આપણે ગુસ્સે થઇએ ત્યારે કપાળના સ્નાયુઓ ત્યાં કરચલી પાડે છે, આંખના સ્નાયુઓ તેને ઉઘાડમીચ કરવા ઉપરાંત આશ્ચર્યથી કે હર્ષથી વિસ્ફારિત કરી શકે છે કે ચૂંચળી બનાવી શકે છે; નસ્કોરાં રીસથી કે ક્રોધથી ફૂલે છે, મોંના સ્નાયુઓ તેને ઉઘાડ-બીડ કરવા ઉપરાંત મલકાટ આપે છે, એમ અનેકવિધ ભાવ તે વ્યક્ત કરે છે.

બંધન છે. એનું નામ 'ટેન્ડો ઍકીલસ'. માંસપેશીના હલનચલન વખતે સ્નાયુબંધન ઘસાઇને ઇજા ન પામે તે માટે સ્નાયુબંધનના આવરણના બે પડમાં એક પ્રકારનું ચીકણું દ્રવ્ય હોય છે.


માંસપેશીને હાડકાં સાથે સખતરીતે જોડનાર સ્નાયુબંધન છે. માંસપેશીનું એક કાર્ય સાંધાઓના હલનચલનનું છે. આથી માંસપેશી બે હાડકાં સાથે જોડાએલી હોય છે. ઓછા હાલતા હાડકા સાથે જોડાએલો એનો છેડો 'મૂળ' કહેવાય છે, અને વધારે હાલતા હાડકા સાથે જોડાએલો બીજો છેડો 'બંધ' કહેવાય છે. માંસપેશી જ્યારે સંકોચાય છે ત્યારે એક હાડકું બીજા હાડકા ભણી ખેંચાય છે, ને સાંધો વળે છે. એને સીધો કરવા વળી બીજી પ્રતિપક્ષી માંસપેશી સંકોચાય છે. આથી દરેક સાંધામાં હાડકાં ઉપર પ્રતિસ્પર્ધી કામ કરતી માંસપેશીઓની થોકડીઓ સામસામી ગોઠવાએલી હોય છે.

હાથના ઉપલા છેડે આવેલી ત્રિકોણિક માંસપેશી (deltoidmuscle) સંકોચાવાથી હાથ બગલમાંથી ઊંચો થાય છે. આ વખતે છાતી ઉપર આવેલી માંસપેશીઓ (pectoralis major and minor) ઢીલી બને છે. પણ તે સંકોચાય ને ત્રિકોણિકમાંસપેશી ઢીલી પડે એટલે ભુજાસ્થિ નીચું ખેંચાય છે ને હાથ પડખા સરસો આવે છે. આવી રીતે માંસપેશીઓના પરસ્પર સંકોચન ને ઢીલા થવાના પરિણામે અંગાંગોનું હલનચલન થાય છે.


દરેક માંસપેશીમાં લોહીની નળીઓ ને ક્રિયાવાહી જ્ઞાનતંતુ (motornerve)-ની એક શાખા આવેલાં છે. જ્ઞાનતંતુ માંસપેશીમાં પ્રવેશી, અનેકાનેક શાખા–પ્રશાખાઓમાં ફંટાઈ, માંસપેશીના દરેક તંતુમાં દાખલ થાય છે. આ જ્ઞાનતંતુનો બીજો છેડો મગજમાં આવેલા ગતિકેન્દ્ર સાથે જોડાએલો હોય છે. આ રીતે લાખ્ખો જ્ઞાનતંતુઓ મગજ અને માંસપેશીઓ વચ્ચે જોડાએલા છે.

પછી મગજના સંદેશાઓ અનુસાર માંસપેશીઓની ક્રિયાઓ થાય છે. આ સંદેશા વિદ્યુત્-પ્રવાહ રૂપે છે. તેના ઝડપી ને ઉપરાઉપરી (એક સેકન્ડમાં પચાસ વખત) થતા વિદ્યુત્–પ્રવાહ–વેગો (impulses) છૂટી માંસપેશીના એક છેડાથી બીજા છેડા સુધી ફરી વળે છે. પરિણામે માંસપેશી સંકોચાય છે. સંકોચાવામાં તે લંબાઇમાં ઘટે છે અને પહોળાઇમાં વધે છે. આ કરામત એટલી અજબ ઝડપ ધરાવે છે કે પાંપણના પલકારા જેવી આપણી ક્ષણિક ક્રિયા પણ આ જ કરામતથી બને છે. આ ઉપરથી જ્ઞાનતંતુની અદ્ભુત ઝડપ તથા શક્તિનો ખ્યાલ આવશે. આમ, માંસપેશીઓનું સંકોચન એટલે અંગોનું હલનચલન, એમ ટૂંકામાં કહી શકાય. પરંતુ તે, આપણે આ વાંચીએ છીએ એટલું સરળ નથી, પણ એમાં માંસપેશીઓ અને જ્ઞાનતંતુઓની ઘણી અટપટી ક્રિયાઓ સમાએલી છે.

માંસપેશીમાંના આ જ્ઞાનતંતુઓને જૂદા પાડનાર એક ઝેરી વનસ્પતિ-કયુરેર (curare) નામનું દ્રવ્ય થાય છે. દક્ષિણ અમેરિકાના આદિવાસીઓ પોતાના તીરના છેડા ઉપર આ દ્રવ્ય લગાડે છે. એની અસરથી શરીરમાં બાણ વાગે તે ભાગની માંસપેશીના જ્ઞાનતંતુઓ જૂદા પડી જાય છે, અને માંસપેશીની સંકોચાવાની શક્તિ નાશ પામે છે. આ ઝેર લોહી વાટે આખા શરીરમાં ફરી-વળતાં એક પછી એક બધી માંસપેશીઓને પક્ષાઘાત લાગુ પડે છે. પરિણામે




હાથ, પગ વગેરેને હલનચલન કરાવવા માટે સામસામી બે માંસપેશીઓ કેવી રીતે કામ કરે છે તે અહીં દર્શાવ્યું છે. હાથમાં વજન લઇને ઊંચો કરતાં માંસપેશી આગલી (ફૂલેલી) તેને ખેંચે છે, ને તે નીચો આવતાં એ મૂળ સ્થિતિએ આવી પાછલી જરા ફૂલે છે. સામસામી માંસપેશીઓની આ ક્રિયા નીચેની આકૃતિમાં વધુ સ્પષ્ટ કરી છે. પહેલી આકૃતિમાં લટકતા હાથ વખતે આગલી સપાટ ને પાછલી ફુલેલી હોય છે; તે કોણી સુધી કાટખૂણે ઊંચો થતાં આગલી સહેજ ફૂલીને તથા પાછલી જરા ઘટીને બંને સરખી થાય છે; અને હાથ છેક ઊંચો જતાં આગલી સંપૂર્ણ ફૂલીને પાછલી તદ્દન સપાટ થાય છે.



પ્રાણીથી ચલાતું નથી, ઊભા રહેવાતું નથી અને તે અચેત થઈ નીચે પડે છે. તેના શરીરના ટુકડેટુકડા કરવામાં આવે તો યે તે જરા પણ હાલતું નથી. જીભ વળતી નહિ હોવાથી ભૂમબરાડા પડાતા નથી. આંખો બંધ થતી નથી. શરીરમાં ક્યાંય કશી વેદના થતી નથી. હા, આંખો અને મોં સુકાવાથી થતી વેદના થાય ખરી. ધીમે ધીમે શ્વાસોચ્છ્વાસની માંસપેશીઓને પણ પક્ષાઘાત લાગુ પડે છે ને એ ક્રિયા બંધ પડતાં મરણ થાય છે.

માંસપેશી આરામમાં હોય તોપણ થોડીશી સંકોચાએલી તો રહે છે જ. આમ હોવાથી શરીરની બધી માંસપેશીઓ કોઈ પણ સમયે કોઈ પણ કામ ઉપાડવા માટે ખડી-તત્પર જ હોય છે. મગજમાંથી સંદેશો મળતાંવેંત જ તેમનું કામ લાગલું જ શરૂ થાય છે. જો માંસપેશીઓ ઢીલી રહેતી હોય તો તેને સુદૃઢ બનીને ક્રિયાવાન થવામાં ઘણો વખત વીતત.


માંસપેશીઓની આવી સામાન્ય સુદૃઢ (સંકોચાએલી) સ્થિતિને 'ટોન' કહેવામાં આવે છે. તંદુરસ્ત, તાજા અને તાકાતવાન શરીરમાં માંસપેશીઓનો ટોન સારો હોય છે. લાંબી મજલ કાપીને આવેલા કે કામથી થાકેલા માણસની માંસપેશીઓનો ટોન કમી થાય છે. આની અસરથી એ દેખાવમાં નમેલો ને નાનો દેખાય છે, ખભા ગોળ વળે છે, ગરદનની માંસપેશીઓની સુદૃઢતા કમી થવાને લીધે ડોકું આગળ ઝુકી જાય છે, મોં ઉપર કરચલીઓ પડે છે, ચહેરાની ચામડી ઢીલી બને છે, અને આમ થાકનો દેખાવ જણાય છે.

મગજ કે જ્ઞાનતંતુઓના રોગના પરિણામે થતી પક્ષાઘાતની બીમારીમાં કાં તો માંસપેશીઓની આ સુદૃઢતા (સંકોચન) અતિગણી વધે છે યા તો માંસપેશીઓ તદ્દન ઢીલી થઈ જાય છે. આ બે પૈકી કોઈ પણ એક અવસ્થામાં રોગીથી અંગોનું હલનચલન થતું નથી. વળી ખૂબ અશક્તિને લીધે હોજરીનો ટોન પણ કમી થવાથી એમાં ખોરાક જતાંવેંત જ તે લબડી પડે છે. આવી રીતે આંતરડાંઓની માંસપેશીઓની પણ સુદૃઢતા કમી થવાને પરિણામે દુ:સાધ્ય બંધકોશ-કબજિયાત લાગુ પડે છે.

'ક્રિયાવાહી' જ્ઞાનતંતુઓ ઉપરાંત બીજા 'જ્ઞાનવાહી' જ્ઞાનતંતુઓ (sensory nerves) પણ માંસપેશીઓમાં હોય છે. એમની દ્વારા મગજને માંસપેશીઓની સુદૃઢતાની ખબર રહે છે. દાખલા તરીકે આપણે કોઈ બાળકને હાથમાં ઊચકી વારંવાર ઊંચું કરીએ છીએ ત્યારે એ ક્રિયા થવા ઉપરાંત બાળકનું વજન, તેનું ઊંચાપણું, તેનો આકાર અને આપણા હાથની સ્થિતિ તથા તેનું સમતોલન, આ બધાંનો આપણને ચોક્કસ ખ્યાલ રહ્યા કરે છે. સમતોલન ન ગુમાવાય તેની જાગૃતિ મનને રહ્યા કરે છે. આ જાગૃતિ, આ જ્ઞાન, આ ખ્યાલ, આપણા ખભા અને હાથની માંસપેશીઓ દ્વારા આપણને મળતો રહે છે. આને 'મસલ સેન્સ' (muscl sense) કહેવામાં આવે છે. આ 'મસલ-સેન્સ'ના આધારે જ આપણે વાતો કરતાંકરતાં કે આમતેમ ડાફરિયાં મારતા છતાં આપણે આડુંઅવળું પગલું મૂકયા કે ચૂકયા વિના ચાલી શકીએ છીએ; અંધારામાં દાદરો ચડી, કૂંચી શોધી કાઢી, તે તાળામાં લગાવી, તાળું ઉઘાડી શકીએ છીએ; સોયા સામું જોયા વિના સ્ત્રીઓ ભરતગૂંથણ કરી શકે છે; ટાઈપિસ્ટ 'ટચ' સિસ્ટમથી ટાઈપ કરી શકે છે. અંધારામાં કપડાં બદલાય છે અને હારમોનિયમ પણ વગાડી શકાય છે. અંધોને આંખે દેખાતું નથી હોતું છતાં તેઓ નિ:સહાય નથી હોતા, કેમકે માંસપેશીઓની આ સુદૃઢતા અને અંતરનો ક્યાસ કાઢવાની મગજશક્તિ એમને પડખે અડીખમ ઊભેલાં હોય છે. આ બધાં કામોમાં મોટા ભાગે 'મસલ-સેન્સ' જ કામ કરી રહેલી હોય છે.

માંસપેશી સંકોચાવાના પરિણામે શરીરમાં રાસાયનિક ફેરફારો પણ થાય છે. આના લીધે શક્તિ અને ગરમી પેદા થાય છે. માંસપેશીઓમાં સાકર અને ગ્લાયકોજેન સંઘરાએલાં હોય છે. આ બંને શક્તિ આપનારાં દ્રવ્યો છે. જ્યારે માંસપેશી સંકોચાય છે ત્યારે ગ્લાયકોજેનમાંથી લેક્ટિક ઍસિડ પેદા થાય છે. આ ઍસિડના $\frac{1}{5}$ ભાગનું પ્રાણવાયુ સાથે મિલન થઈને દહન થવાથી કાર્બન ડાયૉક્સાઈડ અને પાણી પેદા થાય છે. (જે ઉચ્છ્વાસ અને પેશાબ વાટે શરીરની બહાર નીકળી જાય છે.) આ ક્રિયામાં શક્તિ છૂટી પડે છે. આ શક્તિ બાકી રહેલા લેક્ટિક ઍસિડને પુન: ગ્લાયકોજેનમાં ફેરવી નાખે છે; જે કલેજામાં સંઘરાય છે.

માંસપેશી સંકોચાય ત્યારે ગરમી પેદા થાય છે, જેનો શરીર ગરમ રાખવામાં મોટો હિસ્સો છે. ટાઢ વાય ત્યારે આપણે આમતેમ આંટા મારીએ, બગલમાં હાથ ઘાલીએ કે ધ્રૂજી ઊઠીએ છીએ. આ બધી ક્રિયાઓમાં આપણે અણજાણરીતે માંસપેશીઓને ગતિમાં મૂકી ગરમી જ પેદા કરીએ છીએ. આમ, માંસપેશીઓ દ્વારા આ-



સોય પરોવવા જેવા નાજુક ને ચોક્કસ કામથી માંડીને ઘણના ઘા મારવા જેવી જરઠ કામગીરી બજાવતા હાથની માંસપેશીઓ પણ શરીરમાં અગત્યનું સ્થાન ધરાવતી હોઈ તેની સ્નાયુ-રચના ઘણી અટપટી છે. પહેલા ચિત્રમાં માત્ર હાડકાં અને તેના ઉપરના મુખ્ય 'લિગામેન્ટ' બતાવ્યાં છે; બીજામાં આંગળાંની અદ્‌ભુત ને વિવિધ કૌશલશક્તિ જેને આભારી છે તે 'ટેન્ડન'—સ્નાયુબંધન દર્શાવ્યાં છે અને ત્રીજામાં તેની સાથે મુખ્ય સ્નાયુઓ પણ.

પણાં કાર્યો પણ થાય છે, અને વળી ઉપરથી શરીરને જાળવવા ગરમી પણ મળી રહે છે.

પણ માંસપેશીઓમાં જ્યારે વધારે પ્રમાણમાં લેક્ટિક ઍસિડ જમા થઇ જાય છે અને તેને બાળવા માટે પૂરતો પ્રાણવાયુ નથી હોતો ત્યારે આપણને થાક લાગે છે. સખત પરિશ્રમ કે કસરત વખતે આપણે ઊંડા અને ઝડપી શ્વાસોચ્છ્‌વાસ લઈએ તો છીએ. છતાં પણ માંસપેશીઓની જરૂરિયાત જેટલો પ્રાણવાયુ તો શ્વાસમાં આવતો જ નથી; આથી શરીરમાં પ્રાણવાયુની અછત કે દેવું ઊભું થાય છે. તે ભરપાઈ કરવા માટે કસરત પૂરી થયા પછી પણ થોડા વખત સુધી આપણે ઝડપી અને ઊંડા શ્વાસ લીધા કરીએ છીએ.

કસરત, દોટ કે શ્રમભર્યું કામ કર્યા પછી આપણા હાથપગ 'ભરાઇ' આવે છે. હવે સમજાયું હશે કે ઉપરનાં કામોમાં માંસપેશીઓમાં પેદા થએલો લેક્ટિક ઍસિડ થાકનું કારણ છે. થાક લાગવાથી વસ્તુ વજનમાં ભારે લાગે છે, તેને ઊચકતાં હાથપગ ધ્રૂજે છે, સમધારણા સચવાતી નથી. મગજમાં લેક્ટિક ઍસિડનું ઝેર જવાના કારણે ખૂબ થાકેલો માણસ ઝટ ઊંઘમાં પડે છે. જાણે કે મડું પડયું!

એ આરામ દરમિયાન શું બને છે? લસી અને લોહી લેક્ટિક ઍસિડના ઝેરને ખેંચી જાય છે, માંસપેશીઓના કોષોને તાજું પોષણ અને હવા મળે છે અને અંતે પુનઃ કામ કરવા માટે તે તૈયાર થઇ જાય છે. કોઈવાર થોડોક આરામ પણ સ્ફૂર્તિ આણે છે, કારણ કે ઝડપથી ફરતું લોહી અને લસી વિષદ્રવ્યોને દૂર કરવા માટે સદા તત્પર જ હોય છે.

પણ થાક થાકમાં ફેર છે. કેટલાંક કામોના થાકમાં આરામ હોવો જ જોઇએ એવું નથી. દાખલા તરીકે નિશાળેથી થાકીને આવેલાં બાળકો શું કરે છે? તરત રમવા દોડી જાય છે! રોજિંદા ઘરકામથી થાકેલા માણસોને ફરવાથી કે રમવાથી થાક ઊતરી જાય છે, કેમકે આમાં લોહી ખૂબ વેગથી ફરે છે અને શ્વાસોચ્છ્‌વાસ ઝડપી બને છે, જેને લીધે થાકનું ઝેર જલદીથી શરીર બહાર નીકળી જાય છે.

માંસપેશીઓ સંકોચાવાના પરિણામે ગરમી પેદા થાય છે એ આપણે જોઈ ગયા. સામાન્યરીતે આપણી માંસપેશીઓ થોડીઘણી સંકોચાએલી તો રહે જ છે. આથી શક્તિ અને ગરમી સતત પેદા થતાં રહે છે. આ હકીકત આ જમાનાની એક બાબત અંગે ખાસ વિચારવા જેવી છે. ચાલુ જમાનો એવો છે કે જેને અનુરૂપ થવા જતાં આપણાં મન અને શરીર સદા 'તંગ' રહે છે. મનની શાંતિ તો કદી મળતી જ નથી. આની અસર નીચે આપણે નવરા હોઈએ તોપણ માંસપેશીઓ જોઈએ તે કરતાં વધારે સંકોચાએલી રહે છે. પરિણામે શક્તિનો દુર્વ્યય થયા કરે છે અને જીવનની એ ઉદ્વેગભરી દોડધામમાં તો આપણે કેટલીયે શક્તિ વેડફી નાખીએ છીએ. પણ જે શાંત પ્રકૃતિના માણસો હોય છે તેમની માંસપેશીઓ નવરાશને વખતે શિથિલ (relaxed) રહે છે. એમાંથી શક્તિનો વ્યય થતો નથી. લંડનના ખ્યાતનામ સર્જન કેનેથ વૉકર કહે છે: 'પૂર્વના દેશોનાં માણસોની જેમ કેટલા પશ્ચિમવાસીઓ માંસપેશીઓને શિથિલ રાખી બેસી કે સૂઇ શકે છે, કે એ લોકો પેઠે કમમાં કમ આયાસે હરીફરી શકે છે? ઓછો માનસિક પરિતાપ ને જીવન પ્રત્યે એક શાંત વિશિષ્ટ દૃષ્ટિ રાખવાથી માંસપેશીઓ મોટા અંશે શિથિલ રહે છે.' જોકે હવે આ જમાનામાં તો આપણા માટે પણ આ કથન સાચું રહ્યું નથી. પણ ગીતાએ ભાખ્યું છે (અધ્યાય બીજો શ્લોક ૭૨) તેમ—


विहाय कामान्य : सर्वान्पुमांश्चरति निस्पृह :
निर्ममो निरहंकार : स शांतिमधिगच्छति ।

"બધી કામનાઓને છોડી જે પુરુષ ઈચ્છા, મમતા ને અહંકાર રહિત થઇ અનાસક્ત જીવન જીવે છે તેને જ (આર્ય જીવનદૃષ્ટિ અને) મનોશાંતિ પ્રાપ્ત થાય છે."

માંસપેશીઓ કંઇ ફક્ત અંગોનાં હલનચલન માટે જ નથી, પણ આરોગ્ય જાળવવા અને પ્રાપ્ત કરવા માટેનું એકમાત્ર અને અત્યુત્તમ સાધન પણ છે. નિયમિત અને મિતપણે કસરત કરવાથી માંસપેશીઓ વિકાસ પામે છે, કદમાં વધે છે અને સુઘટિત થાય છે; પરંતુ વધુપડતા શ્રમથી યા તો પછી શ્રમના તદ્દન અભાવથી પણ તે જીર્ણ થઈ જાય છે, મરી જાય છે.

કસરતબાજો અને શરીરશ્રમ કરનારાઓના અંગોનું સૌષ્ઠવ અને સૌંદર્ય કોને આકર્ષતાં નથી? બાવડાં, છાતી, બરડા ને પિંડીની પુષ્ટ ને કસાએલી માંસપેશીઓ, પ્રસન્ન મુખમુદ્રા, તેજસ્વી આંખો, ચપળતા, સુંદર સ્વસ્થ ને નીરોગી દેહ, એ શરીરશ્રમ ને કસરત કરનારાઓને પ્રાપ્ત થતી અમૂલ્ય બક્ષિશ છે. બેઠાડુ જીવન ગુજારનારા અને કસરત નહિ કરનારા માયકાંગલા કોયળા જેવા, કે સપાટ છાતીવાળાં શરીર, પોચી માંસપેશીઓ ને ગોળગટ્ટ દોરડિયા હાથપગવાળા, જરા સરખા કામથી થાકી જનારા ને રોગી દશા વગેરેના ભોગ બને છે. આ જાણીબૂજીને મેળવેલી દુર્દશા નથી તો બીજું શું છે?

આ માંસપેશીઓમાં માણસના મરણ બાદ અજબ જેવો ફેરફાર આવી પડે છે. એમાં પ્રોટીન જામી જવાથી એ ફૂલે છે અને કઠણ તથા સખત બને છે. મરણ પછી પા કલાકથી માંડી ચાર કલાક સુધીમાં આ દશા શરૂ થાય છે અને દસથી અઢાર કલાક સુધી તે કાયમ રહે છે. તેની શરૂઆત જડબાંથી થઇ, પછી ગરદન અને હાથ પગમાં અને એમ આખા શરીરમાં તે વ્યાપે છે. આ જ ક્રમમાં પછી



અંગાંગને હલનચલન કરાવતી સ્નાયુઓની ક્રિયાને આ સાદી આકૃતિ વડે સમજાવી છે. એમાં આપણા માથાની ક્રિયાને રબ્બરની પટ્ટી વડે ઊંચાનીચા થતા રમકડાનું રૂપ આપ્યું છે. માથું નીચું થતાં રબ્બરની પટ્ટી (સ્નાયુ) તણાય છે, અને માથું ઊંચું જતાં તે ફરી મૂળ સ્થિતિએ આવી જાય છે.

તે દૂર પણ થાય છે. આને રાઈગર મૉર્ટિસ (Rigor Mortis) કહેવામાં આવે છે. એમાં શરીર લાકડા જેવું સખત બની જાય છે, મરતી વખતે અંગાંગો જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિ કાયમ રહે છે, એમને ભારપૂર્વક હલાવવા છતાં ફેરફાર થતો નથી. શરીર ઘસારે પડે એવી લાંબી માંદગીમાં આ સ્થિતિ જલદી શરૂ થાય છે.

આપણા શરીરમાં આશરે ૫૦૦ માંસપેશીઓ છે. એ દરેકનાં વર્ણન ને ઉપયોગિતા જાણવા જેવાં તો છે, પણ અહીં એને સ્થાન નથી. માત્ર એમાંની કેટલીક મહત્ત્વની માંસપેશીઓ વિષે જાણીએ.

સર્વમાં આગળપડતી તો હૃદયના માંસપેશી છે. દિવસભરમાં એક લાખ વખત અને સિત્તેર વર્ષના આયુમાં તે લગભગ ત્રણ અબજ વખત અવિરત અને અવિશ્રાંતપણે ધબકયા જ કરે છે. એ અદ્ભુત અને આશ્ચર્યજનક શક્તિનો નમૂનો છે. આવી જ શક્તિશાળી બીજી માંસપેશીઓ ગર્ભાશયની છે. શક્તિ અને સહનશીલતામાં એની તોલે આવતી બીજી માંસપેશી શરીરમાં નથી. ગર્ભાધાન વખતે બાળકને સમાવવા તે વિસ્તારમાં વધે છે અને તે તાલબદ્ધ સંકોચ પામવાથી જ બાળક વૃદ્ધિ પામી, પાકીને પ્રસવ થાય છે.

આવા બીજા બે પોલા અવયવો હોજરી અને મૂત્રાશય વિષે તો આપણે જાણી ગયા છીએ. એમની અને ગુદાદ્વાર આગળની ગોળાકાર સંકોચક માંસપેશીઓ જરૂરિયાત પ્રમાણે પહોળી થયા બાદ નિરંતર સખતરીતે બિડાએલી રહે છે. જો આમાં શિથિલતા આવે તો કેવી રોગાવસ્થા આવી પડે એની કલ્પના કરી લેવાની છે.

થાક્યા વિના સતત કામ કર્યા કરતી બીજી માંસપેશી ઉદરપટલની છે. શ્વાસોચ્છ્વાસ માટેની એ મુખ્ય માંસપેશી છે. તે ઊંચીનીચી થવાથી જ છાતી અને પેટની બખોલો વારાફરતી પહોળીસાંકડી થાય છે અને શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલ્યા કરે છે, જે જીવન ટકાવવા માટે અત્યંત અગત્યની છે. જીવનની શરૂઆતથી માંડી તે તેના અંત સુધી તે કામ કર્યા જ કરે છે. બે શ્વાસ વચ્ચે થોડો વખત આરામ મળે તે જ; બાકી તો તે થંભ્યા વગર દર મિનિટે ૧૬ થી ૧૮ વખત ઊંચીનીચી થઈ શરીરમાં હવા દાખલ કરે છે અને અશુદ્ધ થએલી હવાને બહાર કાઢે છે.

લોહીના નળીઓની માંસપેશીઓ પણ સંકોચ-વિસ્તાર પામીને શરીરના ભાગોમાં વધારે-ઓછું લોહી ઠાલવે છે. લોહીની નળીઓની માંસપેશીઓનો આ સંકોચ સતત રહ્યા કરે તો 'લોહીનું દબાણ' કાયમનું વધેલું રહે છે. મગજમાંની લોહીની નળીઓમાં આ દશા થતાં આપણને ચક્કર આવે છે, અને હૃદયમાં આ દશા ઊભી થતાં 'એન્જાઇના પેક્ટૉરિસ' નામની ભયાનક રોગાવસ્થા આવી પડે છે. આવી રીતે શ્વાસનળીઓની માંસપેશીઓ સંકોચાવાને લીધે શ્વાસ-ઉચ્છ્વાસ બરાબર થતા નથી અને દમના દરદનાં ચિહ્નો દેખા દે છે.

ચરબી

માંસપેશીઓની વચમાં અને એમની તથા ચામડીની વચમાં જાડા કે પાતળા ચરબીના થર આવેલા છે. આ ચરબી આપણને ત્રણ રીતે ઉપયોગી છે: (૧) તે માંસપેશી, હાડકાં વગેરે માટે રક્ષણરૂપ છે, (૨) શરીરની ગરમી તે જાળવી રાખે છે અને (૩) શરીરમાં 'બફર' (ધક્કા ઝીલવાના સાધન) જેવું કામ આપે છે.

શરીરમાં કાયમ રહેતી ગરમીને લીધે ચરબી આપણા શરીરમાં પ્રવાહી જેવી હોય છે. મરણ બાદ શરીર ટાઢું પડતાં તે જામી જાય છે. આંખના ડોળા, મૂત્રપિંડો અને શરીરની સપાટી ઉપર આવતી લોહીની નળીઓ આ ચરબીના લોચામાં જ ગોઠવાએલાં છે. પૂંઠના ભાગમાં ચરબી રૂપી ગાદી ન હોત તો બેસવાનું કેટલું ત્રાસજનક થઇ પડત એ વિચારી લેવા જેવું છે. વળી શરીરના ઘાટ ઘડવામાં પણ તેનો અગત્યનો ફાળો છે. ચહેરા ઉપર માપસર ચરબી હોય તો જ મોંનો ઘાટ સોહામણો અને આકર્ષક બને છે.

ઉંમર વધતાં શરીરમાં ચરબી જમા થવા માંડે છે. કાન, નાક, કપાળ અને સાંધાઓ સિવાય શરીરમાં બીજે બધે, ખાસ કરીને પેટ, પેડુ, જાંઘ અને પૂંઠમાં ચરબી એકઠી થાય છે. પુરુષો કરતાં સ્ત્રીઓમાં ચરબી વધારે જમા થાય છે. પુરુષોમાં તે વજનના દસ ટકા જેટલી છે ને સ્ત્રીઓમાં પચ્ચીસ ટકા જેટલી. આના કારણરૂપ એમને માતૃત્વ માટે તૈયાર કરનાર બીજગ્રંથીઓનું કાર્ય છે.

શરીરમાં ઠેરઠેર વધારે પડતા ચરબીના થર બેડોળતા આણવા ઉપરાંત વજન વધવાથી કામકાજમાં મંદતા આણે છે. સાંધાઓ ઉપર તે વધારે વજન નાખે છે અને હૃદય ઉપર પણ બોજો વધારે છે. વધારે ચરબીવાળું શરીર ઘણી રોગોનું ભોગ જલદી થઈ પડે છે. વળી તે દીર્ઘાયુ પણ નથી હોતું.

શરીર નિભાવવા માટે ચરબી ઉત્તમ બળતણ છે. આપણા રોજિંદા ખોરાકમાંથી આપણા શરીરના નિભાવ માટે જે બળતણ મળી રહે છે એમાં ચરબીનો પણ થોડો હિસ્સો હોય છે. પણ ચરબી એ સંઘરાઈ રહેલું બળતણ છે અને જરૂર પડ્યે એનો ઉપયોગ થાય છે. એવે વખતે તેને પેશીઓમાંથી લઈ જવાનું કામ થાઇરૉઇડ ગ્રંથીનો સ્રાવ કરે છે. અતિ જાડપના ઉપચાર તરીકે આ ગ્રંથી દવા રૂપે અપાય છે તે આ જ કારણથી. માંદગી કે બીજાં કારણોસર ખોરાક ન લેવાય એવી સ્થિતિમાં ચરબીના ભંડાર ઉપર જ શરીર ટકે છે. ચરબી ઓછી થવાથી શરીર સુકાય છે, આંખો અને ગાલમાં ખાડા પડે છે, પૂંઠની ચરબી ઓછી થવાથી બેસતાં ત્રાસ પડે છે, પગની પાટલીની ચરબી જતી રહેવાથી ચાલતાં પગના ચાબખા દુખે છે.

આમ, ચરબી શરીર માટે ઉપયોગી તો છે જ, પણ તેની અધિક જમાવટ અનિચ્છનીય છે. ચરક અને સુશ્રુત જે આઠ પ્રકારનાં માણસોને નિન્દિત ગણાવે છે, એમાં સુકલકડી શરીરવાળા સાથે અતિ જાડાનો પણ સમાવેશ થાય છે, અને આ બેમાંથી પણ સુકલા માણસને જાડા કરતાં તો શ્રેષ્ઠ જ લેખ્યો છે.

માંસપેશીઓ અને ચરબી ઉપર ચામડીનું ઢાંકણ આવેલું છે. ચરબી સાથે એ ઢીલી પોચી રીતે જોડાએલી છે, પણ હથેલીઓ અને પગનાં તળિયાંમાં તેના મજબૂત બંધો આવેલા છે. (ચાલુ)

એક જહાજ ઉપર એક જાદુગર ખેલ કરતો હતો તેમાં અનેક વસ્તુઓ ગુમ કરી દેતો હતો, તે જોઇને બધા જ પ્રેક્ષકો દંગ થતા હતા; માત્ર બાજુમાં એક પાંજરામાં પૂરેલા પોપટ પર તેની કાંઈ અસર થતી ન હતી અને દર વખતે તે એમ જ કહ્યા કરતો હતો કે "એ ખોટું છે, એ હાથચાલાકી છે; એ ખોટું છે, એ હાથચાલાકી છે."

એવામાં અકસ્માત વહાણનું એન્જિન ફાટી જતાં તેના ધડાકાથી આખું વહાણ ઊડી ગયું અને પોપટ ઊડીને એક તરાપા ઉપર પેલો જાદુગર તરતો હતો તેના પર જઇને બેઠો. લાગટ બે દિવસ સુધી એ મૂંગોમૂંગો પેલા જાદુગરને પડખે બેસી રહીને તેને ટીકયા જ કરતો હતો. અંતે તે બોલ્યો: 'ભલે ભાઈ, તું જીત્યો: પણ હવે મને એ તો કહે કે તેં વહાણ કયાં ગુમ કરી દીધું છે?'

એક થીએટરમાં બે માખીઓ વાત કરતી હતી. એક કહે, 'આ માણસજાત તદ્દન ચક્રમ અને મૂર્ખ લાગે છે!' બીજીએ પૂછ્યું, 'કેમ?' ઉત્તર મળ્યો: 'આ જોને, આ છત પર આટલું બધું નાણું ખર્ચીને કારીગરી ને રંગરોગાન કરાવ્યાં છે, તે ચાલે છે ફરસબંધી પર!'





આ હપતામાં વર્ણવેલી
'નટઘર'ની સ્વપ્નસૃષ્ટિ જ્યારે મનમાં રમતી હતી ત્યારે
લેખક

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

ત્યારે ચાલો આપણે નવી રંગભૂમિ સરજીએ. ભરતથી માંડી સ્તાનિસ્લાવ્સ્કી, માયરહોલ્ડ, વાખટનગોવ અને ગૉર્ડન ક્રેગ સુધીના રંગરસિયાઓના આશીર્વાદ માગીએ. આ રહી એ ઈમારત: દૂરથી મોઢેરાના સૂર્યમંદિર જેવી, યા સોમનાથના સોમમહાલય જેવી દેખાતી, ગોળ. એની આસપાસ વિશાળ જગ્યા છે; કુંડ નથી, ઉદ્યાન છે. બહાર બે ભાગમાંના એકમાં ભલું ભલું મળી શકે એવી રીતે યોજાએલો પ્રદર્શન ખંડ છે. એમાં કલા-કારીગીરીનાં લાકડાંથી માંડી ઝવેરાત સુધીની વિવિધ ઘર-ઉપયોગી વસ્તુઓ મળી શકે એમ છે; બીજી બાજુ ખાવાપીવા માટેનું સ્વચ્છ સ્થાન છે.

કેમ, અંદર નથી જવું? ઓહ! આ ને? એ તો આ સાથે જ સંકળાએલી બાળશાળા છે. એમાં બાળકો વાણેગાણે છે: આનંદમગ્ન, પોતપોતાની સ્વયંભૂ શક્તિ ખીલવતા, પણ શિસ્તબદ્ધ રમે છે, કૂદે છે, ગાય છે, અને અવનવું સરજતાં રહે છે. પછી તો એથી જરા મોટી વયનાંનો વિભાગ છે. ત્યાં નૃત્યના, સંગીતના, ચિત્રકળાના, વ્યાયામના, સુથારી-લુહારીના, સોનીસમારકામના, એવાએવા વિવિધ વર્ગો છે. એમાં કામ શીખાતું જાય છે, રંગભૂમિને ઉપયોગી વસ્તુઓ બનતી જાય છે, લોકોને પસંદ પડે તો તે વેચાતી પણ જાય છે.

હાં; નીચેના બધા ખંડોમાં એક આ રહી ગયો. આ બહારનો ભાગ તે ગ્રંથાલય છે, સભ્યો બની ગમે તે આ કવિતાનાં, નાટકનાં, કથાનાં પુસ્તકો વાંચી શકે છે. પાછે જરા અંદર રંગભૂમિમાં કામ કરનારાઓ માટેનો કલાસંગ્રહ છે. ત્યાં વિવિધ રૂપે કાલિદાસ, ભવભૂતિ, ટાગોર, ગડકરી, આગા હશ્ર, શૉ, મોલિયેર, ઝુડરમાન, હૉપ્ટમાન, ટૉલર, ડનાગીઓ પિરૅન્ડેલો, ગૉર્કી, ચેખોવ, સ્ટ્રાઇનબર્ગ, ઈબ્સન, મેટરલિંક, યેટ્સ, સિન્કલેર જેવા મહારથીઓ પોતપોતાના વંશજો લઇને બેઠા છે. પેલા ખૂણામાં, આકર્ષક લાગતી પાટણની કારીગરી જેવા પટારેબંધ તાળાંબંધીમાં મૂળશંકર, બહ્મભટ્ટ, વિભાકર વગેરે કપડે લપેટાએલા પડ્યા છે. હા, આ બહાર મુનશી છે. અઈ, ખબરદાર! તારા મન મર્કટને સવાર થવા દઈ અહીં તારું પોતાનું નામ લખ્યું છે તો. એ શી વૅનિટી!

મધ્યાગારમાં પછી જઇશું. પહેલાં ઉપર જઈએ. આ, અર્ધ ઈમારતને ઢાંકતી અગાશી છે. એમાં અર્ધ ગોળાકાર બેઠકો જરા ચડઊતરી એટલા માટે બનાવી છે કે અહીં બાળકો પણ અવારનવાર કંઈક કૌતુકો કરી બતાવે છે. એમને પંચતંત્ર આવડે, ઈસપ નીતિકથા મોઢે, લોકકથા લલકારે; એમને બાવો, રાજા, બાહુ, શિકારી, સૈનિક, પટચમચી, ભૂંગળિયો, પરી, ઉષા, સન્ધ્યા, કિરણ, ફૂલ, વાયુ, મેઘ, વીજળી, એવુંએવું જરી વારમાં થતાં આવડે. ન આવડે તો આ શિક્ષકો શા માટે રહ્યા છે? તેઓ બતાવે. પણ મઝા તો એ છે કે કોઈવાર તો એ બાળકો જ શિક્ષકને બતાવે; અને વળી ગમ્મતમાં બનાવે. અને શિક્ષકો પણ હસીને બને, અને પાછા બાળકોને બનાવે. ફૂલમાંથી બી અને બીમાંથી ફૂલ એમ ચાલ્યા જ કરે.

હા જી; વાદિંત્રો પણ અહીં જ બને છે. શરૂઆતમાં નહોતાં બનતાં, પણ પછી તો અલોપ થતા જતા જયપુર નીરતના કારીગરોને રોજી આપી અહીં રાખ્યા. એમણે પરંપરા ઊભી કરી. જરા લાંબા ગાળાનું કામ તો ખરું જ; પણ રોગ ક્યાં એક દિવસમાં બંધાયું હતું. આ છબિઓ ને? એ તો છે તાનસેન, તાના રીરી, સદારંગ, વિષ્ણુદાસ, મીરાંબાઈ, જયદેવ વગેરેની. આ બાજુ બેથોવન, વાગનર, બાખ, મેન્ડૅલસ્લોહન, હૅન્ડેલ, મોત્સાર્ટ, ઝાઈકોસ્કી, સ્ટ્રાવીન્સ્કી, મઝોરકી વગેરેની છબિઓ છે. હા; સાથે એ બધાની સંગીતકૃતિઓ પણ છે.

મધ્યાગારના પડખાના આ ખંડો તો જોયા પણ આ એની પાછળ જરા દૂર પેલી પ્રયોગશાળા જોઇ? આવો; અહીં વૈજ્ઞાનિક વસ્તુભંડાર છે. વીજળીને અહીં બાંધી છે અને એને મનમાની રીતે નચાવી એની પાસેથી અવનવાં કામ લેવાય છે. એ અંધારું-અજવાળું પણ કરે, અને પરદા પણ પાડે-ઉપાડે. જોજેની, મધ્યાગારમાં જઇશું ત્યારે; ત્યાંની હવા પણ સાફ કરે ને એને ઠંડી પણ કરે. ઘોંઘાટને દૂર રાખે, અવાજનું નિયમન કરે, કોઇકોઈ વાર તો ભારેની માયાજાળ પણ ઊભી કરે. અંદર તખ્તાને ફરીક ફેરફુદરડી પણ ફેરવે. અસલ ઊજળી અને ઊજમ સેવા કરતાં, હવે વીજળી અને ઉદ્યમ સેવા કરે છે. પ્રયોગશાળામાં થોડાં રસાયનો પણ છે, અને ત્યાં સંશોધન પણ થાય છે. વીજળી હવે ઉમરલાયક થઇ. એને પરણાવવા કોઇ સારો કિરણવર શોધીએ છીએ. અને જ્યારે એનાં લગ્ન કરીશું ત્યારે રંગભૂમિનાં નવલાં દર્શન કરાવીશું. પણ હવે આગળ ચાલો, આ પાછે

તો હજી ઘણું પતાવવાનું છે. જરી ઉતાવળ કરીએ?

પ્રયોગશાળાને પડખે આ વિસ્તારમાં મોટું રસોડું છે. બીજી બાજુ રાતવાસા માટે પ્રત્યેક કારીગરનો આરામખંડ છે. નહાઈ ધોઈ સ્વચ્છ થઈ અહીંથી એ કામે ચડે, અને અહીં પાછો પરવરે. વચ્ચે પેલો ઓાતરો બાંધ્યો છે, તે જોયો? તમે નવરા પડ્યા હો તો ત્યાં બેઠા ટાહ્યલાં મારો, ચા-કૉફી કે છાશ-દૂધ પીઓ. મિત્રોને નિમંત્રો. ચર્ચાઓ પણ ચલાવો. ધીમેધીમે એ પારીસનું કવાર્ટેર લેટીન થશે. એમ તો અહીં ધીમેધીમે એક ખૂણામાં નાનું શાંતિનિકેતન, બીજી બાજુ નાનું બનારસ, ત્રીજી બાજુ અક્ષ્બ ઑફ્સફર્ડ યા સ્ટૅનફર્ડ, ચોથી બાજુ મનોરમ ફ્લૉરેન્સ યા મિલાનો, પાંચમી બાજુ રમ્ય અદ્યાર, તો છઠ્ઠી બાજુ અસલી હાઇડલબુર્ગ પણ લાગશે. મારી પોતાની વૃત્તિ તો એવી કે એક ખૂણામાં વીએના સરજી ત્યાં હંગારિયન રાતો જગાવી, બુદાપેસ્ટમાં ભૂરી ડાન્યૂબ કે કાશીઘાટે ગંગાલહરી રેલાવી, સાતે સાગરનો સમન્વય સાધું. ચોર્યાશી લાખ ફેરામાંથી એક ફેરે પણ એટલું સિદ્ધ નહિ થાય? શું હસો છો? આશીર્વાદ તો આપો!

આપ હવે અંદર જવાને ખૂબ જ ઇંતેજાર થઈ ગયા છો, નહિ? કંઇ મીઠું ઉત્તેજક પીશો? અને, ક્ષમા કરજો, ધૂમ્રપાન અહીં વર્જ્ય છે.

આવો. આ પ્રેક્ષકોને બેસવાની જગ્યા છે. આપણે અહીં રંગભૂમિથી દૂર છીએ, છતાં ત્યાંનો નાનામાં નાનો નિઃશ્વાસ પણ અહીં સંભળાય એવી કલામય બાંધણીને લીધે કુદરતી-રીતની જ અવાજવિસ્તારની સગવડ છે. અને જુઓ બેઠકો પણ સગવડવાળી નથી? કોઈ પણ ખુરશીને વચ્ચે થાંભલો નડતો નથી, કારણ આખા પ્રેક્ષાગૃહમાં ક્યાંય પણ એકેય થાંભલો જ નથી.

નાટક શરૂ થવા અગાઉ પાંચસાત મિનિટ પહેલાં આખા ઘરમાં સંભળાય એવું સંગીત વાગી રહે છે. ફાવ્યું તે નહિ, અડસટ્ટે ગોઠવેલી ઘોંઘાટી કર્કશ રેકોર્ડો નહિ, પણ નાટકના હાર્દ તથા વાતાવરણને અનુરૂપ, પ્રેક્ષકનું મન બરાબર તે ભાવને અનુસરતું બનાવે એવું; દાખલા તરીકે સીતાનું નાટક હોય તો કેવળ વીણા યા બીન યા સિતાર પર માર્દવભરી કરુણ ધૂન જ સાંભળો. અને શિવાજીનું નાટક હોય તો રણશીંગડાં અને શરણાઇના વીરરસ ઉત્તેજક હમીરના સૂરો સાંભળો. જેવી કથા તેવું કીર્તન. પણ બધું માપસર, રીતસર; અરધા કલાક પહેલાંના રાગડા નહિ. વળી નાટક મોડું શરૂ થાય અને પેલાં ચાલ્યા જ કરે એવું પણ નહિ.

આ એ રંગભૂમિકા. એની ઉપર પગ મૂકતાં પહેલાં આપણે એને વંદન કરીએ, એની આશિકા આંખે લગાડીએ. આપ મારા જેટલા ઊર્મિલ નહિ હો, એથી કદાચ હસશો. પણ જ્યારેજ્યારે હું રંગભૂમિ ઉપર નાટક કરવા ઊતર્યો છું, ત્યારેત્યારે નેપથ્યમાંથી નીકળતાં પહેલાં, ત્યાં અનસૂયા કે સુમતિ હોય તો એની પાસે વારણાં લેવડાવીને, અને હાજર ન હોય તો ટેલીફોનથી ઑલબેલ માંગીને જ બહાર નીકળ્યો છું. જરા વેવલાઈ તો ખરી, પણ...

આ ઉપરના અને વાળેલા પરદા બધા અહીં જ તૈયાર થાય છે. જેવો નાટક તેવી રંગની શૈલી. એ સંબંધી પુસ્તકો પણ છે, અને અખતરાઓ પણ થયા કરે છે.

હા, આઇન્સ્ટાઇનનો આત્મા પણ અહીં કેટલુંક જુએ તો જરૂર પ્રસન્ન થાય. પ્રેક્ષકની પાછળ ભીંત અને ભજવનારની પાછળ પણ ભીંત, એવી રચનાને બદલે ભજવનારાઓની પાછળ બે અને ત્રણ દીવાલોની પણ રચના કરીએ છીએ. આ ઝાલરને બદલે ઉપરથી છાજલી પણ આવે. અને કોઈ વાર તો ભજવનારા અને સાંભળનારાની વચ્ચે કશો ભેદ—કશી ભેદરેખા હોય જ નહિ. કદીક તો ભજવનારાઓને પણ નાટકમાં ભાગ લેતા બનાવી દેવાય. એ તો જેવો નાટક. કોઇ ચોક્કસ 'ઇઝમ'ની ગુલામી નહિ.

નાટકની રંગભૂમિ છે તો નાની, પણ એમાં એક જ 'ઈઝમ' કેમ ચાલે? પૃથ્વી કેટલી નાનકડી છે, પણ એમાં આખું વિશ્વ નથી સમાઈ જતું? એમાં કેટલા બધા ત્રિકાળના 'ઈઝમો' ચાલુ છે? એમ, પૃથ્વીમાં જેટલા વાદને સ્થાન એ સર્વને આ રંગભૂમિ પર સ્થાન. સર્વ વાદનો વિવાદ એ નાટક. સર્વ વિવાદનો આખર એક વાદ તે રંગભૂમિ. ફિલસૂફો જ એ અદ્વૈતવાદ તો સમજાવી શકે. પણ રંગભૂમિનો એક વાદ યા અદ્વૈતવાદ તે તો કલાવાદ. નાટક, ભલે ગમે તે દેશના લેખકનું હોય, પણ તે 'કલાત્મક' હોવું જોઇએ, એને ભજવનાર ભજવાવનાર કલાકાર હોવા જોઇએ; બસ.

આ રંગભૂમિનું સંચાલન એક વર્ષ માટે મને જો સોંપો, તો દર મહિને એકેક નાટક લેખે નીચેનાંમાંથી બાર હું પસંદ કરું. તે પહેલાં દરેક જાણીતા 'વાદ'ના જાણકાર પાસે એને અહીંની ભાષાના બરાબર વાગ્વાધા સમજવું,—એટલેકે એનો બરાબર અનુવાદ કરાવું.

(૧) ભાસનું પ્રતિમા, (૨) શકુન્તલા, (૩) રોમિયો-જુલિયટ, (૪) મૃચ્છકટિક, (૫) ઓથેલો. (૬) હૅમલેટ, (૭) સેન્ટ જોન, (૮) ગૉર્કીનું મધર, (૯) ચેરી ઑર્ચર્ડ, (૧૦) એમ્પરર જોન્સ, (૧૧) ડૉલ્સ હાઉસ, (૧૨) પીટર પૅન, (૧૩) બ્લુ બર્ડ, (૧૪) ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ—ગિલ્ગુડની તખ્તાકૃતિ, (૧૫) સીતા, (૧૬) સિરોનો દ બર્ઝેરક, (૧૭) ડમ્બ વાઇફ, (૧૮) સિલ્વર કોર્ડ. કે (૧૯) ગોલ્ડન બૉય એવાંમાંથી એકેક લેતો જાઉં. હા, જરા સાહસ તો ખેડું જ.

હં; આ બાજુ અહીં બે અલાયદા ખંડો છે તેમાં પધારો. પછી પાછા ફરી અહીં આવવું હશે તો આવીશું. આ શરૂઆતની તાલીમ માટેની જગ્યા છે. અહીં નાટકનું પહેલું વાચન થાય, દરેકના હાથમાં નકલો રહે, પાઠકો વાંચે, અનુ-પાઠક પણ વાંચે. આ પાટિયા પર નાટકના મુદ્દાઓ અને પૃથક્કરણ લખાતાં જાય; નકશાઓ પડતા જાય. પહેલાં ફક્ત વાચનમાં જ અઠવાડિયું તો નીકળી જાય. દરેકના મનમાં નાટક બેસી જાય પછી બારીકાઈથી ચર્ચા ચાલે: શું રાખવું, શું કાપવું, ક્યાં ક્યા રસની પરાકોટિ લાવવી, વગેરે. એટલામાં તો એમાં જરૂરી સામગ્રીઓની યાદી તૈયાર થઇ જાય, ને તે પ્રમાણે સુથારીઈમારતી ખાતાંઓમાં કામ શરૂ થઇ જાય. નટો પણ એમાં કામે લાગે. વસ્તુઓની નવી શૈલી, અજબગજબ શૈલી કે જૂનવાણી શૈલી વિચારાય ને તેનો નિર્ણય થાય. એમ જ વસ્ત્રો અને આભૂષણોનું. થોડી નવી જાતનું કાપડ જોઇએ. અને ઉપર ભરતકામ, તો તે માટે અહીં જ વણાટશાળાવાળા બધું કરી આપે. કહો તેમ રંગી પણ આપે. એમાંના પાછા કેટલાક નટો નાટકમાં પણ ઊતરવાના જ ને? એમને બધું પહેલેથી સૂત્રધારે સમજાવી દીધું હોય.

આપણા સંજોગો જોતાં શરૂઆતમાં રીહર્સલ કેવળ અભિનયથી જ—શબ્દો વિના જ લેવાવાં જોઇએ. આમ, અભિનય એ નાટકનું કલેવર છે. એ ઘડાતાં એમાં શબ્દરૂપી પ્રાણ પૂરવા. એમાં લાગણીઓને આપોઆપ તરવરવા દેવી, ખેલવા દેવી, ખીલવવા દેવી, જેટલી એની રમઝટ વધે એટલી વધવા દેવી. પછી જેમ માટીમાંથી ઘડાનો ઘાટ ઘડાય એમ કુશળ સૂત્રધારે કાપકૂપ શરૂ કરી લાગણીઓ ઉપર સંયમના બંધ બાંધતા જવા. સૂત્રધારે નટના વ્યક્તિત્વને પણ પાઠ ભેગું ખીલવવાનો અવકાશ આપવો.

હિન્દુ માયાજાળમાં—કલાશાસ્ત્રોમાં વિવિધ વિદ્યાઓ વર્ણવેલી છે. તેમાં એક તિરોકારિણી, અંતર્ધ્યાન થઇ જવાની છે. એવી જ એક

અન્યના દેહમાં પ્રાણપ્રવેશ કરવાનો છે પેલા 'ભગવદજ્જુકીયમ્' નાટકમાં એમ જ છે ને? અને એમાંથી એણે કેવું અગર પ્રહસન નીપજાવ્યું છે! નટે પોતાના પાઠ પૂરતી એ વિદ્યા જાણવી જોઇએ. પોતાના ખોળિયામાં નાટકમાંના પાત્રના પ્રાણનો સંચય કરી. એના વ્યક્તિત્વને સજીવન કરી, પાઠ કર્યા પછી એનું પાછું વિસર્જન કરી દઈ, નિરપેક્ષ થઇ જવું જોઇએ. નહિ તો તો પેલા મહાસમાધિસ્થો પ્રાણને બ્રહ્માંડમાં લઈ જાય, અને પછી ત્યાંથી ઉતારતાં ન આવડે તો જીવ વર્ષો સુધી તાળવે જ ચોંટેલો રહે એવી દશા થાય!

નટ એ નાટકશાળાનું અંગ હોઈ એનો સંપૂર્ણ વિકાસ સધાયા પછી જ આખા શરીરના સકળ અંગો સાથે એણે સમભાગી બની સહયોગ સાધી કલાસર્જન કરવાનું છે. એમ કરવામાં બધા નટો સાથેનો સળંગ વ્યવહાર સાધનાર તો સૂત્રધાર જ છે.

દરેક નાટક ભજવાતાં ભજવાતાં સુધરી શકે છે. એક જ બીબામાં બેસાડીને માત્ર તે જ પ્રમાણે ભજવવામાં તો એ નાટકનો વિકાસ શક્ય હોય તો તે અટકી જાય છે. વળી એક નાટક એક જ રીતે ન ભજવતાં બેત્રણ રીતે ભજવવાની શક્યતાઓ, તે એકવાર ભજવાયા પછી પણ વિચારવી જોઈએ. શિખાઉ નાટકકારે ભજવાતાં નાટકો જોઇને બને તેટલા બોધપાઠ લેવા જોઈએ. કસાયલો પીઢ નાટકકાર તો સૂત્રધારને પણ સારી મદદ કરી શકે. ખરું જોતાં તો નાટકકારે નાટક લખીને આપી દીધા પછી એણે પોતાને એ કૃતિ પૂરતો અવસાન પામેલો જ માનવો. જોઇને એ શીખે, અને બીજી આવૃત્તિ સુધારે, તો સુધારવી. પણ પોતાની કૃતિ અમુક રીતે જ ભજવવાનો દુરાગ્રહ ન રાખવો. એણે તો કલાકૃતિ સરજી. લેખક તો નશ્વર છે, એ તો ચાલ્યો જશે; એની કલમ જ જીવશે. એને ભલેને દાયકેદાયકે-યા મહા કલાકૃતિને સૈકેસૈકે સૂત્રધારો નવસંજીવની આપ્યા કરે.

રોમિયો-જુલિયટ કેટકેટલી રીતે, કંઈક કલા પરીક્ષકોએ ભજવ્યું છે ને ભજવાશે? શેક્સપીઅર ક્યાં જોવા-કહેવા આવવાનો છે? છતાં જુદીજુદી સજાવટ ને રજુઆત સાંપડતી જ જાય છે. એમાં શેક્સપીઅરનું મંતવ્ય-વક્તવ્ય સચવાતું રહે છે, જળવાઇ પણ રહે છે.

સૂત્રધાર નાટકકારનો ગર્ભ બદલી ન શકે. ઘણુંઘણું તો એનું વિવરણ કરે, એનું રહસ્ય સમજાવી શકે, પણ મૂળ મુદ્દાને તો એણે વફાદાર રહેવું જ જોઈએ. કાચીપાકી કૃતિના મુદ્દાને બદલાવી શકે, ઉદ્ધારી શકે, એવું એણે કરવું જોઇએ.

મૂળ વાતે, નાટકની સફળતા એકધારી સતત તાલીમ પર જ અવલંબે છે. પણ જોઈ પેલી ચાબુક? શિસ્તનો ભંગ અને નિયમિતપણાનો અભાવ, તો આ ચાબૂકનો ઉપયોગ! બે ફટકા મારી ભલે એનું પાપ ધોવા ઉપરથી દસ રૂપિયા વધારે આપો; પણ ફટકા જ એવા પડે કે પેલા દસ લેવાને નટનો જીવ જ ન ચાલે. સિદ્ધાંત એટલો જ કે સોટી મારવી નહિ, પણ સોટી બતાવવી તો પડે. નટોને સારી રીતે રહેવાની, ખાવાની, ભણવાની, શીખવાની, શહેરમાં શહેરની બહાર ગમે ત્યાં ફરવાની, ફરીને જોવાની, ઘડપણ માટે બચાવની બધી સગવડો આપો. પછી હોંસેહોંસે એ કામ ન કરે, તો એણે જાતે જ શાળામાંથી રૂખસદ લઇ લેવી જોઇએ.

આ નાટકશાળા છે,—એટલે કે વિદ્યાપીઠ છે, યુનિવર્સિટી છે. અહીં સંગીતના જૂનવાણી અપ્રચલિત રાગોને સંશોધિત કરી એને નવજીવન આપવામાં આવે છે; ભારતની વિધવિધ શૈલીઓનો સમન્વય કરી એનો શક્ય એવો વિકાસ અહીં વિચારવામાં આવે છે. એ જ પ્રમાણે નૃત્યના ક્ષેત્રમાં પણ ભારતની જુદીજુદી શૈલીઓનું વિવરણ-પૃથક્કરણ કરી સર્વાંગસુંદર એકીકરણ કરવા પ્રયત્ન કરવામાં આવે છે. ચિત્રકામ તો એવું જ રહે છે, અનોખું ને અમર્યાદિત. એમાં કલાકારના આત્માને વિહરવા દો, અમુક શૈલીમાં ન બંધાવા દો, આપોઆપ નાટકને અનુરૂપ, કલ્પના કસોટે એવા, અને મુખ્ય ભાવને પોષે એવા પરદા ચીતરાયે જશે. એ રંગવિધાન, ને એની ઉપર વૈજ્ઞાનિકરીતે વિદ્યુત્પ્રકાશના પ્રયોગો ધારી માયાજાળ નિપજાવશે.

જરા ઊભા રહો, પણે પ્રેક્ષકાગારમાં આવો. ત્યાં મનને ગમે ત્યાં બેસો. કયો,—'ચિત્રાંગદાનો એક પ્રસંગ' લઈશું? કે નરસિંહનો કેદારો ગાઇને વર્ષાદ નોતરવાનો પ્રસંગ લઈશું?

જુઓ પણે; જોયું? ઘડીભરમાં હિમાલયનો શિખર-પ્રદેશ જણાયો. અને હવે જુઓ, આ પ્રકાશ-રચના. એ છે સન્ધ્યાકાળ. રતુમડાં શિખરો, પરદા અને રોશનીની મિલાવટ! વચ્ચે જમીન પર જરા ગ્લેશિયર (હિમનદી)નો દેખાવ કરવા આવી મોહજાળ ઊભી કરી છે. એટલે જાણે હિમમય ભૂમિકા ધીમેધીમે સરકતી લાગે છે. અહીં અર્જુન અને ચિત્રા સંવાદ કરશે.

તમે પૂછશો, આવું થીએટર યા આવી વિદ્યાપીઠ જેવી નાટકશાળા કોણ બાંધે? કોણ બાંધે વળી? પ્રજા, પ્રજાજન, પ્રજાનિયુક્ત અમલદારો યા પ્રજાપ્રેરિત રાજ્યકારિણી સભા. જે બાંધે તે-માનવી તો ખરો જ ને? કંઇ અલાદીનના જાદુઇ દીવાથી નહિ બંધાય. રાજા યા પ્રજાની ભાવનાથી બંધાય, ભાવના પાછળની સતત તપસ્યાથી બંધાય, તપસ્યાની પાછળના પુરુષાર્થથી બંધાય.

ના, એમ કટાણી આંખે મારી સામે કૃપા કરી ન જુઓ. હું ન બાંધી શક્યો. હું એની જ પાછળ સતત મંડ્યો ન રહ્યો, પૂરતો પુરુષાર્થ ન કર્યો. ક્વચિત સાધના શરૂ જ ન કરી. કેવળ વાતો કરી, ભાષણ-સંભાષણો કર્યાં; કષ્ટોને નિર્મૂળ કરવા કમ્મર ન કસી. પછી શાની સિદ્ધિ મળે?

વલખાં માર્યાં, વલોપાત કીધા, કરવાનું ન કીધું, આડમાર્ગે ચડી ગયો, અયોગ્ય આરામમાં પડ્યો. કોઇ વ્યવસ્થિત યોજના ન ઘડી, એને સફળ કરવા મહેનત ન કરી. તમે તો પૂછશો; અને તમને તો ગમે તે જવાબ આપું, કંઈક બહાનાં પણ બતાવું. પણ મારા નિયંતાએ મારામાં એ વિષે કંઈક સમજ આપી અને અહીં પાઠવ્યો, એ નિયંતા, અહીંથી હું પાછો વળતાં, પૂછશે જ,—ત્યારે 'એને' શો ઉત્તર આપીશ? જાતને છેતરી શકીશ, તમને છેતરી શકીશ. એ મહાન સર્જનહારને વિશ્વના સૂત્રધારને, અલૌકિક સંગીતનાયકને કેમ છેતરી શકીશ?

ચાલો, પશ્ચાત્તાપનો કાંટ કોતરી રહ્યાં છે; હવે આપણે બહાર ચાલ્યા જઇએ. (ચાલુ)

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરના તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા



૫
'ચોરાવર મોર'

માણસમાં સજ્જનતા અને દુર્જનતા બંને હોય છે. કોક વખતે સજ્જનતા સાવ સૂઈ જાય છે. કોક વખતે જાગતી હોય તો યે દુર્જનતા સામે થવા જેટલો એનામાં ઉત્સાહ નથી હોતો. કોક વખતે સામે થાય પણ ખરી; પણ હારી જાય છે. હમેશ આમ ચાલતા યુદ્ધમાં જ્યારે દુર્જનતા જ હારી જાય છે ત્યારે માણસ સદાચારી થયો ગણાય. અને જ્યારે આખરે દુર્જનતા ઓગળી જાય, સજ્જનતાને હરીફ જ ન રહે, ત્યારે માણસ જીત્યો કહેવાય.

મારી દુર્જનતાનું એક સ્મરણ આ યાત્રામાં નોંધવા જેવું છે. કૉલેજમાં ત્રીજી ક્લબ એ કાનડી વિદ્યાર્થીઓની. કર્ણાટકમાં આવેલા બેળગામનો હું રહીશ, એટલે બીજી ક્લબવાળા મને લે નહિ. પરિણામે મને ત્રીજીમાં જવાની ફરજ પડી. એ ક્લબમાં હું કેવી રીતે ફાવું? કાનડી ભાષા હું સહેલાઈથી બોલી ન શકું. એટલે ચર્ચા-વિનોદ કશામાં ભાગ ન લેવાય. બધા જ કાનડી વિદ્યાર્થીઓ કંઈ મરાઠીમાં ન બોલી શકે. થોડા દિવસ પછી હું મરાઠી હોવાની શોધ થઇ ને બીજી ક્લબમાંથી મને આમંત્રણ આવ્યું અને હું ત્યાં ગયો. આથી બંને ક્લબના વિદ્યાર્થીઓ જોડે મારો પરિચય થયો. ૧૯૦૭ની રાષ્ટ્રીય હીલચાલમાં કૉલેજોમાંથી પ્રાંતીય ભેદ કાઢી નાખવાના અમારા પ્રયત્નમાં એ પરિચય કીમતી નીવડ્યો. પણ એ પરિચયમાંથી મને એક વખતે પોતાની દુર્જનતા અજમાવવાનો એક પ્રસંગ મળ્યો એ તો આર જ હતો.

અમારા વખતમાં કૉલેજમાં નહાવાની સગવડ પૂરતી ન હતી. એક મોટી ઓરડીમાં દીવાલ સાથે અંડેલા ફરતો નળ હતો એમાં સરખે અંતરે ચકલીઓ બેસાડેલી હતી. દરેક ચકલી નીચે એક પથરો. એના પર બેસી નાહીએ. પાણી ગરમ કરવા માટે એક બંબો હતો. એમાં એક મોટા નળે પાણી આવે અને બે નાની ચકલીએ નહાવાને ગરમ પાણી મળે. આ બે ચકલી આગળ છ છ ડોલોની હાર હમેશાં ઊભી હોય. છેલ્લી ડોલનો વારો આવે ત્યાં સુધીમાં કલાક જાય. કોકકોક વાર તો એકે ડોલ આપણને ન મળે. પછી જેની ડોલ ભરાતી હોય એને કહીએ, તારા નાહ્યા પછી ડોલ મને આપજે. એને અમે 'ક્લેઈમ' કહેતા. ઘણી વાર તો સામો માણસ કહે કે એનો ક્લેઈમ થઈ ચૂક્યો છે. કોક વાર છેલ્લી ડોલનો ક્લેઈમ મેળવવા ભાગ્યશાળી થઇએ. હવે એ ડોલ પહેલી થઇને ભરાય, પછી પેલો ધણી નહાય ત્યારે એ ડોલ આપણને મળે. ત્યાર પછી છની હારમાં એ છેલ્લી મૂકીએ અને પછી જ્યારે એ પહેલી થઇને ભરાય ત્યારે ત્યારે આપણે નહાવા પામીએ!! આટલો વખત ત્યાં બેસવાની ધીરજ કોને હોય? એટલે પોતાના ક્લેઈમની નિશાની તરીકે લોટો અથવા એવી જ કોઈ વસ્તુ ડોલમાં મૂકીને શૌચ માટે કે કેશ કતરાવવા કે બીજા કામે જઇએ.

આવી સ્થિતિનો ફાયદો લેવાનું એક કર્ણાટકી ભાઇને સૂઝ્યું. એને આપણે વ્યંકટેશ કહીશું. વ્યંકટેશ સ્નાનગૃહમાં આવે કે તરત જ શોધવા લાગે કે કયી ડોલ પર કોનો ક્લેઇમ છે. ડોલ ભરી હોય અને એનો માલિક એ જ ક્ષણે હાજર ન હોય તો તો વ્યંકટેશ આગળ સવાલ જ નહિ. સ્નાનગૃહનો ભૈયો ગમે તેટલું કહે કે આ ડોલ ફલાણા ભાઈની છે, એ હમણાં આવશે, તો યે વ્યંકટેશ એ ડોલ તફડાવવાના જ. પણ વ્યંકટેશ એથી આગળ વધ્યા. બીજાની ડોલમાંથી એનો લોટો કાઢી બહાર મૂકે અને પોતાનો લોટો અવેજીમાં એમાં મૂકી દે. મૂળ માલિક આવી જાય તો યે ઝગડો કેમ મટે? વ્યંકટેશ કહે આ ડોલ મારી છે. સામો માણસ કહે મારી છે. હવે 'સોગન સામે સોગન'-ના કજિયાનો નિકાલ કઈ રીતે આવે? વ્યંકટેશનો સ્વભાવ તકરારી એટલે જે આખર સુધી બોલે તે જીતી જવાનો, એ ન્યાયે ઘણી વખત વ્યંકટેશ જીતી જતા. પછી તો ઘણા જણ વ્યંકટેશને ઓળખી ગયા. તેથી એ આવે ત્યારે સૌ ચેતી જતા ને પોતપોતાનો ક્લેઇમ સાચવતા. આ પછી તો કોઈ જો કોઈની ડોલ તફડાવે તો એને ચોર કહેવાને બદલે બધા એને જ 'વ્યંકટેશ' કહેતા. થોડા જ દિવસમાં બીચારા વ્યંકટેશની સાખ સાવ ઘટી ગઈ અને એની ચૌર્યકળા કીર્તિરૂપે જ રહી.

આવા અદ્‌ભુત વાતાવરણમાં સ્નાનાગારના રાજકારણમાં અમે પ્રવેશ કર્યો. થોડા જ દિવસમાં વ્યંકટેશની ખ્યાતિ મને સુવિદિત થઈ. ખ્યાતિ સુવિદિત થઈ ને મારી મતિ બગડી. મેં વિચાર કર્યો કે **ચોરાવર મોર** એ ન્યાયે ચોરની ચોરી કરવામાં પાપ નથી, અને શાહુકાર જોડે શાહુકાર રહેવાથી સપડાવાનો ભો નથી. મેં મન સાથે નક્કી કર્યું કે એકલા વ્યંકટેશને જ ન્યાય-નીતિના ક્ષેત્રથી બહારના ગણવા અને ધર્માધર્મનો કશો ખ્યાલ કર્યા વગર વ્યંકટેશને લૂંટવા.

બીજે જ દિવસે વ્યંકટેશને પોતાની ડોલમાં લોટો મૂકી કપડાં લાવવા ક્લબમાં ગએલા મેં જોયા. સાધો ગયો અને એની ભરેલી ડોલ ઉપાડી નહાવાનું શરૂ કર્યું. વ્યંકટેશ આવ્યા ત્યારે મને હસવું આવતું હતું. હું ચોરનો ચોર ખરો. પણ કંઈ ચોરીમાં પાકો ન હતો. છતાં પૂરો પ્રયત્ન કરી હસવું દબાવ્યું અને એકચિત્ત થઈ નહાવા લાગ્યો. વ્યંકટેશને પણ આ અપૂર્વ પ્રસંગ હતો. એણે ડોળા કાઢી, નસ્કોરાં ફુલાવી મારી સાથે ઝગડો શરૂ કર્યો. મને ચિડાવાનું તો કારણ હતું જ નહિ, એટલે ગરમ પાણીએ નહાતો છતાં હું ઠંડો જ હતો. વ્યંકટેશની બીજી એક વાત મારા ધ્યાનમાં આવી હતી. એને મરાઠી બરાબર આવડતું ન હતું. એ કાનડીમાં બોલે તો કર્ણાટકી ભાઇઓ જ સમજે. સાર્વજનિક વ્યવહાર તો મુખ્યત્વે અંગ્રેજીમાં ચાલે. કોઈ એની સાથે મરાઠીમાં બોલે તો એ અંગ્રેજીને બદલે પોતાની ભાંગીતૂટી મરાઠીમાં જવાબ આપતો. આ શોધનો માલિક હું જ હતો. એટલે કે મેં એ આજ સુધી ગુપ્ત જ રાખી હતી. આવી શોધનું 'પેટન્ટ' તો લેવાય જ નહિ. મેં વ્યંકટેશ જોડે મરાઠીમાં કજિયો શરૂ કર્યો. એક તો બીચારાની શાખ રહી ન હતી, એટલે એનું કોઈ સાચું માને નહિ; અને મારી જોડે મરાઠીમાં બોલતાં એને શબ્દો કે વાક્યપ્રયોગો ઝટ જડે નહિ. આસપાસના પ્રેક્ષકો, એ જ સાધારણરીતે આવા ઝગડાના ન્યાયાધીશ હોય છે. એટલે વ્યંકટેશના વાક્યપ્રવાહમાં ભાષાદુર્બળતાને લીધે જેટલાં સ્ખલન થાય તે બધાંનું કારણ એનો પક્ષ

બોટો છે એ જ ગનાવા લાગ્યું. જેમજેમ પ્રેક્ષકોની મારા તરફની સહાનુભૂતિવધે તેમતેમ વ્યંકટેશ ચિડાઇને આંધળો બને. હું મરાઠીમાં બોલું એટલે એને અંગ્રેજીમાં બોલવાનું સૂઝે જ શાનું? એને પણ ખબર ન હતી કે મેં ઈરાદાપૂર્વક એને ભાષાની જાળમાં કરોળિયાની પેઠે પકડ્યો હતો. હું દર દલીલને અંતે ભારપૂર્વક કહેતો કે તમને ભલે ડોલ તફડાવવાની ટેવ હોય, પણ મારી આગળ તમારું ચાલવાનું નથી. હું નવો વિદ્યાર્થી જાણી મને લૂંટવા માગો છો, એમ?

મેં આમ બેત્રણ વાર વ્યંકટેશને લૂંટ્યો હશે! પછી વિચાર આવ્યો કે स्वल्पम् एव अधर्मस्य त्रायतेमहतामयात्. ઝાઝા દિવસો સુધી આમ ચલાવીશ તો મારો ભેદ ખુલશે અને પછી મારે પણ વ્યંકટેશની હારમાં બેસવું પડશે. પણ ત્રણચાર વારથી જ હું કેમ ધરાઉં? મેં આગળ જઇને વિચાર કર્યો કે અધર્મથી હવે સ્વાર્થ સાધવો એ સલામત નથી, પણ પરોપકાર તો જરૂર કરાય. એટલે મેં મારા મિત્ર પરચુરેને મારી વિદ્યાની દીક્ષા આપી. ભાષાની શોધથી પણ મેં પરચુરેને વાકેફ કર્યા. પછી તો પૂછવું જ શું? પરચુરેએ મારા મંત્રનો પ્રયોગ આબાદ ચલાવ્યો. પ્રેક્ષક ન્યાયાધીશો કહેવા લાગ્યા, કેમ વ્યંકટેશ, કાલેલકર સાથે ન ફાવ્યા એટલે પરચુરેને સતાવો છો?

બીચારા વ્યંકટેશને જીવવું વસમું થઈ પડ્યું. સ્નાનાગારમાં આવે તે હમેશ ગમગીનીમાં જ. જરાક બહાર જાય તો યે બેત્રણ જણને પોતાની ડોલ વિષે સાક્ષી રાખીને જાય. પરચુરે કહે આપણે હજી આગળ વધી શકીશું. આપણા મિત્રોમાંથી એના સાક્ષીદાર રહીશું અને છેલ્લી ઘડીએ ફરી જઈશું. એ કલ્પના હતી આબાદ. પણ મારી દુર્જનતા એટલી હદ સુધી જવા તૈયાર ન હતી. મેં એને કહ્યું, બીચારો વ્યંકટેશ ગરીબ ગાય થયો છે. આપણે આપણી ચોરીમાં વધારે લોકોને શામિલ કરીશું તો તે વાત ગુપ્ત રહેવાની નથી. મંત્ર ષટ્‌કર્ણી થઈ જાય એટલે એ ગુપ્ત રહેતો નથી. અને વળી દુર્જનતામાં વધીશું તો આપણે જ કાયમના દુર્જન થઇ પડીશું. માટે આ અન્યાયનો અહીં જ અંત આણવો ઇષ્ટ છે. (ચાલુ)

પ્રગતિ જોઇતી હોય તો તે માટે તેની કિંમત ચૂકવવી જોઇએ: મુશ્કેલીઓ.
પોતાની પાસે કેટલું છે અગર પોતાની પાસે શું નથી તેની જેને ખબર નથી તે પૈસાદાર.
મનુષ્યની મોટામાં મોટી મર્યાદા તેની 'ઈચ્છા' છે. પોતે ઇચ્છે તેથી વધુ મોટો તે થઈ શકતો નથી.
ગરીબનાં છોકરાં તેની મૂડી, ગૃહસ્થનાં છોકરાં તેની જવાબદારી ને અમીરનાં છોકરાં ચોર.
દુનિયામાં ન સમજાય એવી બે વાત. પાપીઓનાં સુખ ને ધર્મિષ્ઠોનાં દુઃખ.

ઊંઘ અને ઉનાળો (અનુસંધાન સામેના પાનેથી)

ત્યારે. એ મિત્રનું તો સૂચન છે કે શહેરમાં હજામની સલૂનોમાં માથું ટેકવવા માટે ખુરશીની પાછળ, પેલા બાવાજીની બગલમાં દબાવવાની ઘોડી જેવાં ટેકણિયાં હોય છે તેવાં શિરટેકણિયાં ઑફિસોની ખુરશીની પીઠે પણ રાખવાં જોઇએ, કે જેથી એના પર માથું ટેકવી, ટેબલ પર પગ લંબાવી, ઉનાળાની બપોરે ઊંઘવાનું નિત્યકર્મ નિરાંતે પાર પાડી શકાય. ઉનાળાની બપોરે ઘૂમી રહેતા પંખાઓ પણ આ દિશામાં ઠીકઠીક ફાળો આપી શકે છે. ફુગ્ગાની અંદર જેમ ગૅસ ભરાતાં એ અદ્ધર ઊડવા માંડે છે તેમ પંખાને લીધે પણ આપણા મગજમાં પવન ભરાય છે, ને એથી આપણે આ ધરતી પરથી ઊડીને ઊંચે સ્વપ્નલોકમાં વિહરતા થઇ જઇએ છીએ. કેટલાક ઇલેક્ટ્રિક પંખા તો એવા પ્રેમાળ હોય છે કે પવન નાખવા ઉપરાંત હાલરડાની માફક અખંડ સંગીતથી પણ આપણને ઉંઘાડવાનો પ્રયત્ન કરી રહ્યા હોય છે.

પણ એમ તો આ બાબતમાં પુસ્તકો પણ પંખા જેટલાં જ ઉત્સાહી હોય છે. રાષ્ટ્ર ઉપર આફત આવી પડે ત્યારે એકે એક નાગરિકનું લોહી જેમ ઊકળી આવે છે, તેમ ઉનાળાની બપોરે પુસ્તકમાત્રમાં એક નવી શક્તિ પ્રગટે છે. એમના પાનેપાનામાં હિપ્નૉટિઝમ કે જાદુ કરવાની તાકાત આવી જાય છે, અને રજાઓમાં ઘેર રહી સૂતેસૂતે વાંચવાનો પ્રયત્ન કરતા વિદ્યાર્થી, શિક્ષક કે પ્રોફેસર સૌને ય એ ધરતી પરથી ઉઠાવી સ્વપ્નલોકમાં વિહરતા કરી દે છે. અમારા એક પ્રોફેસર સાહેબ દર વૅકેશનમાં કૉલેજની લાયબ્રેરીમાંથી પચાસ–પોણોસો પુસ્તકો ઘેર વાંચવા લઈ જતા. વૅકેશનના અંત સુધીમાં એમાંનાં ત્રણચાર પુસ્તકો એ વાંચી પણ શકતા; પરંતુ બાકીનાં પેલાં પચાસ–પોણોસો પુસ્તકોની હાજરીને લીધે એમને વૅકેશનમાં એવી સરસ ઊંઘ આવતી કે એ અમને પણ ઉનાળાની રજાઓમાં લાયબ્રેરીમાંથી પુસ્તકો ઘેર લઈ જવાનો આગ્રહ કરતા.

આપણે વગર કારણે વિદ્યાર્થીઓનો ને શિક્ષકો–પ્રોફેસરોનો વાંક કાઢીએ છીએ કે એ લોકો વૅકેશન આખી વ્યર્થ નિદ્રાની ઉપાસનામાં વહી જવા દે છે. એમાં ખરું જોતાં વાંક છે પુસ્તકોનો, અને વધ્યો-ઘટ્યો બ્રહ્માજીનો. ને નહિ તો યે ભાઈ, જેનાં જ્ઞાનચક્ષુ ખુલી ગયાં છે એવા સરસ્વતીના ઉપાસકોએ ઉનાળાના બપોરે ક્ષુદ્ર ચર્મચક્ષુઓ ખુલ્લાં રાખવાની કંઈ યે જરૂર હોય એમ તમને લાગે છે ખરું? મને તો નથી લાગતું.

આમ, ઉનાળાની બપોર એટલે નિદ્રાનો ઉત્સવ. એ ઉત્સવમાં ભાગ ન લેનારા અરસિકો પણ નથી પડ્યા એમ નહિ. સંજોગોને લીધે પણ ઘણાને એ ઉત્સવથી અળગા રહેવું પડે છે. પણ આપણા દેશનું સદ્‌ભાગ્ય છે કે હજી ઘણા ઘણા લોકો ઉનાળાની બપોરે ઊંઘવાનો લહાવો લેવો ચૂકતા નથી. ઊંઘવું એ આપણા તત્ત્વજ્ઞાની દેશનો તો પ્રિય શૉખ છે. ઇંગ્લંડના લોકોનો પ્રિય શૉખ જેમ ફૂટબૉલની રમત, તેમ આપણો રાષ્ટ્રીય શૉખ ઊંઘવું—શારીરિક, બૌદ્ધિક કે આધ્યાત્મિક રીતે–એ છે. આપણા ભવ્ય ભૂતકાળને એ અનુરૂપ પણ છે.

કવિ નાનાલાલ કહી ગયા છે કે 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં.' આપણે તો માનીએ છીએ કે ઊંઘવું એટલે જ પ્રભુતામાં પગલાં માંડવાં. કુંભકર્ણનો દાખલો આપણી સામે જીવત છે. રાવણ કુંભકર્ણ જેટલો નિદ્રાપ્રેમી ન હતો તો એને સીતાનું હરણ કરવાની બુદ્ધિ સૂઝી અને માથે નકામી આપત્તિ વહોરી. એના કરતાં કુંભકર્ણ સારો નહિ કે પોતે ભલો ને પોતાની નિદ્રા ભલી? માનવી ઊંઘતો હોય છે ત્યારે ઈશ્વરની વધુમાં વધુ નજીક હોય છે.

આવા સંજોગોમાં, ઉનાળાની બપોરે આપણે બારણે ઉત્સુક મને ઊભી રહેલી નિદ્રાને આવકારવા સિવાય આપણે બીજું કરી પણ શું શકીએ? આમેય તે જાગવું—જાગી જાણવું એ ખૂબ અઘરી કળા છે. એ કળા આવડે ત્યાં સુધી તો ઊંઘ્યા કે જાગ્યા સૌ સરખું જ છે. દૂર-દૂરનાં ખેતરોમાં એક છેડેથી બીજે છેડે ઘૂમતો વંટોળિયો અને એની આગળ છડી પુકારતા દોડતા કોઇ 'ખર ભોળિયા' સિવાય સૃષ્ટિ આખી ગ્રીષ્મની બપોરે શાંતિના મહાસંગીતમાં ડૂબી ગઈ હોય છે. એ મહાસંગીતમાં તમારો સૂર પુરાવવામાં-નયણાં ઘેરાવીને તમને ઊંઘમાં ડુબાડવામાં મદદરૂપ થવાનો જ આ લેખ એક અલ્પ પ્રયાસ છે.

ઊંઘ અને ઉનાળો

બકુલ ત્રિપાઠીની નિબંધિકા

પુરાણોમાં એક કથા છે. એકવાર બ્રહ્માજી સૃષ્ટિનું સર્જન કરતા બેઠા હતા ત્યારે, એમને થાક લાગ્યો હશે તેથી કે કોણ જાણે કેમ, પણ એમણે એક ઊંઘ ખેંચી કાઢવાનો વિચાર કર્યો.

આવો વિચાર આવતાં જ બ્રહ્માજી તો આડા પડ્યા. એક પછી એક ક્ષણો વીતવા માંડી, પણ એમને ઊંઘ ન આવી. ઊંઘ લાવવાના તો એમણે કંઈકંઈ પ્રયાસ કર્યા; આંખો મીંચીને ઘેટાં ગણવાનો પ્રયોગ પણ કરી જોયો. પણ ઊંઘ જેનું નામ! ન આવી, ધરાર ન આવી.

હવે દેવોનું એવું છે કે એમનું કશું કામ ન થાય એટલે એ બીજા દેવોની પ્રાર્થના કરવા માંડે છે, એમનું આવાહન કરવા મંડી પડે છે—જેમ આપણે થાકીએ છીએ ત્યારે કોઈની ને કોઈની વિરુદ્ધ ફરિયાદ કરવા મંડી પડીએ છીએ એમ. બ્રહ્માએ નિદ્રાદેવીની ઠીકઠીક પ્રાર્થના કરી એટલે નિદ્રાદેવી આવ્યાં: 'મને કોણે બોલાવી? શાને બોલાવી?'

'મેં બોલાવી, મને ઊંઘ નથી આવતી એટલે.'

'તે શાની આવે? મારી કૃપા એમ ને એમ પ્રાપ્ત નહિ થાય.'

'ઠીક ત્યારે, હરિ, હરિ! આ ઊઠ્યાં. બેચાર નવાં પ્રાણીઓ બનાવી નાખું.' એમ કહીને બ્રહ્માજી સૂતા'તા ત્યાંથી ઊઠવા લાગ્યા.

નિદ્રાદેવીને થયું કે આ તો વાત હાથથી ગઈ, એટલે એમણે સમાધાનનાં દ્વાર ખુલ્લાં કર્યાં. અને એ બંને વચ્ચેની વાટાઘાટોને અંતે સમજાયું કે નિદ્રાદેવીની રીસનું કારણ હતું. એમને એમના સામ્રાજ્ય માટે એકલી રાત જ મળેલી એથી એમને સંતોષ નહોતો. જર્મનીને જેમ રૂહર પ્રદેશ જોઈતો'તો, પાકિસ્તાનને જેમ કાશ્મીર જોઈએ છે, મજૂરો જેમ પગાર ઉપરાંત બોનસની આશા રાખે છે, બ્રાહ્મણ જેમ ભોજન ઉપરાંત દક્ષિણા માગે છે, આપણે જેમ શાક લઈને ઉપર બે મરચાંનો આગ્રહ રાખીએ છીએ, તેમ નિદ્રાદેવીને પણ પોતાના સામ્રાજ્ય માટે દિવસના કલાકોમાંથી થોડો હિસ્સો જોઈતો હતો.

શું કરે બીચારા બ્રહ્માજી? મંજૂર કરી લીધી નિદ્રાદેવીની માગણી, અને એ માટે ઉનાળાના બે મહિના એવો તાપ પાડવાનું નક્કી કર્યું કે જ્યારે મનુષ્યમાત્રને નિદ્રાદેવીને શરણે જવાનું ખૂબ આકર્ષણ રહે.

બ્રહ્માજીને ઊંઘ આવી ગઈ.

અને એ રીતે જગતમાં ઉનાળાની નિદ્રાદાયી બપોરની ઉત્પત્તિ થઈ. પછી તો, રસરોટલી જમ્યા પછી વધુ સારી ઊંઘ આવે એ માટે બ્રહ્માજીએ આંબા પણ સર્જ્યા, અને યુવાનોને સૌથી વધુ પ્રવૃત્તિશીલ માનવીઓ ગણી એમને ઊંઘવાની સગવડ કરી આપવા ઉનાળામાં વિદ્યામંદિરો બંધ રાખવા પ્રેરણા પણ શિક્ષણકારોના મગજમાં મૂકી.

પુરાણની આ કથા છે એટલે સાચી તો માનવી જ રહી. પરંતુ એ ઉપરાંત ઉનાળાનું આપણી આસપાસનું વાતાવરણ જોઈને પણ આ કથા સાચી માનવાનું મન થાય એવું છે. અનંત અને શૂન્ય જેમ એક છે, તેમ રાત્રિનો અંધકાર અને ગ્રીષ્મની બપોરની અતિશય ઉજ્જ્વલતા એ બન્નેને સરખાં ગણી અનેક ઉનાળામાં નિદ્રાદેવીને શરણે જાય છે. ઝોકાં એ આપણો ઉનાળાનો પ્રિય ખોરાક છે. પૂનમની ચાંદનીને ઘેન ચડાવતી ગણવામાં આવે છે, પણ ગ્રીષ્મનો તડકો પણ એ રીતે ઓછો હરામખોર નથી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો, શેઠિયાઓ ને સ્ટેશનમાસ્તરો, પ્રોફેસરો અને પંડિતો, વેપારીઓ ને વનિતાઓ, ઘણાઘણા લોકો ચૈત્રવૈશાખમાં ઈશ્વરી આજ્ઞાને અનુસરીને નિદ્રાદેવીને અંજલિ આપતા ઉનાળાની બપોરને શોભાવે છે: ઘણા ખરા તો પોતાને ઘેર, અને કોઈ સાચા ભક્તો તો ઑફિસમાં પણ

સરકારી ઑફિસોનું વાતાવરણ તો આમે ય નિદ્રાપ્રેરક જ હોય છે. મધ્યયુગના કોઈ બાદશાહના ખાલી શયનખંડ જેવા, યા તો કોઈ ઠાકોરના દરબારખંડ જેવા, સરકારી ઑફિસોનાં જૂનાં મકાનોના ભવ્ય ઓરડાઓ, એની દીવાલો, એની છત—એનો એકેએક ભાગ બાદશાહી આરામની પ્રેરણા પાતો હોય છે. સરકારી કચેરીઓના ખરાબ પીળા—કૃષ્ણ ભગવાનના પીતાંબરના અવશેષ જેવા—કાગળ, માનાર્થે જ કાળી કહી શકાય એવી શાહી અને અર્થના ભારને ઓછામાં ઓછો વહન કરતી લાંબી વાક્યાવલિઓનો ઉદ્દેશ પણ એ વાંચનારાઓને નિદ્રા પ્રેરવાનો જ હોય એમ નથી લાગતું? એ કાગળોને પરિણામે સરકારી સેવકોનાં મગજ તો સામાન્ય રીતે નિદ્રાવશ થઈ જ ગએલાં હોય છે એ તો આપણા સૌનો અનુભવ છે; માત્ર નયણાં મીંચવાનાં જ બાકી રહે છે. ઉનાળાની બપોરે એ પણ ઘેરાવા માંડે છે. ઑફિસરોની બે આંખની શરમને લઈને એ લોકો પાંપણ ઓઢીને પોઢી જતા નથી એ ખરું, પણ જો એટલી શરમ એ લોકો દૂર કરી શકે તો ઉનાળાની બપોરે ઊંઘ્યાનું પુણ્ય તો એમને મળે જ, પણ તે ઉપરાંત જનતાને પણ ઘણી રાહત મળે એ ચોક્કસ. આપણે ત્યાંના ઘણાં સરકારી સેવકો જાગતા રહેવા કરતાં ઊંઘતા રહીને જનતાનું વધુ કલ્યાણ કરી શકે એમ છે.

કેટલીક ઑફિસોના સામાન્ય કાર્યકરોનું તો જાણે ઠીક, પણ ઑફિસના આત્મા જેવા 'સાહેબ', અને સાહેબના યે સાહેબ શા પટાવાળા બંધુઓ તો ઉનાળાની ઊંઘવાની ફરજ બજાવવાનું ચૂકતા નથી જ. પટાવાળાની ઊંઘ કોઈ અઠવાડિકમાં હપ્તે હપ્તે છપાતી ચાલુ નવલકથા જેવી હોય છે. થોડુંક ઊંઘવું, ત્યાં કોઈ પાણી મંગાવે એટલે ઊઠીને પાણી આપવું અને ફરી પાછા પોતાના સ્ટૂલ પર જઈ ભીંતને ટેકે આગલી ઊંઘ અધૂરી હોય ત્યાંથી શરૂ કરવી, વધુ રસિક હપ્તાનો આરંભ કરવો, એ પટાવાળાઓને પ્રિય પ્રવૃત્તિ છે. જ્યારે 'સાહેબ'ની ઊંઘ ટૂંકી વાર્તા જેવી, એકી બેઠકે પૂરી થઈ શકે એવી હોય છે. એ 'સાહેબ'ના સમગ્ર ઑફિસજીવનના એક સુંદર પાસાની ઝલક શી હોય છે. અને સાહેબની ચેમ્બરમાં અચાનક ઘુસી ગયેલા કાર્યકર્તાના હૃદય પર ચોટ મારી જાય એવી—ચોટદાર ટૂંકીવાર્તા જેવી જ—વેધક અને કલાગત હોય છે!

પહેલાંના યુગમાં ઑફિસોમાં ટેબલખુરશીને બદલે ગાદીતકિયા રાખવામાં આવતા તે આપણા પૂર્વજોની માનવપ્રેમની ભાવનાને કારણે જ હતું. હવે ગાદીતકિયાને સ્થાને ટેબલખુરશી આવ્યાં હોવાથી બ્રહ્માનું વરદાન અમલમાં મુકાવું જરા મુશ્કેલ બને છે—ઊંઘવામાં જરા તકલીફ પડે છે. કારણ, મારા એક મિત્ર કહેતા'તા એમ, ટેબલ પર માથું ઢાળીને સૂઈએ છીએ ત્યારે જાણે વધસ્થાન પર આપણો શિરચ્છેદ કરાવવા આપણે માથું ધરીને પડ્યા હોઈએ એવી લાગણી થાય છે: ખાસ કરીને સાહેબ ફૂટી નીકળવાની તૈયારી હોય (જુઓ સામે)

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા જોડાસાંકોર ધારે

શ્રીમતી રાણી ચંદના બંગાળી ઉપરથી અનુવાદક **રમણિક મેઘાણી**

૭ જોડા-સાંકો

અત્યારે તો જોડાસાંકામાં બે જુદાંજુદાં મકાન દેખાય છેને? પણ હવે તમને એના મૂળ મકાનની વાત કહું. મારા બાળપણ વેળાનું જોડાસાંકોનું મૂળ મકાન હવે નથી રહ્યું. બે મકાનોમાંનું એક આજે અલોપ થઈ ગયું છે અને એક રહ્યું છે. અગાઉ એ બંને મળીને એક જ મોટું મકાન હતું. એક બગીચો, એક તળાવ, ચોફરતી એક જ વંડી, અંદર આવવા માટે પ્રવેશદ્વાર પણ એક જ અને બહાર જવા માટેનો દરવાજો પણ એક જ. આ ઉત્તરાયણને* જેમ મુખ્ય દરવાજો એક જ છે અને અંદર ઉદયન, કોણાર્ક, શ્યામલી પુનશ્ચ, ઉદીચી બધું મળીને એક જ 'ઉત્તરાયણ' થાય છે, એવું જ અમારું જોડાસાંકોનું મકાન હતું. એક જ માલિક દ્વારકાનાથ ઠાકુર તેમના પછી દેવેન્દ્રનાથ ને તે પછી રવીન્દ્રનાથ. ઉત્તરોત્તર ત્રણ પેઢી.

કેટલાયે વિભાગો, અનેક ઓરડાઓ અને મોટા એવા બગીચાવાળું, બે મકાનો મળીને એક થતું અમારું એ મકાન, હું નાનો હતો ત્યારે 'જોડાસાંકોનાં ઠાકુર ઘર' તરીકે ઓળખાતું. વાતાચતમાં 'આ મકાન' ને 'પેલું મકાન' એમ કહેતા હોવા છતાં નાનાં-મોટાં, બાળક-બુઢ્ઢાં, નોકર-ચાકર સૌ જાણતાં કે હકીકતમાં એ બંને મકાનો એક જ છે, કારણ એ એક જ માલિકનાં છે. એનો નંબર પણ એક જ: છ (૬), દ્વારકાનાથ ટાગોર લેન. અને એનો આવ-જા માટેનો મુખ્ય દરવાજો પણ એક જ છે,—હતો.

દરવાજાની એક બાજુ જમાના જૂનો એક લીમડો હતો, જેની બખોલોમાં બપૈયા, મેના વગેરે પંખીઓના માળા હતા; અને બીજી બાજુ હતું એક માત્ર ગોલક ચંપાનું વૃક્ષ. ફૂલોથી એ લચી પડતું. એ મુખ્ય દ્વાર ઉપર માઘોત્સવ ટાણે શ્યામ મિસ્ત્રી લોઢાનો મુગટ મૂકતો અને એમાં પ્રકાશ થતાં વંચાતું: एकमेवाद्वितीयम्'. અમારા મકાનનું નામ હતું 'જોડા સાંકો' અર્થાત્ બે સેતુ. અને હકીકતમાં મકાન પણ બે હતાં છતાં ઉપર કહ્યું તેમ એ એક જ હતું. એ બંને સેતુ નીચે થઈને એક જ નદીનું વહેણ વહેતું. પણ આજે એ દિવસો રહ્યા નથી. અને એ મકાન પણ રહ્યું નથી.

પેલા મકાનમાં સવારે છ વાગ્યે ઘંટ વાગતો, ને એ સાંભળીને આ મકાનનાં નોકર-ચાકર, દાસ-દાસી, છોકરા-છોકરી, નાનાં મોટાં સૌ ઊઠી જતાં; અને સાત વાગ્યાનો ઘંટ વાગે ન વાગે ત્યાં તો સૌ પોતપોતાને કામે પણ લાગી જતાં એ જ રીતે નવ, દસ ને સાડા-દસ વાગતાં કચેરી ઊઘડતી. અમે બાળકો ખાઈ-પી કરીને શાળાએ જતાં. એ પછી ફરી બપોરે ત્રણ વાગ્યે ઘંટ વાગતો. શાળાએથી ગાડી અમને લઈને પાછી વળતી. સાંજનો હળવો નાસ્તો પતાવી હવા ખાવા જવા ગાડી જોડાતી. અમે બગીચામાં સાતતાળી રમતાં. રાત્રે નવ સુધી એમ ચાલતું એ એક ઘંટનો નાદ બંને મકાનનાં રહેનારાં સૌને જાણે નિયમિત રાખતો. રાત્રે નવનો ઘંટ થતાં સૂવાટાણું થયું સમજાતું. ત્યારે એ જ નિયમ હતો. અમારું ઠાકુર ઘર એ ઓછું કોઈ સામાન્ય મકાન હતું? અંદર ફરતાં ફરતાં ખોવાઈ જવાનો ભય રહેતો! એ જમાનામાં મકાનને જુદાજુદા વિભાગોમાં વહેંચીને રહેવાની પ્રથા હતી. મુખ્ય બે વિભાગ: 'અંદર-મહલ' (અંતઃપુર) અને 'બાર-મહલ' (બહારનું ઘર) તરીકે તે ઓળખાતા. તેમાં પાછા પેટા વિભાગો રહેતા. જેમકે રસોડું, કોઠાર, પૂજા ઘર, ગૌ શાળા, ઘોડાર વગેરે. ને તેમાં પણ પાછા નાના પેટા વિભાગો: ભિસ્તીખાનું, ભંડારિયું, બબરચીખાનું, નોબતખાનું, દફતરખાનું, કચેરીઘર, ગાડીખાનું, નિશાળ-ઘર, નાચ-ઘર, વરંડો, દોઢી...જાણે અનેકવિધ વિભાગવાળું કોઈ જબ્બર ખાતું જ ન હોય!

બીજે માળે અંતઃપુર, પહેલે માળે વરંડો અને નીચે ભોંયતળિયે દક્ષિણ-પશ્ચિમે દફતરખાનું, દક્ષિણ-પૂર્વે નાના ફૂવાની નાની ઑફિસ. ફૂવા એક લાંબી ચોપડીમાં ડાયરી લખ્યે જતા. હું પાસે જઈને ઊભો રહું એટલે થોડી વાર મારી સામે જોઈ રહે ને વળી પાછા લખવામાં પરોવાઈ જાય. કહે, 'કેમ, શું આવ્યો છે? ઠીકઠીક.' અને મુઠ્ઠો ભરીને પાતળી ને લાંબી પીપર જેવી વેફર હાથમાં આપીને વિદાય આપતાં કહે કે 'જોજે હો, ખાઈ ન જતો!'

વચ્ચેનો મોટો ઓરડો એ જ ભંડારિયું. નોકર-ચાકરો માટે એ ચોરા જેવું સ્થળ હતું. બાપુજીનો ખાસ નોકર ગોવિંદ આ ભંડારિયાનો સરદાર હતો. બીજા બધા નોકરો એનાથી ડરીને ચાલતા. મોટા ભાઈનો નોકર ગદાધર પણ એવો બદમાશ હતો કે અમે સૌ પણ એનાથી બીતા. અમને એ ગજબનો મારતો. એનું મોં પણ એવું જ—નૉર્મલ સ્કૂલના લક્ષ્મીનારાયણ પંડિત જેવું—બિહામણું હતું. અમારા કુટુંબનો એ બહુ જૂનો નોકર હતો. એક વાર દેશમાં ગયા પછી એ પાછો ન ફર્યો. એ 'ગદા'ને શું થયું હશે? એ કેમ પાછો ન આવ્યો? સૌ એને 'ગદા' કહીને જ બોલાવતા. પછી ખબર પડી કે એ મૃત્યુ પામ્યો હતો. એની અવસ્થા થઈ હતી. ખેતરમાં જ મરેલો પડ્યો હતો. શિયાળવાં એને ખાઈને સાફ કરી ગયાં હતાં અમારા બાળમાનસ પર એનો ભય સદા ઝઝૂમ્યા કરતો, એટલે મનમાં ને મનમાં અમે કહેલું કે 'સારું થયું; આપણને કેવો મારતો! પાપ ગયું!'

સમરદા'નો નોકર દુર્ગાદાસ અને અમારો રામલાલ બંને સારા માણસ હતા. પદ્મ દાસી ચાલી ગઈ તે પછી મારું કામ રામલાલને સોંપાયું. અગાઉ એ રમાનાથ ટાગોરનો ખાસ નોકર હતો. તેઓ નોકર રાખતા પોચો હાથ જોઈને; કદાચ શરીરે માલિશ કરવતા હશે. શરીર ઉપર જરાક સખત હાથ ફરતાં જ એ ધમકાવતા કે 'જા જા, શરીરે જાણે ખરેરો ફેરવે છે!' પણ રામલાલનો હાથ તો પોચો હતો. એમણે એને કેમ રજા આપી હશે એની ખબર નથી, પણ દેશમાંથી પાછા વળતાં કદાચ મોડું થયું હશે. જે હોય તે. હું એના 'ચાર્જ' નીચે આવ્યો. દરેક છોકરા માટે એક એક નોકર રહેતો. એ જ જાણે અમારો માસ્તર. અમારી સરસંભાળ રાખવી, અમને સારી ટેવો પાડવી અને અમારા ઉપર નજર રાખવી એ એનું કામ. છોકરાંઓ કંઈ દોષ કરે તો તેની જવાબદારી તેના નોકરોની જ ગણાતી. નોકરોની જવાબદારી નીચે અમારા સૌને માટે એક એક કબાટ રહેતો, એની ચાવી પણ એમની પાસે જ રહેતી. કબાટમાં સૌનાં પોતાનાં કપડાં, થાળી વાટકો વગેરે ઉપયોગની ચીજો રહેતી. જરૂર મુજબ નોકર જ એ કાઢી દેતો ને ફરી ધોઈ લૂછીને તેમાં મૂકી દેતો. દૂધ પીવાનો વાટકો પણ અંદર દાસી પાસે રહેતો.

ભંડારિયું માત્ર ઘરના જ નોકરોને રહેવા માટે હતું. પટાવાળા બીજે રહેતા. તેમાં ડાબી જમણી બેઉ બાજુએ હારબંધ કબાટ હતાં. જેમાં કપડાં, વાસણ વગેરે રહેતું. પૂર્વ-પશ્ચિમ બાજુ કેટલીક મોટી મોટી પાટ બિછાવેલી હતી. એ પાટમાં વચ્ચે એક એક પેટી

*'શાંતિનિકેતન'માંનો રવીન્દ્રનાથનો આવાસ.

બેસાડેલી હતી. એનું ઢાંકણું ઉઘાડીને જોઉં તો તેમાં એ લોકોની રમતનાં સોગઠાં, શેતરંજ, ચોપાટ, ગંજીપો, અરીસો, દાંતિયો વગેરે ઘણી ચીજ ભરેલી પડી રહેતી. એ પાટ ઉપર જ ચટાઈ-ઓશીકું પાથરીને તેઓ સૂતા. વળી ક્યારેક ક્યારેક જોતો કે બાપુજીની બેઠક પૂરી થયા પછી તેઓ ફિટફાટ બાબુ બનીને રૂપાની ટ્રેમાં સોડા, લેમન ને ચા પી રહ્યા છે. મોટેરાઓની બેઠક પૂરી થયા પછી તેમની બેઠક શરૂ થતી.

એ ઉંમરે નોકરોના ભંડારિયામાં હું ગમે ત્યારે જતોઆવતો. ત્યાં જવાનું મને 'ફ્રી-લાઈસન્સ' હતું: કોઈ અટકાવતું નહિ. રામલાલ કહેતો, 'આવ્યા? સારું સારું. અહીં જ રહેજો હોં' ને હું એ લોકોનાં જ તેલથી ચગચગતાં ઓશીકાં ઉપર માથું મૂકી લહેરથી આડો પડતો. રામલાલ બેઠોબેઠો બાપુજીનાં ધોતિયાંને ઘડી કરી કરચલી પાડતો, અને પછી જ્યારે તે એ ધોતિયાંને ઝાપટ મારતો ત્યારે તેનો આકાર ફૂલ જેવો બની રહેતો.

ભંડારિયાની ઉત્તરે ભિસ્તીખાનું હતું. ત્યાં થઈને જ નહાવાની ઓરડીમાં જઈ શકાતું. મોટો થયો, સાત ચોપડી ભણ્યો, એટલે હવે વરંડામાં બેસીને હાથ-મોં ધોઉં તે ચાલે ખરું! નોકર મને એ બધું શીખવતો. સવારે ઊઠીને નહાવાની ઓરડીએ જઈ હાથ-મોં ધોવાની ટેવ પાડવી પડેલી. પણ નીચે નહાવાની ઓરડી એક જ હતી. મોટા ભાઈઓ હાથ-મોં ધોવાનું પતાવી ન લે ત્યાં સુધી હું ત્યાં પહોંચી જ કેમ શકું? એટલે હું ભિસ્તીખાનામાં, મારો વારો આવે તેની રાહ જોતો બેસું. અમારે બહુ વહેલા ઊઠવું પડતું, એટલે પછી હું બેઠોબેઠો બધું જોયા કરતો.

હોકાવાળો વિશ્વેશ્વર તો રાત થોડી બાકી હોય ત્યારે જ જાગી જતો. બાપુજીનો બુદ્ધ બેરો (બેરર) અને વિશ્વેશ્વર, એ બે જણ અમારે ત્યાં સૌથી વહેલા ઊઠે. બાપુજીને બહુ વહેલા ઊઠવાની ટેવ હતી. એ કેટલા વહેલા ઊઠી હાથ-મોં ધોઈ રામાયણ વાંચવા બેસી જતા એ તો મેં તમને કહ્યું છે ને? બુદ્ધ ઊઠીને બાપુજીને બેસવાનો ઓરડો ઉઘાડતો, વિશ્વેશ્વર હોકો ભરી કરીને મૂકી જતો, આ બધું હું ભિસ્તીખાનામાં બેઠોબેઠો જોતો. ત્યાં એક બાજુ દ્વારકાનાથ ઠાકુરના જમાનાનું એક ટેબલ ને કેટલીક ખુરશી પડી રહેતી. ટેબલ ઉપર 'વિસુવિયસ'જ્વાળામુખીનું એક ચિત્ર હતું. ધગધગતો લાવા એમાંથી નીકળી રહ્યો છે એવું એમાં દેખાતું. તમાકુ ભરવાનું એ સ્થળ હતું, એટલે ત્યાં તો આવું અગ્નિનું ચિત્ર જ હોય ને? જૂના જમાનાનું એ એક સારું ચિત્ર હતું. પણ એવું સરસ તૈલચિત્ર આમ અસ્થાને પડયું રહ્યું હતું કેમકે તે સમયે એની ખરી કિંમત સમજાઈ નહોતી. વિશ્વેશ્વર એ ટેબલ ઉપર, ધોઈ સાફ કરીને ઝગઝગતા બનાવીને હારબંધ હોકા ગોઠવતો. દિવસ-રાત એ ભિસ્તીઘરમાં જ રહેતો. સમયસર આવી તમાકુ બદલાવી જાય. એનું કામ જ એ રહેતું.

હોકો પીતાં મને એ વિશ્વેશ્વરે જ શીખવ્યું. હું મોટો થયો એટલે એ બા પાસેથી રજા માગી આવ્યો. બાને એણે કહ્યું કે શેઠ હવે મોટા થયા છે, એ હોકો નહિ પીએ તો કેમ ચાલશે? બાએ જવાબ આપેલો કે એને પીવો હોય તો પીવડાવજે. ઘરનાં માણસો હોકો ન પીએ તો એની નોકરી જાય ને? એટલે વિવિધ રીતે કરીને અંતે એણે મને હોકાની ટેવ પાડી. પહેલે દિવસે તો પહેલી ફૂંક લેતાં જ ખાંસીખાંસીને મારો દમ નીકળી ગયો. એણે મને ફરી શીખવ્યું કે એમ નહિ, આમ ધીરેધીરે કરીને ફૂંક લો; એકીશ્વાસે ખેંચશો તો ખાંસી આવશે જ.

એ ભિસ્તીખાનું જ એક વિધિસરની ચોરાની જગ્યા હતી. મણિકાકા, નિરદા, ઈશ્વર બાબુ વગેરે જેઓ તાજા જ તમાકુના રસિયા થયા હતા તે ઘરના બધા મોટા છોકરાઓ ફરીફરીને ત્યાં આવતા. ઈશ્વરબાબુ રોજ સવારે બાપુજી પાસે બેસી રામાયણ સંભળાવતા. રામાયણ-વાચન પૂરું થયે એ ડોસા હાથમાંની લાકડી ઠક ઠક કરતા દાદર ઊતરી નીચે ભિસ્તીખાનામાં આવતા. અંદર આવતાં જ એક ખખડધજ ખુરશી ઉપર બેસે ને કહે, 'વિશ્વેશ્વર!' અને વિશ્વેશ્વરનું કામ બધું તૈયાર જ હોય.' આવ્યો બાબુ!' કહેતાંક ને એ એક હોકો ઈશ્વરબાબુના હાથમાં નળી આપીને આગળ ધરી દેતો. ઇશ્વરબાબુ ફરૂ ફરૂ કરતા હોકો થોડોક ગગડાવી થોડા ધુમાડા કાઢી પાછો આપતા ને ખિસ્સામાંથી રૂમાલ કાઢી તેમાંથી એક પૈસો વિશ્વેશ્વરના હાથમાં મૂકી કહેતા 'આ લે.' વિશ્વેશ્વર જાળવીને એ ખિસ્સામાં મૂકતો ને ઇશ્વરબાબુ ખોડંગાતા ખોડંગાતા બહાર બજારમાં ચાલ્યા જતા. ફરી સાંજે જ્યારે તેઓ ભિસ્તીખાનામાં થઈને ઉપર આવતા ત્યારે વિશ્વેશ્વર પેલો પૈસો એમને પાછો આપતો ને ઇશ્વરબાબુ એને કાળજીપૂર્વક રૂમાલે બાંધી લેતા! હું એ રોજ જોતો. વિશ્વેશ્વર–ઈશ્વરની આ એક પૈસાની લેણદેણનો અર્થ તો ત્યારે હું શું જાણું?

સવારે ઈશ્વરબાબુના ગયા પછી આવતા મણિકાકા. 'કાં ભાઇ વિશ્વેશ્વર! છે કાંઈ?' 'જી, હા, હા; લો, લો ને! હજુ યે આટલો બાકી છે.' કહી વિશ્વેશ્વર એમને હોકો ધરતો. એ પણ થોડીક વાર હોકો ગગડાવી ધુમાડાના ગોટા કાઢતા.

એ મણિકાકા અને વિશ્વેશ્વરને એક દિવસ કેવી જામી પડી હતી તે સાંભળો. પૂજાના દિવસો નજીક હતા. બાપુજી પાસેથી પરબનું કહીને પૈસા માગીને મણિકાકા બજારમાંથી એક જોડી કાળા ઝગઝગાટ કરતા વાર્નિશ કરેલા જોડા શોખથી ખરીદી લાવેલા. એ પહેરીને તે પૂજા જોવા જવાના હતા. જૂના છાપામાં વીંટાળેલા એ જોડા લાવીને એમણે ભિસ્તીખાનાના એક ખૂણામાં જાળવીને કોઈની નજરે ન પડે તેમ મૂકી દીધા: કોઈ નોકરચાકર એ ક્યાંક આડાઅવળા ન કરે એ ગણતરીએ. વિશ્વેશ્વર ત્યારે તેના કામસર ત્યાં જ હતો. એણે જોયું કે બાબુએ કંઇક લાવીને ખૂણામાં મૂક્યું છે. મણિકાકા તો તે પછી હોકો પી કરીને પોતાના બીજા કામે ચાલ્યા ગયા. વિશ્વેશ્વરે મળેલી તકનો લાભ લઈ જોડાનું બંડલ પેલા ખૂણામાંથી ઉપાડી બીજા ખૂણામાં છુપાવીને મૂકી દીધું. થોડી વારે મણિકાકા પાછા ફરીને જોડા શોધે, પણ મળે નહિ. ચારે બાજુ નજર કરે, પણ જોડાનો પત્તો નહિ. આખરે એમણે વિશ્વેશ્વરને પૂછ્યું તો એણે જવાબ વાળ્યો કે 'કોણ જાણે બાબુ. મેં તો કંઇ જોયું નથી. હું તો મારા કામમાં જ પરોવાએલો હોઉં છું. પણ છતાં જેણે આગ ખાધી હશે એણે કોયલા ઓકવા જ પડશે. જોડા જાશે ક્યાં?' મણિકાકા કહે કે 'એ તો સમજ્યો, પણ કોણે લીધા એ જોડા? પૂજા વખતે એ પહેરીશ વિચારીને કેવા શોખથી લાવ્યો હતો? ને આમ થયું!' પણ વિશ્વેશ્વરે એ બધી વાતોને કાન જ ન દીધો. મણિકાકા એની સામે તાકી જ રહ્યા.

વળતી સવારે વિશ્વેશ્વર નિત્યની જેમ બાપુજી માટે તમાકુ-હોકો તૈયાર કરતો હતો. મણિકાકા ત્યાં દૂર ખૂણામાં હાથમાં હોકો ઝાલીને બેઠા હતા. કોણ જાણે કેમ, પણ કંઈક કારણસર વિશ્વેશ્વર થોડી વાર માટે એ ઓરડામાંથી બહાર ગયો. ટેબલ ઉપર હોકાનાં રૂપાનાં મોઢિયાં હારબંધ પડ્યાં હતાં. એમાંથી બાપુજીના હોકાનું મોઢિયું મણિકાકાએ સેરવી લીધું. વિશ્વેશ્વર પાછો ફર્યો. મણિકાકા એમની જગ્યાએ જ બેઠાબેઠા હોકો ગગડાવતા ધુમાડા કાઢે છે અને આડી નજરે વિશ્વેશ્વર બાજુ જોઈ રહ્યા છે. વિશ્વેશ્વર તમાકુ બરાબર કરી, હોકામાં ગુલાબજળ ભરી, લાકડીવતી હોકાને અંદરથી ઘસીઘસી સાફ કરીને મોઢિયું પહેરાવવા જાય, ત્યાં મોઢિયું મળે નહિ! હવે

શું કરવું? અધીર થઇને એ ચારે બાજુ શોધાશોધ કરવા લાગ્યો. બીજી તરફ બાપુજીનો હોકો પીવાનો સમય થવા આવ્યો છે. સમયસર હોકો ન પહોંચાડી શકે તો મહામુસીબત થાય. મણિકાકાને પૂછતાં એમણે કહ્યું કે 'ભાઈ, મેં તો કંઈ દીઠું નથી. હું તો બેઠોબેઠો હોકો ગગડાવું .છું છતાં કોણ જાણે, જેણે આગ ખાધી હશે એણે કોયલા ઓકવા જ પડશે. નાહક ચિંતા કર્યે શું વળશે? જોને હજુ ગઈ કાલે જ મારા નવેનવા જોડા કઈ રીતે અલોપ થઈ ગયા? તું જરા શોધ તો કદાચ મળી જશે ક્યાંક. ને જવાબમાં 'હા, હા, હું જરા એ શોધું છું. તમારા જોડા તે વળી ક્યાં જવાના હતા?' કહી વિશ્વેશ્વરે ઓરડાના ચારે ખૂણામાં શોધતાંશોધતાં કાગળમાં વીંટાળેલું જોડાનું બંડલ શોધી કાઢ્યું ને કહ્યું કે 'લો બાપુ, તમારા જોડા મળી ગયા.' જવાબમાં મણિકાકાએ કહ્યું કે તો પ...ણે, પેલા ખૂણામાં પેલું ઝગઝગે તારું મોઢિયું! અને મોઢિયું હોકા ઉપર ચડાવી વિશ્વેશ્વરે નિરાંતનો શ્વાસ લીધો!

દેવડી ઉપર દરવાનોનો ચોરો જામતો. મનોહરસિંહ સૌથી બુઢ્ઢો દરવાન. લાંબો, કદાવર ને ઊજળે વાન. એની ધોળી દાઢી ઝગારા મારતી. સવારે એ લૂંગી પહેરી ઉઘાડે શરીરે એક બાજુ બેસતો ને દહીંથી દાઢીને માલિશ કરતો. ચારે બાજુ બીજા દરવાનો કુસ્તી કરતા અને ડમ્બેલ્સથી કસરત કરતા. તો એક બાજુ વળી એક દરવાન મોટા એવા એક થાળમાં લોટનો ઢગલો કરી, તેમાં વચ્ચે ખાડો કરી, થોડુંક ઘી નાખી તેને મસળતો હોય. અમારી દેવડી ઉપર રોજ સવારનો આ એક કાર્યક્રમ રહેતો. બીજી બાજુ મનોહરસિંહ બેઠોબેઠો દહીં વડે દાઢીને માલિશ કરતો હોય. કલાક વારના દાઢી-માલિશ પછી મનોહરસિંહ ડાબે હાથે પતરાથી મઢેલી નાની આરસી કાઢી મોં સામે ધરતો અને પોતાના વાળમાં છુપાવેલી લાકડાની કાંસકી કાઢી તે વડે દાઢી બરાબર ઓળતો. પછી કપડાં પહેરી, કમરે પટ્ટો બાંધી, બાજુમાં પડેલી લાકડાની જબ્બર પેટીને અઢેલીને જ્યારે એ ગોઠણ વાળી જાંઘ ઉપર હાથ રાખીને બેસતો ત્યારે ઢાલ તલવારથી સજ્જ પંજાબકેસરી જેવો લાગતો. એનો શુભ્રશ્વેત પહેરવેશ, ગળામાં મોટામોટા પારાની સોનાની કંઠી, હાથમાં લોઢાનું પાતળું કડું, કમર ઉપર ઝૂલતી વંકી કિરપાણ, એવો મનોહરસિંહ અમારી દેવડીની શોભા હતો. એની રેશમ જેવી ચમકતી શ્વેત દાઢી બહુ ઓપતી. એક વાર બાળકબુદ્ધિમાં મને કોણ જાણે શું યે સૂઝ્યું કે એ દાઢી હાથમાં પકડીને જોવાનું મન થયું! અને જેવું મન થયું કે તુરત જઈને જોરથી એમની દાઢી પકડી. મેં દાઢી પકડી તો ખરી, પણ તુરત એમણે ગરજીને કમર પરની કિરપાણ ઉપર હાથ નાખ્યો. અને આપણા રામે તો પોબારા ગણી દોટ દીધી તે સીધા પહેલે માળે! બીક એટલી કે નીચે ઊતરું જ નહિ! હૈયામાં ફફડાટ ઊપડ્યો હતો કે કોણ જાણે કેવું યે પરિણામ આવશે! હવે તો દરવાનજી મારા કટકે કટકા કરી નાખશે કે શું? ઉપરથી હું નીચે જરાક ડોકિયું કરું ને મને જોતાં જ મનોહરસિંહ ગરજી ઊઠે! બીકથી મારો જીવ તાળવે ચોંટી જાય. પછી રામલાલે મને સમજાવ્યું કે તમે દરવાનજીની દાઢી ઉપર હાથ નાખ્યો એ બહુ ખોટું કામ કર્યું છે. હવે જઇને હાથ જોડીને એમની માફી માગી આવો. આખરે એક દિવસ દેવડીએ જઇ બેઉ હાથ જોડી અચકાતાં અચકાતાં ત્રુટક રીતે મેં કહ્યું, 'ઓ દરવાનજી, માફ કરો, મારી ભૂલ થઈ ગઇ. હવે કદી યે એવું નહિ કરું' ને દરવાનજીએ જરા હસીને કહ્યું, 'હવે ફરી એવું નહિ કરે ને? ઠીક, જા, જા; લહેર કર.' એમની માફી મેળવ્યા પછી મારા મન ઉપરનો ભયનો ભાર હળવો થયો ને હું નચિંતપણે નીચે હરવાફરવા લાગ્યો.

અમારી એ દેવડી ઉપર અવારનવાર મઝાના બનાવો બનતા. એક વાર કોઇક એક જણે શરત મારીને કહ્યું કે પોતે એક મણ રસગુલ્લાં ખાઇ શકે છે. ખાવાની વાતમાં અમારે ત્યાંનો ઘોષાલ પણ ઉસ્તાદ હતો. એટલે એ વાત સાંભળતાં જ એ પણ બોલી ઊઠ્યો કે એ તો હું યે ખાઈ શકું છું. હારે એણે જીતનારને દસ રૂપિયા આપવાનું નક્કી થયું. આ મકાનના ને પેલા મકાનના બધા દરવાનો દેવડી પર ભેગા થયા. અમે છોકરા-છોકરીઓ પણ નીચે ગાડી રાખવાની જગ્યાએ હારબંધ ગાડીઓ ઊભી હતી ત્યાં જઇ કોક ગાડીની અંદર ચડીને તો કોક તેની પગથી ઉપર ચડીને શું થાય છે તે જોવા લાગ્યા.

પેલા બેઉ હરીફો મનોહરસિંહની સામે રસગુલ્લાં આરોગવા બેસી ગયા. એક તરફ એક જબ્બર કડાઈમાં રસગુલ્લાંનો રસ પાકવા લાગ્યો ને સુખડિયો આવીને ગરમાગરમ રસગુલ્લાં ઉતારવા લાગ્યો. અને બીજી તરફ એક જણ પેલા બેઉને તે પીરસવા લાગ્યો; ને ત્રીજો એક જણ એની ગણતરી કરવા માંડ્યો. ઘોષાલ એક પછી એક રસગુલ્લાં ઉડાવ્યે જ જતો હતો. જેટલાં રસગુલ્લાં એને પીરસ્યાં હોય તેટલાં બીજી જ પળે એના ઉદરના ઓરડામાં ડલવાયાં જ છે! ખાતાંખાતાં જ્યારે ૬૪ રસગુલ્લાં ખવાઈ ગયાં ત્યારે ઘોષાલ **હે...ક હે...ક** કરતો હેડકી ખાવા લાગ્યો. દીવાનજી યોગેશદાદાએ કહ્યું કે હવે રહેવા દે ઘોષાલ, તેં હેડકી ખાધી એટલે હવે હાર તારી જ ગણાય. ઘોષાલે મૂંગેમૂંગે હાર સ્વીકારી લીધી ને દસ રૂપિયા ગણી આપી ઊઠી ગયો. એનો હરીફ પોતાની શરત મુજબનું પ્રમાણ પૂરું કરી, ઉપરથી અરધી કડાઇ જેટલો રસ પી, રૂપિયા કેડે ખોસીને પોતાને પંથે પડ્યો! (ચાલુ)

સુભાષિત

(શાર્દૂલવિક્રીડિત)

पीयूषेण सुराः, श्रिया मुररिपु,-मर्यादया मेदिनी,
शक्रः कल्परुहा, शशांककलया श्रीशंकरस्तोषितः।
मैनाकादिनगा निजोदरगताः संस्थानतः स्थापिता,-
स्वच्चूलीकरणे घटोद्भवमुनिः केनापि नो वारितः॥

અનુવાદ

સંતોષ્યા સુર અમૃતે, હરિ રમાથી, ચંદ્રથી શંભુને,
મર્યાદા વસુધા તણી કરી ખરી ને ઇંદ્ર કલ્પદ્રુમે,
મૈનાકાદિ મહાનગો ઉદરમાં રાખ્યા વળી આશ્રયે,
તારા આચમને અગસ્ત્યમુનિને વાર્યા નહીં કોઇએ!

[વિવરણ: સમુદ્રે આટલી બધી મહાન વ્યક્તિઓને કાંઇ ને કાંઇ ઉપકાર કરીને સંતોષી, પણ 'કુંભસંભવ' એટલેકે અગસ્ત્યમુનિ જ્યારે એક જ અંજલિમાં તેનું આચમન કરીને પી ગયા ત્યારે આ બધા મોટા માણસોમાંથી કોઇ સમુદ્રની સહાયે ન આવ્યું! આપણામાં કહે છે કે 'સૌનું કરે એનું કોઇ ન કરે', એ અનુભવને આ સુંદર સંસ્કૃત અન્યોક્તિમાં મૂકી બતાવ્યો છે. અને એવો નાનો કે મોટો અનુભવ સંસારમાં ઘણાને થયો હોય છે. છતાં સત્પુરુષો ભલાઇ છોડતા નથી. મહાત્મા ગાંધીજીનો દાખલો તાજો જ છે. —**ર. ભી.**]

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૪૨
જેઠ ૧૯૮૩

આ અંકે આપણે 'વિષયો'ની નહિ પણ કેવા 'વિચારો'નો પ્રચાર પચ્ચીસ વર્ષ પર 'કુમાર' કરતું હતું તેની વાનગી જોઇએ. ૧૯૨૭ના જૂન (જેઠ ૧૯૮૩)ના અંકની 'મિજલસ'માંથી એક :

'જેમનામાં ચારિત્ર્યની જ્યોત પ્રગટી છે, જેમણે જીવનને કુસંગતિ ને પ્રમાદથી બચાવ્યું છે, એવા યુવાનો પોતાના પ્રામાણિક પ્રયત્નો પર જ વિશ્વાસ રાખી દુનિયામાં પ્રસારો કરે તો જરૂર પોતાને યોગ્ય સન્માન અને સ્થાન પામશે. યુવાનોએ નિશ્ચય કરવો જોઇએ કે પોતે જ્યાં જશે ત્યાં તેને લાંચ રૂશ્વતનું વાતાવરણ કલુષિત કરી શકશે નહિ, ખોટા ને અન્યાયી વર્તન ચલાવતા માણસનું હથિયાર થશે નહિ કે, ગરીબ અભણ અને અનાથ પાસેથી તેમની સ્થિતિનો ગેરલાભ લેશે નહિ. નોકરી કરવી તો તલવારની ધાર પર રહીને. કામ કરવું તો મિનિટેમિનિટ હક્ક કરીને. એ સિદ્ધાંત પર જીવનાર જુવાનનો દુનિયામાં બધે ખપ છે,—અરે ખપ શું, ખોટ છે.

એકદમ પૈસાદાર થઈ જવાનાં સ્વપ્નાં ઘડનારા આળસુ છે, બીજાઓના હક્ક દબાવનારા છે. અનેકની સેવા કરીને, અનેકને સુખ દઇને જે પોતાનો ભાગ મેળવે છે તે જ ખરો પુરુષાર્થી છે, તેને જ ચિરસ્થાયી સંપત્તિ વરે છે.

તમે ડૉક્ટર કે વકીલ થાઓ તો તમારી શક્તિ કે જ્ઞાન જગતમાં દંભ અને તકરાર વધારવામાં ન વાપરતા. અધિકારી થાઓ તો લોકોની સેવાને ધ્યેય માનજો. જગતની બધી જગ્યાઓ પર પહેલાં યુવકોનો જ અધિકાર થાય છે. પણ યુવક જ્યારે પતિત થાય છે ત્યારે જગતના બધા વ્યવહારમાં અવ્યવસ્થા અને અંધેર દેખાવા લાગે છે.

તમે શિક્ષક થવાનું પસંદ કરો તો તમારી આવકથી સંતુષ્ટ રહેવાનું ઠરાવીને જ એ પસંદ કરજો. એ ધંધામાં પૈસાની રેલમછેલ નહિ થાય, પણ નિત્ય જીવનવિકાસનો નવો અભ્યાસ એમાં છે જ. તમે ધારશો તો શ્રીમાનો અને બલવાનો તમારી એકનિષ્ઠા અને અભ્યાસપરાયણતા આગળ માથું ઝુકાવશે.

મોટા પગારો અને એકદમ ધનપ્રાપ્તિનાં સ્વપ્નો કરીએ એવી આપણા દેશની સ્થિતિ નથી. એટલે જે કામ મળે તેનાથી શરૂઆત કરવામાં ઢીલ ન કરશો. અમુક પગારને લીધે અમુક કલાક જ કામ કરવું એવી રઢ તમારા શેઠ કે ઉપરી જોડે લેતા નહિ. દરેક સારો શેઠ કે ઉપરી પોતાનાં માણસોની જરૂરિયાતો, આરામ ને સન્માનનો વિચાર કરે છે. તે નહિ કરે તો તેના પોતાના હક્કમાં નુકસાન થવાનું છે. પણ તમે તમારી છાપ એકનિષ્ઠ કામ કરનાર તરીકે પાડી બતાવજો.

ગમે તે ધંધામાં આપણે નજર કરીએ તો જણાશે કે દરેક કારીગર પોતાનું કામ કાળજી અને મહેનતથી દિલ દઇને કરતો લાગતો નથી. કોઈ એકાદ કામ હાથમાં લે છે તો કરતાંકરતાં હજાર જાતના ચાળા કરે છે. બીડી પીતા ઊભા રહે છે, પાન ચાવે છે, ચા પીવા જાય છે. નકામું જોવા ઊભા રહી જાય છે, વાતો કરે છે વગેરે; પણ ધારેલા વખત સુધી કામમાં ધ્યાન આપતા નથી. આ દુર્ગુણ આખી પ્રજામાં પેઠો છે. કારકુનો, અમલદારો, કારીગરો, બધા જાણે કામ 'ઘસડતા' હોય તેમ લાગે છે. દેશનો આ દુર્ગુણ દૂર કરવાનો બોજો ઊગતી પ્રજાને શિર આવે છે. થોડાં જ વર્ષ પછી તમારામાંના ઘણા ધંધે લાગવાના, અને તમે પણ ધંધાદારી ગણાવાના. તે વેળા તમારે કેમ વર્તવું તેનો વિચાર હાલ જ કરી રાખો. તમે દરેક જણ આદર્શધંધાદારી થવા યત્ન કરશો તો આખો દેશ ધીમેધીમે તેવો થતો જશે, ને દેશનું દારિદ્ર્ય કપાતું જશે.'

તન્દુરસ્તીના રાજમાર્ગ, એ વિષય પર નીચેનાં સર્વોપયોગી સૂત્રો આપેલાં :

'કકડીને ભૂખ લાગ્યા વિના કદિ ખાતા નહિ; પછી ભલે મિષ્ટાન્નના ગંજ ખડકયા હોય.

કુદરતી તરશ વિના કાંઈ પીતા નહિ; સોડા લેમન શરબતની ભલે નદીઓ વહેતી હોય.

રાત્રે વહેલા સૂઈ પરોઢિયે નિયમિતપણે વહેલા ઊઠો; ને ત્યાં સુધી નીરાંતની ઊંઘ લો. મોડી રાતના ઉજાગરા ને પહોર દહાડો ચડતાં સુધીનું ઘારણ એ તંદુરસ્તીનાં દુશ્મન છે.

વાંચવા-લખવા કે કામકાજના નિયમિત વખત પ્રમાણે મહેનત કરો; અને વચ્ચે નિયમિત આરામ, ગમ્મત ને વિનોદ લો.

અને વિચાર નિર્મળ કર્યા એટલે આચાર એની મેળે શુદ્ધ બની જવાના.



માત્ર એક જ ધ્યેય (જગતને સસ્તામાં સસ્તી મોટરો વધારેમાં વધારે સંખ્યામાં આપવા)ને વળગી રહીને કોટયાધિપતિ થનાર, પ્રખ્યાત ફૉર્ડ મોટરોના શોધક હેન્રી ફૉર્ડનું આ અંકમાંનું ચરિત્ર ખૂબ પ્રેરક હતું. પણ આ વખતે તો એમાંના પ્રેરણાદાયી ફકરા તથા એના વિચારો જ જોઇએ:

'નિશાળની ચોપડીઓએ કદી મહાપુરુષો ઘડયા સાંભળ્યા છે? મહાન વૈજ્ઞાનિકો, ખગોળવેત્તાઓ, સાહસવીરો, શોધકો કે લોકનેતાઓ જે જે પાકયા છે તે, કાં તો ખેતરમાં કોઈ ઝાડના છાંયા નીચે આડે પડખે પડયાપડયા, કોઈ લુહારની કોડ કે દરિયાકાંઠે ઝોલતી હોડીમાં, અથવા ઘરને માનીતે ખૂણે પેસીને મનગમતી ઈતર વાચનની ચોપડીઓ વાંચી તેમાંથી જ પ્રેરણા ને જ્ઞાન મેળવતા, ભાવિ સ્વપ્નો ને મહત્ત્વાકાંક્ષાઓ ઘડતા. 'ઇંગ્લિશ મિકૅનિકલ-વર્લ્ડ ઑાવ સાયન્સ'ની અકબંધ ફાઇલો ફૉર્ડની હમેશની સાથી હતી; એનું પાનેપાનું એને હૈયે હતું.

જીવનમાં જે એક સિદ્ધાંત આ વયે એણે બાંધ્યો અને આચારમાં મૂકયો તે ઘણો જ મહત્ત્વનો છે: 'પોતાના ખપની દરેક ચીજ પોતાને હાથે જ બનાવી લેવી.' આ સિદ્ધાંત પાળવો એ રમતવાત નથી. એને માટે અભ્યાસ જોઇએ, અનુભવ જોઇએ; પણ સૌથી મોટી વાત તો એ કે ધીરજ જોઇએ, ખંત જોઇએ. હતાશ થયું ન પાલવે. ફૉર્ડ કહેતો કે 'બધી નિરાશાઓનું મૂળ ઉતાવળ છે. કોઈ પણ વસ્તુ બનાવવામાં અધીરાઇ શા માટે રાખવી? વિજયને આવતાં હમેશાં વાર જ લાગે છે. એનો માર્ગ ખંતથી ખેડી રાખવો જોઇએ.'

તે લક્ષ્મી રળ્યો પણ એ લક્ષ્મીનો ચાંલ્લો

એના કપાળમાં કોઈ આવીને નહોતું કરી ગયું. પોતાનું જ માથું ફોડી, લોહી કાઢીને એ લોહી વડે એણે પોતાના કપાળમાં ચાંલ્લો કર્યો. ઓછામાં ઓછી કીમતે ઊંચામાં ઊંચો માલ જગત આખાને પૂરો પાડવો, અને તેમ છતાં એમાંથી અઢળક ધન મેળવવું. એ બે વિરોધી વાતોનો અદ્‌ભુત સમન્વય એના જીવનમાં છે. એણે કહ્યું છે કે 'લક્ષ્મી મેળવવાનો તો મેં કદી વિચાર જ નથી કર્યો. મેં વિચાર કર્યો હતો માત્ર મોટર બનાવવાનો—અને તે પણ સૌથી સારી બનાવવાનો. જેને લક્ષ્મી મેળવવી છે તેણે, ખરું જોતાં તો લક્ષ્મીનો વિચાર સરખો પણ ન કરવો જોઇએ. તેણે બીજાઓ કરતાં સારું, કંઈક લોકોપયોગી કામ કરવું, અને લક્ષ્મી આપોઆપ તેને આવી મળશે. લક્ષ્મી મેળવવાનો પ્રયત્ન જ ન કરવો એ જ લક્ષ્મી પ્રાપ્ત કરવાનો માર્ગ છે.

કામ અને કમાણી એ બેનો મેળ જ ન ખાય. કરવાલાયક કંઈ પણ કાર્ય કમાણી સાથે ભળી જ ન શકે. કામ વખતે લક્ષ્મીનો વિચાર માણસની શક્તિને ઘટાડે છે. જે વેળા હું મોટર બનાવતો હતો તે વેળા મેં જો લક્ષ્મીના સવાલને મારા કામમાં સંડોવ્યો હોત તો હું કાર્યક્ષમ ન થઈ શક્યો હોત.'

'પ્રાર્થના' એ વિષય પર શ્રી કિશોરલાલભાઈ મશરૂવાળાએ એક નાનકડો લેખ એ અંકમાં આપેલો. એ છે તો આખો યે ઉતારવા જેવો, પણ અહીં તો એમાંના વિચારોનું દોહન જ આપી શકાશે. અને છતાં એમાંથી ઉત્સુકને પૂરતું માર્ગદર્શન મળી રહેશે :

'પ્રાર્થના બે પ્રકારની છે; બધાંએ ભેગાં મળીને કરવાની, અને એકાંતમાં એકલાએ કરવાની. સામાજિક પ્રાર્થનામાં એકબીજાને હિંમત આપવાનું વિશેષ સામર્થ્ય રહેલું છે.

પણ પ્રાણનિયમન, ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, આત્મચિંતન અને શાંતિ મેળવવા માટે તો એકાંત પ્રાર્થનાની જ જરૂર છે.

માટે એકાંત પ્રાર્થનામાં રોજ થોડો વખત ગાળવાની ટેવ પાડવી જોઈએ. તેની ઉત્તમ રીત ગીતાના છઠ્ઠા અધ્યાયમાં આપી છે.

પાંચ મિનિટથી અર્ધો કલાક શ્રદ્ધા પ્રમાણે રોજ એકાંત પ્રાર્થનામાં ગાળો. સવારમાં ઊઠીને તરત અથવા નાહી ધોઇને તરત, ને રાત્રે સૂતાં પહેલાં, એ પ્રાર્થના માટે યોગ્ય સમય છે.

પ્રાર્થના કરવા માટે જમીન ઉપર, ખૂંચે નહિ એવું અને જમીનની કઠણતાથી અંગ દુખી ન જાય એવું આસન પાથરી 'એક આસને' બેસવું. 'એક આસને' એટલે જે રીતે બેઠા હોઈએ તે જ રીતે પ્રાર્થના પૂરી થાય ત્યાં સુધી હાલ્યાચાલ્યા વિના બેસી રહેવું. જે મનુષ્ય લાંબા વખત સુધી એક આસને બેસી શકે છે, તેણે આસન જીતેલું કહેવાય છે. આસન જીતનાર દેહનો સંયમ અને પ્રાણનું નિયમન સારી રીતે કરી શકે છે અને એકાગ્ર ચિત્તે એક વસ્તુમાં ધ્યાન આપી શકે છે. માટે આસન જીતવાનો પ્રયત્ન કરવો. આસન ઉપર ટટ્ટાર બેસવું, કે જેથી શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા પ્રયત્ન વિના બરોબર ચાલે. સિદ્ધાસન કે પદ્માસન ઘણાખરા વિદ્યાર્થીઓને અનુકૂળ આવશે. પણ એ આસનોની પલાંઠી બહુ સાંકડી વાળવી ઠીક નથી, કેમકે તેથી પગમાં ખાલી ચડી આવે છે. આ આસનોમાં ટટ્ટાર બેસવું અઘરું પડતું નથી.

આસનસ્થ થયા પછી નાકના અગ્ર પર બંને આંખો ઠરાવવી. શરૂઆતમાં એમ કરવાથી આંખો દુખી આવે છે એવો અનુભવ થશે, પણ સહેજ અનુભવ મળવાથી એની મેળે આંખો ત્યાં ઠરી શકશે. કેટલાક નાકના અગ્ર પર ચંદનનું ટપકું કરી દૃષ્ટિ સ્થિર કરે છે, અને કેટલાક ઇશ્વરનું જે સ્વરૂપ પોતાને ગમતું હોય તે મૂર્તિને તે સ્થળે બેઠેલી ધારે છે.

આવી રીતે તૈયારી કરીને ઈષ્ટસ્મરણ કરવું. ઈષ્ટસ્મરણ કરતાં કોઇ પણ જાતના વિચાર મનમાં ન ઊઠવા દેવાનો પ્રયત્ન કરવો. પોતાને વિચાર ઊઠે છે કે નહિ તે તરફ જાગ્રત રહેવું અને વિચાર ઊઠે કે તરત પોતાને ઈશ્વરચિંતવન કરવું છે, એવો વિચાર લાવી એ વિચારને બંધ કરી દેવો. મન કેટલું ચંચળ છે અને એનો નિગ્રહ કરવો કેટલો કઠણ છે તેનો અનુભવ આ પ્રયત્નમાં ઠીકઠીક થશે.

ઘણી વાર એવું થશે કે વિચારને બંધ કરતાં તમે થાકશો, પણ વિચાર ઊઠતાં થાકશે નહિ. એવે વખતે જુદાજુદા લોકો જુદીજુદી રીતે વર્તે છે. કેટલાક તે વખતે અમુક ઉપયોગી વિચારોમાં મનને જોડે છે. કેટલાક પોતાના ઇષ્ટદેવનું વર્ણન જે શ્લોકો કે ભજનોમાં હોય, તેમાં ધ્યાનને જોડે છે. કેટલાક આત્મનિરીક્ષણમાં એટલે પોતે આખા દિવસમાં કરેલાં કાર્યો, વિચારો વગેરેને તપાસવામાં મનને પરોવે છે.

ઘણી વાર એવો અનુભવ થશે કે પ્રયત્નો કર્યા છતાં વિચારો આવતા બંધ કરી ન શકાય, કે વિચારો ઊઠે છે કે નહિ તે સમજાય નહિ. ઈશ્વરસ્મરણ પણ થાય નહિ અને આનંદ જેવું પણ લાગે નહિ; તે વખતે મુંઝાવું નહિ, કિંતુ એ પણ મનની એક જાતની સ્થિતિ જ છે એમ જાણી, પોતે એથી જુદા પડી, એક નમસ્કાર કરી ઊઠી જવું.'

પરદેશના પત્રમિત્રો

(1) Mr. Horst F. Krummerich, 11,Armanruchstrasse,Weisbacen –Biebrich (16)–23 Travelling, Scout,Music;(2)Mr.Hulmut Roer, Haltean a/see (westf)–Correspcndence, Reading, Shorts; (3) Miss Ieisel Sehormann, Rumgln, /Moers, Rheinhausgnrstr 48–16 Literature, Reading; (4) Mechtilel Ardt, Krh Kempfenhausen, b/statngurg/U. S. Zone–23 Painting, Sports; (5) Mr. Hans Haherinch, (16) Offenbach / main 42/29–28 Painting,Literature;(6) Miss Indiborg Hippeli, Wurzburg, Kees trafree, 29a Bayern–16, Reading, Sports;(7) Gisela Freitag,Hammerweg 4, Dorsten/Westf.(school girl)Literature;(8)MissH.Frende, Sthhgart 5, Adlerstr. 45–Correspondence, Drawing; (9) Emile Haag,(22b)Rohrgach(Steelnwell), Rheineland–Pfalz(French zoue)–Correspondence, Literature; (10) Mr.Rothemund,Hnglfing 58 Bayfrn–21, Painting;(11) Mr. Walter Burgeg,Burgweinting,Regenburg D-26, Penfriendship, Drawing; (12) Miss Anni Hackstein, Sheinhanssen, Rumelenstr, 95, Rheinland–15, Drawing, Reading; (13) Miss Helge Hcnke, Rochom/i/w, Korumstr–117, Sports,Film,Drawing; (14) Mr. Mogens Larsen Kobenhansvee40 Koge–Denmark Painting,Sports.(ઉલ્લેખ : Ashakant Nimbark, Bhavnagar, Saur.)

હિંદી પત્રમિત્રો

(23) Jayantilal R.Chandarana, Parsi Lane.Saddar Bazar,Rajkot (Saur.)—18, Reading, Stamps, Cinema; (24) Kishor M. Sheth, Haveli Street, Gondal (Saur.)—19,Stamps,Coins,View-cards;(25) Patel Vitthalbhai Motibhai, C/o Patel Mangaldas Motibhai, Raipur, Pipardi's Pole, House No. 2820, Ahmedabad; (ચાલુ)

(અનુ.પૃ. ૧૮૯/બથી) કલાભારતી : (હસીને) બન્ને એક જ વાત થઈ.

જયંતચંદ્ર : માળા છે તો સુંદર. લાવ, તારા વાળમાં શૃંગાર કરું.

કલાભારતી : આ તો મેં મહારાજ માટે ગૂંથી છે.

જયંતચંદ્ર : મારી પ્રસન્નતા એમાં જ છે કે આ માળા તારી વેણીનો શૃંગાર બને. (થોડી વાર પછી) હં; હવે શોભિત થઈ આ માળા.

કલાભારતી : મહારાજનો અનુગ્રહ શિરોધાર્ય છે. આજે આપને વિલંબ કેમ થયો?

જયંતચંદ્ર : આચાર્ય શ્રીહર્ષ પધાર્યા હતા.

કલાભારતી : તો એમ કહોને કે કાવ્યચર્ચા થઇ રહી હતી. આચાર્યની કવિતા પાસે કલાભારતીની શી કિંમત?

જયંતચંદ્ર : કાવ્યચર્ચા ન હતી. પરંતુ આચાર્યે જે કંઈ કહ્યું એથી મને કુમાર મેઘચંદ્રની ચિંતા થાય છે.

કલાભારતી : કેમ? શી વાત છે?

જયંતચંદ્ર : આચાર્ય કહે છે કે કેટલીક વ્યક્તિ કુમાર મેઘચંદ્રનો પ્રાણ લેવાનું ષડયંત્ર રચી રહી છે.

કલાભારતી : એમ? શું?

જયંતચંદ્ર : મને પણ આશ્ચર્ય થયેલું. પણ એમની માન્યતા દૃઢ છે.

કલાભારતી : પણ થયું છે શું? મને તો કંઈ કહો.

જયંતચંદ્ર : આચાર્યના ભવનમાં જ્યાં મેઘ સૂએ છે ત્યાં ભયંકર સર્પો મળી આવ્યા. ત્યાં કોઈ પણ માર્ગે સર્પ આવવાની સંભાવના નથી. એ તો સારું થયું કે કુમારની રક્ષા માટે એ પ્રકોષ્ટમાં જે ઓષધિઓ રાખી હતી તેના ગંધથી જ સર્પ મૂર્છિત થઈ ગયા. નહિતો–

કલાભારતી : ઇશ્વર કલ્યાણ કરે. પણ, તો તમે કુમારને અહીં કેમ નથી બોલાવતા?

જયંતચંદ્ર : મેં આચાર્યને કહ્યું હતું; પરંતુ એમની ધારણા છે કે કુમાર ત્યાં વધુ સુરક્ષિત છે.

કલાભારતી : કુમારનો શત્રુ કોણ છે? આચાર્યનો શો સંદેહ છે?

જયંતચંદ્ર : મેં પણ આ જ પ્રશ્ન તેમને પૂછેલો, તો તેમણે કહ્યું, 'શ્રીહર્ષ સંદેહ નહિ, વિશ્વાસ પ્રકટ કરે છે. અપરાધી હજી સંદિગ્ધ છે એટલે તેનું નામ આપવામાં ઉતાવળ થશે.'

કેશિની : (દૂરથી) બચાવો, મહાદેવી! બચાવો! બચાવો! બચાવો! કોઈ રક્ષા કરો!

કલાભારતી : (ગભરાતી) આ તો કેશિનીનો અવાજ છે, મહારાજ.

જયંતચંદ્ર : ક્યાં છે કેશિની?

કેશિની : બચાવો, બચાવો! રક્ષા કરો!

કલાભારતી : અહીં ઉદ્યાનમાં જ.

જયંતચંદ્ર : (મોટેથી) નિર્ભય રહે, કેશિની. અમે આવીએ છીએ. [જવાનો અવાજ]

કલાભારતી : અરે, એ જ અહીં આવે છે. આવી દશા કેમ છે તારી?

કેશિની : (રોતાંરોતાં) હવે તો અંતઃપુરની પરિચારિકાઓ પણ સુરક્ષિત નથી.

જયંતચંદ્ર : પણ પૂરી વાત તો કહે.

કેશિની : મહારાજનો જય હો! હમણાં જ મહાદેવી એ બાજુથી પધાર્યાં છે. પૂજા માટે હું પુષ્પ લાવવાં ભૂલી ગઇ હતી. મને ખ્યાલ આવ્યો કે તરત હું પુષ્પ ચૂંટવા આવી એટલામાં... (બોલતી નથી.)

જયંતચંદ્ર : ચૂપ કેમ થઇ ગઈ? બોલતી કેમ નથી?

કેશિની : મને હવે મહાદેવીની સેવામાંથી મુક્ત કરો, મહારાજ.

જયંતચંદ્ર : મારા પ્રશ્નનો આ ઉત્તર નથી. પૂરી વાત કહે.

કેશિની : કહેવાનું સાહસ નથી થતું. મારી ખુલ્લી વેણી, ડોકાણેથી ચોળાયેલું ઉત્તરીય અને તૂટેલી ચૂડીથી નીકળતું લોહી, આ બધું ચોખ્ખું કહે છે.

જયંતચંદ્ર : હું પૂછું છું કે તારી આવી દશા કરનાર છે કોણ?

કેશિની : પ્રાણદાન મળે તો કહું.

જયંતચંદ્ર : કહું તો ખરું કે ડરવાની જરૂર નથી. કોણ છે અપરાધી?

કેશિની : (અટકતાં અટકતાં) કુમાર... મેઘ... ચંદ્ર.

કલાભારતી : પાગલ થઈ ગઈ છે કે શું?

જયંતચંદ્ર : (આશ્ચર્યથી) મેઘ?!

કેશિની : અંતઃપુરમાં આવા ઉપદ્રવનું સાહસ બીજું કોણ કરે?

જયંતચંદ્ર : આ તું શું કહે છે?!

કેશિની : મહારાજની આજ્ઞા હતી એટલે જ મેં સ્પષ્ટ કહ્યું છે

જયંતચંદ્ર : આશ્ચર્ય છે!

કેશિની : કદાચ તેમને ખ્યાલ ન હતો કે મહારાજ અહીં પધારેલા છે. આવીને તરત જ તેમણે મારી સામે પ્રેમ દર્શાવ્યો અને હું ચકિત થઇ ગઇ. બલાત્કારે તેઓ પોતાની અંગૂઠી મારી આંગળીમાં પહેરાવવા લાગ્યા. હું ગભરાઈ ગઈ. હાથ છોડાવવા મેં પ્રયત્ન કર્યો. હું બૂમ પાડવા ગઈ તો મારું મોં બંધ કરી દીધું. જ્યારે મહારાજનો અવાજ સાંભળ્યો ત્યારે નાસી ગયા.

કલાભારતી : અંગૂઠી ક્યાં છે?

કેશિની : આ રહી.

કલાભારતી : ક્યાં છે? આંગળી ઉપર તો કંઇ નથી?

કેશિની : હા, કદાચ ત્યાં જ પડી હશે; કેમકે કુમારની અંગૂઠી મારી આંગળીમાં ઢીલી થતી હતી.

જયંતચંદ્ર : અમે પોતે ત્યાં જ આવીએ છીએ. તું દીપક ઉપાડ.

કેશિની : જેવી આજ્ઞા. [વિરામ...પદ-ધ્વનિ]

કેશિની : આ રહ્યું એ જ સ્થાન.

કલાભારતી : દીપક થોડોક નીચે કર અને પછી શોધ.

કેશિની : આ રહી લ્યો, મહાદેવી.

કલાભારતી : ઉપર નામ તો કુમાર મેઘચંદ્રનું જ છે, જુઓ.

જયંતચંદ્ર : હં...વારુ, જાઉં છું હું. મેઘે કેશિની સાથે વિવાહ કરવો પડશે. [જયંતચંદ્રના જવાનો અવાજ]

કેશિની : આ તો વિપત્તિ થઈ મહાદેવી!

કલાભારતી : કેમ? કુમાર મેઘચંદ્ર તને સારા નથી લાગતા?

કેશિની : આપને વિનોદ સૂઝે છે. કુમારની સામે લજ્જાથી હું મુખ પણ ઊંચું નહિ કરી શકું. તેઓ પવિત્ર છે અને તેમની ઉપર અસત્ય લાંછન લગાવીને મેં પાપ કર્યું છે.

કલા૦ : શ્રીહર્ષ ને કલાભારતીનું યુદ્ધ છે આ. એમાં તું તો માત્ર સાધનરૂપ છો. તારો અભિનય સુંદર હતો. શો પુરસ્કાર ઇચ્છે છે?

કેશિની : આપશો?

કલાભારતી : અવશ્ય.

કેશિની : તો આ માર્ગ છોડી દો. આચાર્ય પૂજ્ય છે, પવિત્ર છે, ને ઉદાર પણ હશે જ. એમની સાથે સંધિ કરી લો, મહાદેવી.

કલાભારતી : બકવાટ ન કર કેશિની. ધનુષ્યમાંથી છૂટેલું બાણ પાછું નથી ફરતું. મારો આ ખેલ ભયંકર છે.

[૧૨]

વિદ્યાધર : અસંભવિત છે એ તો, મહારાજ.

જયંતચંદ્ર : અસંભવ કહેવાથી કામ નહિ લાગે, જુઓ આ શું છે તે.

વિદ્યાધર : (આશ્ચર્યથી) કુમાર મેઘચંદ્રની મુદ્રિકા?!

જયંતચંદ્ર : આ જ મુદ્રિકાને પ્રેમચિહ્નરૂપે આપીને કુમાર તેને

પ્રેયસી બનાવી રહ્યા હતા. મેઘે કેશિની સાથે લગ્ન કરવાં પડશે.

વિદ્યાધર: આ મુદ્રિકા તો બે સપ્તાહ ઉપર ચોરાઈ ગઇ હતી.

જયંતચંદ્ર: કુમારના અપરાધને છુપાવવાનો પ્રયત્ન ન કરો.

વિદ્યાધર: સ્વામીની સન્મુખ મિથ્યા ભાષણ કરવાની ધૃષ્ટતા વિદ્યાધર નથી કરી શકતો. દેવ. આચાર્ય શ્રીહર્ષ પણ જાણે છે કે આ મુદ્રિકા કુમારના પ્રકોષ્ટમાંથી ચોરાઇ ગઈ હતી.

જયંતચંદ્ર: મેં પોતે કેશિનીને બૂમો પાડતી સાંભળી છે. મેઘે કરેલી દુર્દશા પછીનો તેનો અસ્તવ્યસ્ત વેષ મેં પોતે જોયો છે.

વિદ્યાધર: જે સમયની આ ઘટના છે ત્યારે અંધકાર થઇ ગયો હતો; એટલે શક્ય છે કે કોઈક છદ્મવેષી વ્યક્તિ કુમારનારૂપમાં આવી હોય. કુમારના ચારિત્ર્યની પવિત્રતા વિષે આખું નગર વિશ્વાસી છે.

જયંતચંદ્ર: કંઈ સમજાતું નથી.

વિદ્યાધર: એ તો સ્પષ્ટ છે કે કુમારની વિરુદ્ધ કૈંક ષડયંત્ર થયું છે. એમને મહારાજની દૃષ્ટિમાં નીચા પાડવા અથવા તો એમનો પ્રાણનાશ કરવો એ જ ષડયંત્રના રચનારાઓનો ઉદ્દેશ લાગે છે.

જયંતચંદ્ર: પરંતુ ષડયંત્રકારીઓ કોણ હોઇ શકે?

વિદ્યાધર: જેમના માર્ગમાં કુમાર મેઘચંદ્ર અડચણરૂપ હોય તે.

જયંતચંદ્ર: તમારી ધારણા શી છે?

વિદ્યાધર: મારી કંઇ ધારણા નથી. એ તો તર્કસિદ્ધ સત્ય છે કે કુમારના અહિતનો પ્રયત્ન એ જ કરશે કે જેને કુમારથી હાનિ હોય.

જયંતચંદ્ર: શું કેશિની પણ ષડયંત્રમાં છે?

વિદ્યાધર: કંઇ કહી શકાય નહિ.

જયંતચંદ્ર: વારુ, તમે જાઓ.

વિદ્યાધર: જેવી આજ્ઞા.

[૧૩]

કલાભારતી: હું પૂછું છું કે શું હું રાજમહિષી નથી?

જયંતચંદ્ર: તું રાજમહિષી છો એમાં કોઇને સંદેહ છે જ નહિ.

કલાભારતી: તો પછી રાજમહિષીનો પુત્ર રાજ્યનો અધિકારી ન બને તો શું બને?

જયંતચંદ્ર: એ બરોબર; પરંતુ પ્રજાનો વિચાર છે કે મારો જ્યેષ્ઠ મેઘ હોવાના કારણે એ જ રાજ્યનો વાસ્તવિક ઉત્તરાધિકારી છે.

કલાભારતી: આ વિચાર પ્રજાનો છે કે તમારો?

જયંતચંદ્ર: હું તો મેઘથી સંતુષ્ટ નથી જ, પરંતુ પ્રજા....

કલાભારતી: એ બધી મને બનાવવાની વાતો છે.

જયંતચંદ્ર: નહિ, નહિ. મહામાત્ય વિદ્યાધર અને મહાકવિ શ્રીહર્ષ બંનેની એ જ ધારણા છે કે કુમાર અનંત યુવરાજ બનશે તો પ્રજામાં વિદ્રોહ જાગશે.

કલાભારતી: અથવા તો એ બંને વિદ્રોહ ઉત્પન્ન કરાવશે! કુમાર મેઘચંદ્ર એ બંનેના હાથમાં છે. એને યુવરાજ બનાવીને એ બંને આનંદ કરવાનું ઇચ્છે છે.

જયંતચંદ્ર: નહિ, કલાભારતી. તેઓ મારા અકલ્યાણની કલ્પના કદાપિ ન કરે. તને ખાલી ભ્રમ છે.

કલાભારતી: તો પછી હું આપનું અકલ્યાણ ઇચ્છું છું? ઠીક. તો પછી મારો ત્યાગ કરો; તમારું કલ્યાણ થશે.

જયંતચંદ્ર: આજે તને થયું છે શું? લે, આચાર્ય પણ આવી રહ્યા છે. (શ્રીહર્ષનો પદ-ધ્વનિ) જયંતચંદ્ર અભિવાદન કરે છે, આચાર્ય.

શ્રીહર્ષ: દેવ-દંપતીનું કલ્યાણ થાઓ.

જયંતચંદ્ર: સારું થયું કે આચાર્ય અત્યારે પધાર્યા, કેમકે એક આવશ્યક ચર્ચા ચાલી રહી હતી.

કલાભારતી: એમાં આખા સંસારની સંમતિ લેવાની શી જરૂર છે? મહારાજને અધિકાર છે કે જે ઇચ્છે તે કરે. હું કુમાર મેઘચંદ્રના માર્ગમાંથી સદાને માટે હટી જાઉં છું.

શ્રીહર્ષ: એ જ યુવરાજપદની ચર્ચા લાગે છે. હું લજ્જિત છું મહારાજ, કે આપને આપેલું વચન પૂર્ણ ન થઈ શક્યું. મહાદેવી પોતાના વિચારમાં દૃઢ છે. થોડા દિવસ આ પ્રશ્નને સ્થગિત કરી દો તો સારું.

કલાભારતી: (વ્યંગપૂર્વક) આપના આચાર્ય તો સકળકલાનિધાન છે, મહારાજ! આપને આપેલું વચન પૂર્ણ ન કરી શક્યા? (હસે છે.)

જયંતચંદ્ર: આચાર્ય સકળકલાનિધાન છે એમાં સંદેહ છે જ નહિ. તે નરભારતી છે.

કલાભારતી: તો હું પરીક્ષા લઉં?

જયંતચંદ્ર: એ તો આચાર્યનું અપમાન ગણાય.

કલાભારતી: કેમ? પરીક્ષા લેનાર પણ કલાભારતી છે, કોઇ સાધારણ સ્ત્રી નથી.

શ્રીહર્ષ: શ્રીહર્ષ પરીક્ષા આપવા તૈયાર છે, મહાદેવી.

કલાભારતી: મને આજ્ઞા છે મહારાજ?

જયંતચંદ્ર: (ચૂપ રહે છે)

શ્રીહર્ષ: મહાદેવીની આજ્ઞા એ જ મહારાજની આજ્ઞા છે.

કલાભારતી: વારુ, તો મારા પગનું માપ લ્યો તો. અને એ પછી એક જોડ ઉપાનહ બનાવી લાવો. એનો ખ્યાલ રાખજો કે એમાં જે સામગ્રીનો ઉપયોગ કરો તે આપની જ બનાવેલી હોવી જોઇએ.

જયંતચંદ્ર: આ તું શું કહે છે કલાભારતી? આચાર્યનું આ તો ઘોર અપમાન છે.

શ્રીહર્ષ: પરીક્ષા લેવા દો, મહારાજ. શ્રીહર્ષ અનુત્તીર્ણ નહિ થાય. મહારાજ, વિશેષ તો એ જ કે કુમાર મેઘચંદ્રની મુદ્રિકા જેણે ચોરી હતી તે હવે કોઈ ભયંકર કાંડ રચનાર છે. મને જવાની આજ્ઞા આપો.

[૧૪]

વિદ્યા૦: વિદ્યાધર પ્રણામ કરે છે, આચાર્ય. અરે! આ શું કરો છો?

શ્રીહર્ષ: (હસીને) ઉપાનહ બની રહ્યો છું—કલાભારતીના.

વિદ્યાધર: શું...? છે તો ઉપાનહ જ! શું સૂઝ્યું છે તમને?

શ્રીહર્ષ: મારા કલાજ્ઞાનની પરીક્ષા લે છે કલાભારતી. ચર્મકારનું કાર્ય કરવાથી મારું બ્રાહ્મણત્વ નષ્ટ થઈ જશે એમ વિચાર્યું તેણે.

વિદ્યાધર: તો?

શ્રીહર્ષ: મેં વૃક્ષના વલ્કલને ઔષધિઓમાં મેળવીને ચર્મ જેવું કરી મૂક્યું છે. કોઈપણ વ્યક્તિ એને હાથમાં લેતાં ચર્મ જ સમજશે.

[મેઘના આવવાનો ધ્વનિ]

મેઘચંદ્ર: આચાર્ય, સર્વનાશ થયો! કલાભારતીએ કાશી ઉપર આક્રમણ કરવા માટે અનાર્યોને નિમંત્રણ દીધું છે. અરે! આ શું?

વિદ્યાધર: આચાર્ય કલાભારતીના ઉપાનહ બનાવીને નરભારતી હોવાનું પ્રમાણ આપી રહ્યા છે. તેણે આચાર્યની પરીક્ષા લીધી છે.

મેઘચંદ્ર: (ક્રોધથી) આચાર્યનું અપમાન! એ રાક્ષસીનો હું વધ-

શ્રીહર્ષ: ક્રોધિત થવાની જરૂર નથી, કુમાર. અનાર્યોને નિમંત્રણ મળ્યું છે એ સૂચના તમને શી રીતે મળી?

મેઘચંદ્ર: પદ્માકરના ઘરમાં જે ચર છે તેને પદ્માકરના બિછાનામાંથી અનાર્ય-નરેશનો આ પત્ર મળ્યો છે. (પત્રનો અવાજ)

શ્રીહર્ષ: વાંચી સંભળાવો તો.

મેઘચંદ્ર: જેવી આજ્ઞા. (વાંચે છે)

પ્રિય બન્ધુવર,

આપની દરેક વાત સ્વીકૃત છે. કાશી પહોંચતાં અમારી સેનાને

વધુ દિવસો નહિ લાગે. અમે કાન્યકુબ્જ ઉપર કુમાર અનંતનો અધિકાર સ્થાપીને તેમના શાસન સાથે મિત્રતા રાખીશું. કાન્યકુબ્જ માત્ર નામનો જ વાર્ષિક કર અમને આપશે. —આપનો મિત્ર

વિદ્યાધર: હવે શો વિચાર છે આચાર્ય?

શ્રીહર્ષ: તમે મહાબલાધ્યક્ષને સાવધાન રહેવાનું કહો, કુમાર; અને પદ્માકરને બંદી બનાવો. હું આ પત્ર લઇને મહારાજની સેવામાં જાઉં છું. મહામાત્ય, તમે પણ ચાલો. પદ્માકર નીકળી જવા ન પામે, કુમાર, શીઘ્રતા કરો!

મેઘચંદ્ર: જેવી આજ્ઞા.

[૧૫]

શ્રી હર્ષ: શત્રુઓને નગરથી દૂર જ રોકવા પડશે, મહારાજ. આપેલી સેનાના ત્રણ ભાગ થશે.

જયંતચંદ્ર: કયાકયા ભાગના કોણકોણ અધ્યક્ષ થશે?

શ્રીહર્ષ: શત્રુઓની સન્મુખ મહારાજની સેના રહેશે. મહાબલાધ્યક્ષ મહારાજની સહાયમાં રહેશે. ડાબી તરફ મહામાત્ય વિદ્યાધર પોતાની સેના સહિત વનમાં છુપાઈ રહેશે, ને જમણી તરફ કુમાર મેઘચંદ્ર. શત્રુઓની સેના ઉપર જે સમયે મહારાજની સેનાનું દબાણ થશે એ જ સમયે મહારાજની સેનાનાં દુંદુભિ વાગશે. દુંદુભિ સાંભળતાં જ મહામાત્ય અને કુમાર બન્ને બાજુથી એકીસાથે શત્રુઓ ઉપર આક્રમણ કરશે.

જયંતચંદ્ર: યોજના સારી છે. પ્રાતઃકાલમાં જ સેના પ્રસ્થાન કરશે. બંદિની કલાભારતીની દેખભાળ કોણ કરશે? અંતઃપુરની રક્ષા માટે કોને નિયુક્ત કરવા?

વિદ્યાધર: અંતઃપુરની રક્ષાનો ભાર આચાર્ય લેશે.

જયંતચંદ્ર: સુંદર! હવે હું નિશ્ચિંત છું. કાન્યકુબ્જ ઉપર આક્રમણ કરનાર શત્રુને એનું ફળ સારીરીતે મળી જશે.

[૧૬]

[યુદ્ધનો કોલાહલ]

જયંતચંદ્ર: (ઊંચે સાદે) આર્ય વીરો સાવધાન! એક પણ શત્રુ જીવિત પાછો ફરવો ન જોઇએ. ખડ્ગની પિપાસાને શાંત કરવા માટે આથી સારો અવસર કદાપિ નહિ મળે. આર્યભૂમિમાં એક પણ શત્રુ હોય તે કલંકની વાત છે. એ કલંક બર્બરો ને આતતાયીઓના રક્તથી જ ધોવાશે. આર્ય નરનારીઓને વેચીને દાસદાસી બનાવનારના હૃદયની ગતિ સદાને માટે બંધ થવી જોઇએ. (યુદ્ધનો કોલાહલ વધુ નજદીક આવે છે.) અહા! શત્રુઓની જમણી બાજુ ઉપર મેઘચંદ્ર તૂટી પડયો. ખૂબ સરસ! આજે ચિરકાળ પછી એને જોઉં છું. (ઊંચા અવાજે) વિજયશ્રી તમારી છે. શત્રુનું સાહસ તૂટી ગયું છે. આગળ ધસો! આગળ ધસો! અહો, ડાબી તરફ વિદ્યાધરે પણ આક્રમણ કર્યું. શત્રુસેનામાં હવે કંઈ દમ નથી રહ્યો. જે છે તે પ્રાણ બચાવવાની ચિંતામાં છે. ત્રણે બાજુથી શત્રુ ઘેરાઈ ગયા છે. આગળ ધસો, વીરો, આગળ ધસો! પૂર્વજોના આત્માઓ સ્વર્ગમાં જોઇ રહ્યા છે. તમારી સ્વર્ગીય માતાઓનાં મુખ ઉજ્જવલ થઇ ગયાં છે.

[ધીરેધીરે યુદ્ધનો કોલાહલ દૂર જાય છે.]

[૧૭]

કલાભારતી: (અટ્ટ હાસ્ય) એ...જુઓ, શ્રીહર્ષ. (અટ્ટ હાસ્ય)

શ્રીહર્ષ: શું છે મહાદેવી?

કલાભારતી: (અટ્ટ હાસ્ય) શું છે? જ્વાળા! ચારે બાજુ જ્વાળા! કવિતામાં જ્વાળા છે, સંગીતમાં જ્વાળા છે. (અટ્ટ હાસ્ય) કલાભારતી એ જ્વાળામાં બળી રહી છે. કલાભારતીનાં નેત્રોમાં, હૃદયમાં સમગ્ર શરીરમાં જ્વાળા જ્વાળા છે. (અટ્ટ હાસ્ય)

શ્રીહર્ષ: આપ......

કલાભારતી: કલાભારતીના હૃદયની જ્વાળા મહાભયંકર છે. એમાં અંતઃપુર બળશે, પ્રજા બળશે, નગર બળશે (અટ્ટ હાસ્ય; કેશિનીના આવવાનો ધ્વનિ)

કે૦: આચાર્ય, પ્રલય મચી ગયો. અંતઃપુરમાં આગ લાગી છે.

કલાભારતી: અંતઃપુરમાં આગ 'લાગી' છે? અરે આગ પોતે જ ઘૂમી રહી છે. (અટ્ટ હાસ્ય)

શ્રીહર્ષ: પ્રાણ બચાવો તમારો, મહાદેવી! જલદી કરો.

કલાભારતી: નહિ જાઉં શ્રીહર્ષ! અહીં જ ખાક થઈશ ને તું પણ અહીં જ ખાક થઈશ. હું મહાદેવી છું. મારી રક્ષાનો ભાર તારી પર છે. મને છોડીને તું તો નહિ જઈ શકે! (અટ્ટ હાસ્ય)

શ્રીહર્ષ: મારે બળનો ઉપયોગ કરવો પડશે.

કલાભારતી: જે તું ઈચ્છે તે તું કર; હું ઇચ્છું તે હું કરું.

શ્રીહર્ષ: તો પછી ક્ષમા કરજો, મહાદેવી; આપના શરીરને સ્પર્શ કરવા માટે હું વિવશ છું.

કલાભારતી: અહા...જીત મારી થઈ...શ્રીહર્ષ...હૃદય શીતળ થઈ ગયું...શ્રીહર્ષના શરીરનો સ્પર્શ!...જે તું મને આપવા ઈચ્છતો ન હતો તે મેં જ લઈ લીધું છે...શ્રીહર્ષના વક્ષસ્થળના આશ્રયમાં... કલાભારતીનો પ્રાણ......

શ્રીહર્ષ: મહાદેવી! મહાદેવી! અરે! શું થઈ ગયું આમને? હૃદયની ગતિ સમાપ્ત થઇ ગઈ? શિવ શિવ! વાસનાનો કેવો કરુણ અંત... (કંઠ ભરાઈ આવે છે.) કલાભારતી...સ્વર્ગમાંથી ભ્રષ્ટ થએલ અપ્સરા... મૃત્યુ પછી ઘૃણા કેવી ને વેર કેવું? તારા પ્રત્યે મારા હૃદયમાં સહાનુભૂતિ છે, કલાભારતી! શ્રીહર્ષનાં આ આંસુઓથી તારા આત્માને શાંતિ મળો.

[અંતિમ શાંત વાદ્ય-વાદન]

સ્વ. ડૉ. અનન્ત પંડયા સ્મારક-અંક

બરાબર એક વરસ પહેલાં, ગયા જૂનની પહેલી તારીખે જે વિરલ પ્રતિભાવાન ગુજરાતીનું અવસાન થયું તેનાં નામ ને કામથી જૂના વાચકો તો પરિચિત છે. જેમણે કુમાર વયમાં કાઢેલા હસ્તલિખિત માસિક 'કુમાર' પરથી આ માસિકની પ્રેરણા મળી એ, નવા યુગના પ્રફુલ્લ પુષ્પ સમાન ડૉ. અનન્ત પંડ્યાની અવસાન-નોંધ લખતાં શ્રી રવિશંકર રાવળે ત્યારે લખ્યું હતું કે "આજે જગતમાં યુદ્ધે ચડતા સેનાપતિઓ અને રાષ્ટ્રોનાં ભાવિ સાથે ખેલ ખેલતા મુત્સદ્દીઓનાં અવસાનથી લાખો લોકો અંધકાર અનુભવે છે; પણ જીવનભરની ચિવટ, અભ્યાસ ને વિરલ બુદ્ધિમત્તાનો સંચય કરી રાષ્ટ્ર-નૌકાના ખીલા મજબૂત કરનાર, અને સઢો તંગ રાખનાર શ્રમ-કાર્યોના નેતાઓની કિંમત સમજવામાં આપણે પાછા પડીએ છીએ.'

એવા, આપણી મોંઘી મૂડી સમા ડૉ. અનંતની પ્રતિભાનો યોગ્ય પરિચય આપતો સ્મારક-અંક એમની આ સંવત્સરીએ આપવા અમે ધારેલું. હવે આવતો ઑગસ્ટ અંક તેમના સ્મારક-અંક તરીકે દળદાર રૂપમાં પ્રસિદ્ધ થશે; જેમાં, તેમના જીવનઘડતરના સાક્ષી ને સંગાથી નિકટનાં સ્વજનો ઉપરાંત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા સર્જનોના સ્મરણ-લેખોમાં તેમની તેજસ્વી પ્રતિભા ને વિરલ વ્યક્તિનો પરિચય મળશે. 'કુમાર'ના ગ્રાહકોને આ મોંઘો લાભ ગણાશે.

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા ટિકિટોના ઇતિહાસ, પરિચય વગેરે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

જર્મનીની ટિકિટો

ગયે મહિને આપણે ત્રણ મિત્ર સત્તાઓની કબજાગીરી નીચેના પશ્ચિમ જર્મનીની ટિકિટો જોઈ; હવે રશિયન હકૂમત તળેના પૂર્વ જર્મનીની ટિકિટો જોઈએ. એના પર ઐતિહાસિક સીમાચિહ્નો કરતાં વિષય અને આકૃતિનું વૈવિધ્ય વધુ છે. દાખલા તરીકે લાઇપઝિગના મેળાની યાદગીરીની ટિકિટો. જર્મનીમાં લાંબી પરંપરાથી ભરાતો આવતો એ મેળો આપણા કાશી ને પ્રયાગના મેળાની જેમ ઘણા જૂના વખતથી ચાલ્યો આવે છે. વર્ષમાં બે વાર એ ભરાય છે: શરદ્ ને વસંત ઋતુમાં. ને એ સાથે ઘણી જૂની રૂઢિઓ સંકળાએલી છે. એ ટિકિટો પર ૧૫મી અને ૧૬મી સદીમાં રસ્તાઓ પર માલ વેચતા ત્યાંથી માંડીને આધુનિક યુગની યંત્રચાલિત મીલો અને કારખાનાંઓ બતાવવામાં આવ્યાં છે (નં ૧-૨).

૧૯૪૮માં બહાર પડેલો, પ્રખ્યાત સામ્યવાદી નેતાઓની છબિઓનો સેટ તો વિખ્યાત હોવાથી અહીં નથી આપ્યો; પણ ૨૪મી ઑક્ટોબરે આવતા 'ટપાલ-ટિકિટોના દિવસે' ૧૯૪૮ અને ૧૯૪૯માં જે ખાસ ટિકિટો બહાર પાડવામાં આવી હતી તે અહીં આપી છે. ૧૯૪૮ની ટિકિટ પર દુનિયાનો ગોળો બતાવી તેના પર I.P. એટલે 'ટિકિટ-સંગ્રહ-શોખની સંસ્થા' (Institute for Philateli) લખ્યું છે (નં. 3); અને ૧૯૪૯માં તો રશિયન ટિકિટોનાં સો વર્ષ પૂરાં થયાં તેની ઊજવણીમાં બહાર પાડેલી ખાસ ટિકિટ પર સો વર્ષ પહેલાંની સૌથી પહેલી ટિકિટને સૂક્ષ્મદર્શક કાચથી બતાવી છે (નં. ૪).

U.P.U. ટિકિટોને તો ઓળખો છો ને? આ છે (નં. ૫) U.P.U. એટલે કે વિશ્વ-ટપાલ-સંસ્થા (Universal Postal Union)ને ૭૫ વર્ષ પૂરાં થયાં તેની ઊજવણીમાં બહાર પડેલી રશિયન ઝોનની ટિકિટ (૧૯૪૯); અને આ (નં. ૬) છે ત્રીજી Volks Congressની ચૂંટણી માટે બહાર પાડેલી ટિકિટ. વળી નં. ૭ અને ૮ એ બે ટિકિટો વિશ્વના મહાન કવિ અને વિચારક યોહાન વૉલ્ફગંગ વૉન ગઅટેની સંવત્સરી નિમિત્તે બહાર પાડવામાં આવેલી. એ પૈકી એકમાં તો એનું આખું પેઇન્ટિંગ આપ્યું છે. રમતગમતોની ટિકિટો તો આ અગાઉ આપણે ઘણી જોઈ છે, એટલે એ છોડી દઈશું; પણ ૧૯૫૦માં લાઈપઝિગ ખાતે ભરાએલા ટિકિટ-પ્રદર્શન વખતે બહાર



પડેલી આ ટિકિટ (નં. ૯) આધુનિક ઘાટની છે. એ પર શાંતિ-દૂત સમું પક્ષી ઊડતું બતાવી નાનકડી ટિકિટોની મહત્તાને કદ બતાવ્યાં છે.

ઈ. ૧૭૫૦ના જુલાઈની ૨૮મીએ મૃત્યુ પામેલા વિખ્યાત જર્મન સંગીતશાસ્ત્રી યોહાન સેબાસ્ટિયન બાખની ૨૦૦મી સંવત્સરી નિમિત્તે ૧૯૫૦માં બહાર પાડેલી આ ટિકિટોની આકૃતિઓ જુઓ (નં. ૧૦થી ૧૩). એમાં નવીનતા સાથે સાદાઇ અને કથનની ચોટ છે.

૧લી મે નો દિવસ તો હવે બધા દેશોમાં પ્રચાર પામ્યો છે. તે છે 'કામ કરવાનો દિવસ' (The day of work). તેના ૬૦મા મહોત્સવ વખતે ૧૯૫૦માં બહાર પડેલી આ ટિકિટની આકૃતિ પણ આકર્ષક છે. (નં. ૧૪)

પૂર્વ જર્મનીના મેન્સફીલ્ડમાં હાઝ પહાડોમાં આવેલી ત્રાંબાની ખાણો દુનિયાની જૂનામાં જૂની ખાણો પૈકી છે. આ ખાણોને ૭૫૦ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે ૧૯૫૦માં જ ટિકિટો બહાર પાડવામાં આવેલી તેમાં ત્રાંબાની ખાણોમાં સંરક્ષણ માટે બનાવેલાં ખાસ કપડાં પહેરીને કામ કરતા કારીગરો બતાવ્યા છે (નં ૧૫). અને આ (નં. ૧૬) છે રશિયન પાર્લામેન્ટની ચૂંટણી વખતે બહાર પાડેલી ટિકિટ. તેમાં ડાબી બાજુ મતપેટીમાં હાથને મતપત્ર નાખતો બતાવ્યો છે; જ્યારે ઉપર તારીખ ઉપરાંત, મકાન ચણવાના કામમાં આવતો લેલો, ઉદ્યોગ બતાવતો હથોડો ખેતીવાડી બતાવતું અનાજનું ડૂંડું, શિક્ષણ બતાવતી ચોપડી, ને રાસાયનિક ઉદ્યોગ બતાવતો ચંબૂ દર્શાવવામાં આવ્યાં છે. સાથેસાથે મધ્યમાં શાંતિના દૂત સમું પક્ષી બતાવ્યું છે.


છેલ્લી ચાર ટિકિટો ૧૯૫૦-૫૧માં ભરાએલી શાંતિ-પરિષદ વખતે બહાર પાડવામાં આવેલી. તેમના પર લખ્યું છે 'શાંતિ માટે મથો.' (Fight for Peace) યુદ્ધ માટે તૈયાર થઈ ટૅન્ક આવે છે-નહિ, બસ કરો; બૉમ્બમારાથી મકાનો તારાજ થઈ રહ્યાં છે-નહિ, બસ કરો; સુરંગ ફૂટે છે-નહિ, બસ કરો; અસંખ્ય સૈનિકો માર્યા ગયા છે—વ્યર્થ થતી આ માનવહત્યા હવે તો બસ કરો-બંધ કરો; એમ પોકારતા, એ ચારે ટિકિટો પરના રોકનાર હાથને શાંતિ-પક્ષીનો ટેકો છે (નં. ૧૭થી ૨૦). આપણે પણ ઈચ્છીએ કે દુનિયામાં શાંતિ સ્થપાય અને માનવ માનવ વચ્ચે ભાઈચારો કેળવાય.

ગિરધારીલાલ શ્રૉફ



'કુતાકામંડમાં'
માત્ર પૂર્ણરંગમાં જ જેનું સાચું દર્શનસુખ અને કલાકારનું પીંછી-પાટવ માણી-જાણી શકાય એવાં ભાઈ દશરથનાં અનેક નિસર્ગદૃશ્યોમાંનું એક

(પાછળના પાનાને અનુસંધાને) જન્મી છે કે જે સમજનારને પ્રતીતિ કરાવે છે કે લાગણી દર્શાવવામાં પીંછીનાં આંદોલનો પણ કેવો આનંદ આપી શકે છે. હું પોતે ચિત્ર માટે નેવું ટકા કૌશલ અને દસ ટકા કલ્પના-પ્રકારને જરૂરનાં ગણું છું. પણ આજે લોકો કલ્પનાને ન સમજાએલા આદર્શો સાથે ભેળવી દે છે, તેમાં જાતની અનાવડત ઢંકાઈ ન પડે એ ખાતર સમાધાન દર્શાવે છે અને તેઓ બીજાને ભોગે પોતાની મસ્તી માણે છે. મને આશા છે કે કોઈક દિ' એવા લોકો જનસમાજને હેરાન કરવો મૂકી ડહાપણનો માર્ગ લેશે. એ લોકોને એવી શાંતિ મેળવી આપવાના કાર્યમાં પટેલ પોતાનો હિસ્સો આપી રહે છે. એ શાંતિ મુડદાની શાંતિ નથી, પણ વધુ જ્વલંત સફળતા મેળવવાના પ્રયત્નો જાગૃત રાખવાને જરૂર પૂરતો જે વિરામ લેઈએ તે મારા કહેવાનો ભાવાર્થ છે. મને આશા છે કે જીવનભર તે પોતાની વિદ્યોપાસના જારી રાખશે અને નવા આવિષ્કારો માટે નવા માર્ગોનું નિર્માણ કરતો રહેશે. એ કાર્યમાં બેશક ખૂબ જ મંથન કરવું પડશે, પણ મને વિશ્વાસ છે કે તે હારી ખાશે નહિ; અને કલાકારને માટે એ પરમ આવશ્યક છે. પુરુષાર્થમાં જ મસ્તી છે, સિદ્ધિમાં નથી.



જનસામાન્યને રોચક એવી ભારતની પરંપરાગત શૈલીમાં હૃદયનાં લય અને ભાવનું આલેખતું એક ચિત્ર. (બીજાં ચિત્રો આ અંકના પાછલા પૂઠામાં)

દશરથ પટેલની કલા

લેખક

કલાચાર્ય શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી

ભાઈ દશરથ પટેલ અને તેની કલાકૃતિઓ વિષે મારા વિચારો દર્શાવતાં મને જરા મૂંઝવણ થાય છે, કારણકે હાલ તે મારી પાસે વિદ્યાર્થી છે. એવા પ્રસંગે વિવેકની મર્યાદા આડે આવે છે. પણ તે સાથે ફરજથી સત્યનો આશ્રય લેવો પડે છે. એટલે હવે હું એ બેની વચ્ચેની સ્થિતિ પસંદ કરીને મારા વિવેચનનો કેટલોક ભાગ કલ્પના પર છોડી દઈશ.


ભાઈ દશરથમાં આપણા દેશના ખાનદાન કુટુંબને છાજે એવું વ્યક્તિત્વ છે અને આપણી સંસ્કૃતિનાં શ્રેષ્ઠ તત્ત્વોનો આદર કરનારા પૈકીના તે એક છે. અને એ રીતે તેની કૃતિઓમાં સહજ પ્રતિબિંબિત થતું તેનું વ્યક્તિસ્વરૂપ હું રજૂ કરું છું. તેનાં ચિત્રો વિષે હું ગૌરવ પૂર્વક કહી શકું કે તેનામાં કલાકારની સાહજિક મનોવૃત્તિ અને સાથે આલેખનકારનું ધૈર્ય એકસાથે છે. આ બે તત્ત્વોના સંયુક્ત બળે કલાકારની શક્તિની પ્રતિષ્ઠા થાય છે. આવી પ્રતિષ્ઠા ઘણી વાર પ્રગતિને બાધાકારક બને છે. અને દુર્ભાગ્ય એ છે કે આ મનોદશાને વશ બનેલા મારા બીજા કેટલા યે વિદ્યાર્થીઓનાં મગજ ફરી ગયાં છે. એવાનો દાખલો લઈ ભાઈ પટેલ માર્ગ નહિ ચૂકે એવી મને ખાત્રી છે.

અસલથી જ દશરથ કુદરતનો પૂજારી છે અને ખુલ્લા અવકાશમાં રહેવાનું તેને ગમે છે, જ્યાં તેને પૂર્ણવિકસિત વૈભવી મધુરંગોવાળાં ફૂલોથી સુગંધિત વાયુલહરીઓનો સીધો સંસ્પર્શ ભોગવવાનું મળે છે. વિરાટવિસ્તારવાળા ખખડધજ વડલાની મોહિની પણ તેને ઓછી નથી. આ શું મારી અસરમાંથી તેને મળ્યું છે, એવો પ્રશ્ન હું વિચારું છું ત્યારે લાગે છે કે તેની વસ્તુગૂંથણી મારાથી ભિન્ન નથી, પણ તેનું નિરૂપણ સાવ અનોખું છે અને તેમાં તેના વ્યક્તિત્વની પ્રબળ છાપ છે.

આજકાલ પશ્ચિમ-દેશોમાં નવો પવન ચાલ્યો છે કે ભડકદાર રંગોથી કૅનવાસપટ પર ભાતો પાડવી. પણ પટેલ એવું કશું કરતો નથી. બહુજાતી તરાહોનાં ઢાંચાઓનો વસ્તુની વાસ્તવિકતાનો સ્વીકાર કરતા નથી. તેઓ કૅનવાસ ઉપર લીટા અને છરકા કરે છે, પણ કોઈ સમજી શકે નહિ એવું ચિત્ર ઊભું કરે છે. મને સંતોષ છે કે પટેલની પીંછીની હથોટીમાંથી એક એવી શૈલી (અનુસંધાન પાછળને પાને)



કૂદતા વાંદરાની માત્ર ત્રણ મુખ્ય ગતિરેખાઓ સ્વાભાવિક સપાટામાં આલેખીને ઉપજાવેલું આ ચિત્ર ભાઈ દશરથની રેખાશક્તિનો ખ્યાલ આપે છે.




હસે જે મારી મુક્તિ પર એ કેવળ ભીંત ભૂલે છે,
નથી ડરતો જરા પણ હું પ્રવર્તિત દુર્દશાઓથી;
જો પ્રકટાવી શકું છું દીપ તોફાની હવાઓમાં;
બચાવી પણ શકું છું એને તોફાની હવાઓથી.

(આગામી 'શૂન્યની સૃષ્ટિ'માંથી) —'શૂન્ય' પાલનપુરી

શ્રી ગિરિજાશંકર બાજપાઈ: મુંબાઈ રાજ્યના નવા ગવર્નર

જીવનની સાઠી વીતી ગઈ હોઇ નિવૃત્ત થવાની અંગત ઈચ્છા છતાં વડા પ્રધાન શ્રી નેહરુની વિનતિને માન આપીને ગયે મહિને શ્રી ગિરિજાશંકર બાજપાઈએ મુંબાઇ રાજ્યનું ગવર્નરપદ સંભાળ્યું એ એક રીતે આપણી ખુશનસીબી કહી શકાય; કેમકે પોતાની દક્ષતા, વિદ્વત્તા, મિઠાશ અને ચાતુરીથી રાજદ્વારી ક્ષેત્રમાં એમણે ઊંચી નામના મેળવી છે અને વિદેશ-કચેરીના વડા જેવા મહત્ત્વના અને જવાબદાર પદને એમણે દીપાવ્યું છે.

૧૮૯૧માં એમનો જન્મ થએલો. અલ્લાહાબાદ અને ઑક્સફર્ડની મર્ટન કૉલેજમાં અભ્યાસ કરી, આઈ. સી. એસ.માં પહેલે નંબરે ઉત્તીર્ણ થઇને તે ૧૯૧૫માં હિંદી સરકારની સનદી નોકરીમાં કેળવણીખાતાના સેક્રેટરી તરીકે જોડાયા. એ પછી ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ અને કૅનેડામાં હિંદીઓનું સ્થાન કેવું અને કેટલું છે એ તપાસવા ગએલા ડેપ્યુટેશનના સભ્ય તરીકે, ૧૯૨૫-૨૬માં દક્ષિણ આફ્રિકા ગએલા હિંદી ડેપ્યુટેશનના સેક્રેટરી તરીકે, ૧૯૨૯-૩૦માં જીનીવા ગએલા ડેપ્યુટેશનના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે, ૧૯૨૯-૩૦માં ઈંગ્લંડ ગએલી હિંદી રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સના સહમંત્રી તરીકે, ૧૯૩૫-૩૬ તથા ૧૯૪૦-૪૧માં વાઇસ-રૉયની એક્ઝિક્યૂટિવ કાઉન્સિલના સભ્ય તરીકે, તથા ૧૯૪૧-૪૬માં અમેરિકામાં હિંદના એજન્ટ જનરલ તરીકે એમ અનેક કાર્યો તેમણે બજાવ્યાં છે. પછી ૧૯૪૬-૪૭માં વૉશિંગ્ટન ખાતે હિંદી એલચીખાતામાં શાર્જ-દ-એફેર તરીકે એ નિમાયા. પરદેશમાં એલચી તરીકેનાં આ છેલ્લાં બે કામ એમણે એટલી કુશળતાથી બજાવ્યાં કે ભારત સ્વતંત્ર થયા પછી દેશની મિનિસ્ટ્રી ઑવ ફૉરેન અફેર્સ (વિદેશ-વ્યવહાર ખાતા)ના સેક્રેટરી જનરલ (મહામંત્રી) પદે તે નિમાયા. જો કે ભારતની વિદેશનીતિ સંપૂર્ણત: પંડિતજીનાં વ્યક્તિત્વ, વિચારસરણી અને વિકાસગામી દૃષ્ટિથી વ્યાપ્ત છે, છતાં યે એ પશ્ચાદ્‌ભૂમિકામાં શ્રી બાજપાઈની વહીવટી કુશળતા અને અનુભવ રહેલાં છે. રાજકાજમાં અતિ ભારે જવાબદારીભર્યા ગણાતા એ પદેથી એમણે દાખવેલી શિસ્ત, ત્વરિત નિર્ણય, અસરકારક અમલ, વિષયનું સાંગોપાંગ જ્ઞાન ને આરપાર જોવાની શક્તિ ઇત્યાદિથી એમના અનુકરણીય ગુણોની સરસ પ્રતીતિ થાય છે. રાજદ્વારી મંડળોમાં અતિ મધુર, મૃદુભાષી, વિવેકી અને સદા ઉત્તમ પોષાકથી સજ્જ હોવા માટે જાણીતા સર ગિરિજાશંકર બાજપાઈ (વાજપેયી) કે. સી. એસ.આઈ., સી. આઈ. ઇ., આઈ. સી.એસ., કામકાજમાંએટલા ચોક્કસ ને નિયમિત છે કે



માસમાસનાં પંખી[૭૭]
શેખલાં



હાલ જેનો પ્રજનન-કાળ ચાલે છે એ શેખલાં, ઠંડી ઋતુમાં આપણે ત્યાં ઊતરી આવતાં સાઇબીરિયાની ભૂમિનાં મૂળ વતની.

કદમાં નરમાદા સરખાં—પંદરેક ઇંચનાં. નરનું માથું અને ગરદનનો ઉપરનો ભાગ કથ્થાઇ. તે પર, ચાંચથી શરૂ થઇ, આંખો પર થઈને બંને બાજુથી ગરદન પર એક ચળકતો લીલો પટ્ટો; તેને ફરતી ઝીણી મેલી સફેદ કિનારી. દાઢી પણ કથ્થાઈ જ, પણ તેમાં સહેજ કાળી ઝાંય. ગરદનના પાછલા ભાગે, પીઠ અને બંને બાજુઓ પર આડા કાળા-ધોળા ઝીણા ચટાપટા; છાતી મેલાં રાખોડી ટપકાંવાળી સફેદ; પેટ વચ્ચેથી સહેજ કાળાશ મારતું ધોળું; પાંખો ચળકતી લીલી ને કાળી મમરીવાળી ભૂરી, પણ ઊડે ત્યારે પાંખોમાંના લીલા ને કાળા પટ્ટા ખાસ નજરે પડે. આંખની કીકી ભૂરી, ચાંચ સ્લેટિયા રંગની અને પગ મેલા રાખોડી

લગભગ બધો જ વખત એ છીછરા પાણીમાં જ, કે તેની બહુ જ નજીકમાં રહે છે, એટલે તેનો આહાર પણ એવા ભાગમાં થતાં કૂણાં ઘાસનો ને તેનાં મૂળિયાંનો હોય છે, અને પોતાની દાંતાદાર ચાંચ વડે એ બહુ સહેલાઇથી ખેંચી કાઢે છે. છતાં તે ઝીણાં જીવડાં પણ ખાય ખરું. આહાર મેળવવા મોટે ભાગે એ રાત્રે જ નીકળે છે, અને કંઈ ડખલ ન થાય તો દિવસ સારી પેઠે ચડે ત્યાં સુધી તે બહાર ફરે છે: ક્વચિત્ થોડે દૂર સુધી ચક્કર પણ મારી આવે. છીછરા પાણીનું જ રહેવાસી હોવાથી તે બહુ ડુબકીઓ નથી મારતું, છતાં ઘાયલ થતાં તે ખૂબ જ ડુબકીઓ લગાવે છે. શિકારીઓનું તે પ્રિય પંખી છે.

એપ્રિલથી જૂન દરમિયાન પાણી-કાંઠે ઘાસ-મૂળિયાંને માળો બનાવી, અંદર પોચી ગાદી પાથરી, તેમાં જરા લીલાશપડતા ને અતિ આછા બદામી રંગનાં, લાંબાં લંબગોળ, સુંવાળાં ને ચળકતાં આઠથી ચૌદ ઇંડાં મૂકે છે.

રોજ સવારે નિયત સમયથી એક કલાક વહેલા, એટલે કે નવ વાગે, તેઓ જ્યારે ઑફિસમાં પગ મૂકે ત્યારે ત્યાં હાજર રહેલા સૌ એ S. G. (સેક્રેટરી જનરલ)ના આગમન સાથે પોતાની ઘડિયાળો મેળવી લેતા એમ કહેવાય છે. તુરત જ તેઓ પરદેશી રાજદૂતોની મુલાકાતો. સ્ટાફનાં માણસો સાથેની કૉન્ફરન્સની હાજરીઓ. કે વડા પ્રધાન નેહરૂ સાથેની દૈનિક બેઠકતથા પોતાના હોદ્દાને લગતાં કાર્યોની ઢગલાબંધ ફાઇલોમાં બપોરના દોઢ સુધી ઓતપ્રોત થઈ જાય. દોઢથી ચાર એ એમનો આરામનો સમય. એ વખતે આસમાન તૂટી પડે તોયે એમના ક્રમમાં ફેર ન પડે. ચાર વાગ્યે એ ફરી કામ હાથ પર લે તે છેક પૂરું થાય ત્યારે જ ઊઠે. એમ કરતાં સાંજના છેક સાત વાગી જાય. આ ઉપરાંત એમનો વાચનશોખ પણ ભારે છે. દિવસના ગમે તેટલું ભારે કામ કર્યાં છતાં પણ સાંજે એક બે કલાકનું વાંચન તો એ કરવાના જ. અંગ્રેજી ભાષા પરનો એમનો કાબૂ ગજબનો છે. શિષ્ટ અને સુંદર અંગ્રેજી લેખનના અચ્છા કલમબાજ હોવા ઉપરાંત તે છટાદાર વક્તા પણ છે. અને આ ઉપરાંત ફ્રેંચ. ફારસી અને બંગાળી ઉપર પણ એમનો એટલો કાબૂ છે કે તે ત્રણે ભાષા જાણે માતૃભાષા હોય એવી વિશિષ્ટ અને લાક્ષણિકરીતે બોલી શકે છે!

એમના એ ઊંડા ભાષાજ્ઞાન સાથે બીજા બે અંગત શૉખ પણ એમને છે. જોકે કામકાજના દબાણને લીધે પોતાના એ ખાસ વ્યાસંગો એમને વેગળા મૂકવા પડ્યા છે. છતાં આજે રાષ્ટ્રપતિભવનમાં અને વડાપ્રધાનના રહેઠાણમાં ખીલતાં વિવિધ ગુલાબો એ એમણે જ ઇંગ્લંડ, ઑસ્ટ્રેલિયા અને હોલૅન્ડથી લાવી પોતાના બગીચામાં ઉછેરેલાં ગુલાબના છોડોની કલમો છે એ જાણીએ ત્યારે એમનો બાગબાનીના શૉખ કેવો હશે તેની પ્રતીતિ આપણને થાય. નં. ૨, કિંગ જ્યૉર્જ ઍવન્યૂ પરના એમના સરકારી રહેઠાણમાં (જ્યાં આજે ઇંગ્લંડના હાઈ કમિશ્નર રહે છે) એમણે ઉછેરેલો બગીચો ન્યૂ દિલ્હીના સારામાં સારા બગીચાઓમાંનો એક ગણાય છે. આ ઉપરાંત, હાથે રસોઈ બનાવવાનો પણ એમને શોખ છે. વળી, ઇરાનના બેનમૂન ગાલીચા, પાર્ટાક ફર્નિચર, પ્રાચીન ધાતુમૂર્તિઓ અને એવી બીજી કલાકૌશલની વસ્તુઓનો એમનો મૂલ્યવાન અંગત સંગ્રહ જુઓ ત્યારે જણાય કે એ એક રસિક કલાપ્રિય પણ છે. ને સાથે ધાર્મિક પણ એવા છે કે દરરોજ સવાર સાંજ બંને વખત 'પૂજા' પણ અચૂક કરવાના જ.

આવા વિદ્વાન, બહુશ્રુત ને કુશળ ગવર્નરના હાથમાં મુંબઈ રાજ્યની પ્રગતિની દરેક આશા રહે છે.

ધનેરૂ: અનાજનો દુશ્મન જંતુ

ઘણા માણસો એમ માને છે કે, અનાજમાં આપોઆપ જિવાત ઉત્પન્ન થાય છે. એ માન્યતા ખોટી છે. અનાજમાં જંતુનું અસ્તિત્વ ન જ હોય તો ઉત્પત્તિ થાય નહિ. કાંતો ખેતરોમાં ડૂંડાંના દાણા ઉપર ઇંડાં મૂકાયેલાં હોય અગર કોઠારમાં થોડાં જંતુ ભરાઈ રહેલાં હોય તો જ ઉત્પત્તિ થાય છે. ખેતરમાંથી અનાજ ભરી લાવવામાં વપરાતા થેલામાં જંતુઓનાં ઇંડાં અગર એકાદ બે જંતુઓ ભરાયલાં હોય તોપણ અનુકૂળ ગરમી મળતાં તેની એકદમ વૃદ્ધિ થાય છે. અનાજને નુકસાન કરતાં આવાં જંતુઓ અનેક જાતનાં હોય છે. તેમાં 'કિલ્લુ' અથવા 'ધનેરૂ' આપણે ત્યાં ઘણું સામાન્ય છે. પૃથ્વીના બધા જ દેશોમાં તે જણાય છે, છતાં તે મૂળ હિંદનું જ વતની મનાય છે. તે ડાંગર, ચોખા, મકાઈ, ઘઉં ને બાજરી જેવા અનાજમાં ઘણું ભારે નુકસાન કરે છે. કોઈકોઈ વખતે તો ખેતરના ઊભા પાકમાં પણ તેનો ઉપદ્રવ દેખાય છે. તેને ગરમ ને ભેજવાળી હવા ઘણી માફક આવે છે.

તેના સૂંઢ જેવા મોંને છેડે બે મજબૂત જડબાં હોય છે. રંગે તે રાતું-ભૂખરૂં, પણ કેટલીક વાર કાળું-ભૂખરૂં અગર એકદમ કાળું પણ હોય છે. તેના શરીર ઉપર આછા રાતાં અગર પીળાં ટપકાં હોય છે. તેની ઈયળો તથા પુખ્ત વયે પહોંચેલાં જંતુઓ બંને એવાં રાક્ષસી અને અકરાંતિયાં હોય છે કે જે અનાજ પર તેનો પંજો પડ્યો તેને ખોરાક તેમજ બી માટે તે તદ્દન નકામું બનાવી દે છે.

દાણાના પોચા ભાગ ઉપર કાણું કરી માદા તેમાં ઇંડાં મૂકે છે જેથી ઇંડાંમાંથી નીકળતી ઈયળોને તરત જ ખોરાક મળી રહે. માદા ૨૫૦થી ૪૦૦ ઇંડાં મૂકે છે! ઇંડાંમાંથી ઈયળો નીકળતાંવેંત દાણામાં કાણું પાડી અંદર ઘૂસે છે અને ખાવાનું શરૂ કરે છે. તેનું શરીર રંગે સફેદ અને પીળું-ભૂખરૂં માથાવાળું તથા સખત જડબાંવાળું હોય છે. તે દાણામાં કાણું પાડી અંદરના ગર્ભ ખાઇને જીવન નિભાવે છે અને દાણાનું ઉપરનું પડ દેખાવમાં અકબંધ બાકી રહે છે. જેમ જેમ ઈયળ અંદર આગળ વધે છે તેમ તેમ પાછળ હગાર કાઢતી જાય છે. તેની ઈયળની સ્થિતિ ૧૯ થી ૩૪ દિવસ રહે છે. ત્યાર બાદ તે એકબે દિવસમાં નિદ્રાવસ્થામાં પડે છે, જે ૩ થી ૬ અને કેટલીક વાર તો ૨૦ દિવસ ચાલે છે.

આ નિદ્રાવસ્થાના કીડામાંથી નીકળતું જંતુ સૂંઢવાળું, રતાશ પડતા ભૂખરા રંગનું ને શરીર ઉપર સોનેરી પીળાં ટપકાંવાળું હોય છે. આ જંતુ તુરત જ સંવનન શરૂ કરી ઇંડાં મૂકવાનું શરૂ કરી દે છે. હવામાંના ભેજ તથા ગરમી પ્રમાણે તે વંશો વધારે છે. આપણા દેશની આબોહવાને લીધે અહીં વર્ષમાં પાંચ વંશ પેદા થાય છે!

આ જંતુઓ ઑગસ્ટથી નવેમ્બર સુધી બહુ વંશવૃદ્ધિ કરે છે જેથી બહુ ભયંકર નુકસાન થાય છે. ફેબ્રુઆરી અને માર્ચમાં તેનાથી ઓછું અને ડિસેંબર જાન્યુઆરીના ઠંડીના મહિનામાં ઓછામાં ઓછું અનાજને નુકસાન થાય છે. દાણાનો લોટ તથા જંતુઓનો મળ એકઠાં થવાથી અને ચોમાસાનો ભેજ ભેગો થતાં દાણામાં ગઠ્ઠા બાઝી જાય છે અને તેથી અનાજનો સ્વાદ બગડી જાય છે. નર-માદાની એક જોડી ફક્ત ત્રણ માસના અનુકૂળ સમય દરમિયાન વંશવૃદ્ધિ કરી દસ લાખનો કુટુંબ પરિવાર પેદા કરે છે! આ સંખ્યાનો ભયંકર આહાર કેટલાય અનાજનો નાશ કરે છે જેનો ખ્યાલ સહેલાઈથી સમજાય તેમ નથી!


તેના ઈલાજ તો ઘરઘરના જાણીતા છે. માત્ર સ્વચ્છતા અને સાવચેતીને અભાવે જ આપણે એ નુકસાન વેઠીએ છીએ. (જનતા)

વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે

વિજ્ઞાને આજની દુનિયાને તદ્દન નવું જ સ્વરૂપ આપ્યું છે. એક સૈકા પહેલાં જેની કલ્પના પણ ન'હતી તે રેલવે, એરોપ્લેન, રેડિયો, મોટર, અસંખ્ય રસાયણો, તરેહતરેહનાં વસ્ત્રો વગેરે માનવીને આજે સુલભ છે. આ બધું વિજ્ઞાનવિકાસને જ આભારી છે. આવા વિજ્ઞાનના અનેકવિધ લાભોથી અમુક કારણોને લીધે આપણો દેશ વંચિત હતો. પણ હવે કોઈ હિંદી તેનાથી વંચિત ન રહે તે માટે પ્રયાસો થઈ રહ્યા છે. આપણને એમાં સૌથી પહેલી જરૂર તો યાંત્રિક જ્ઞાનની છે. જ્યારે બીજા દેશો યાંત્રિક દુનિયામાં ખૂબ આગળ નીકળી ગએલા છે ત્યારે સ્વતંત્ર હિંદને પાછળ પડી રહેવું પોસાય તેમ નથી એમ જાણ્યા છતાં યાંત્રિક કેળવણી પ્રત્યે આપણો યુવાનવર્ગ ઘણી બેદરકારી સેવતો જણાયો છે. આવી બેદરકારી સેવવી એ નવી દુનિયાથી પછાત રહેવા બરોબર છે. સોળથી એકવીસ વર્ષની વય દરમ્યાન મેળવેલી તાલીમ ઉપર કોઈ પણ વ્યક્તિના સમગ્ર ભાવિ જીવનનો આધાર છે; આ પાંચ છ વર્ષના ટૂંકા છતાં અતિ મહત્ત્વના જિંદગીના ગાળાને, ચીવટથી આવતા જમાનાને અનુકૂળ તાલીમ મેળવવામાં પ્રવૃત્ત કરવામાં ન આવે તો ભાવિ જીવનનાં ઘણાં વર્ષો ભાવિ જમાનામાં બંધબેસતાં

ન આવે; અને પરિણામે જીવન નિષ્ફળ બને છે, કારણકે જમાનો તો નિષ્ફળ થતો જ નથી. કાળબળ સાથે કોઈ માનવી સંગાથ આપે કે ન આપે, તોપણ કાળ તો આગળ ધપ્યે જ જાય છે. આ રીતે ભાવિ જીવનને સુખી કે દુઃખી બનાવવું એ સૌના હાથમાં જ છે. તેમાં યે કુમારકાળમાં તો ચોક્કસ.

આ દિશામાં શિક્ષણની વ્યવસ્થા મુંબાઈ, વડોદરા, અમદાવાદ વગેરે સ્થળે છે. સૌરાષ્ટ્રમાં ત્યાંની પરિસ્થિતિને દૃષ્ટિમાં રાખી સૌરાષ્ટ્ર સરકારે લાખો રૂપિયાના ખર્ચે આ માટે 'ભાવસિંહજી પોલીટેકનીક ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના કરી છે અને તેને હિંદની એક આદર્શ સંસ્થા બનાવવા માટે હજારો રૂપિયા ખર્ચી રહી છે. તેમાં અપાતા શિક્ષણની એક જાહેરાત આ અંકને છેલ્લે પાને આપી છે.



વિશ્વનું સૌથી વિરાટ દૂરબીન : માન્ચેસ્ટર વિદ્યાપીઠના વૈજ્ઞાનિકોની દેખરેખ હેઠળ જોડ્રેલ બૅન્ક ખાતે વિશ્વનું એક સૌથી વિરાટ 'રેડિયો દૂરબીન' તૈયાર કરવામાં આવનાર છે તેનું ચિત્ર આ ઉપર આપ્યું છે. લગભગ ૪૭ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર આ દૂરબીનમાં ૨૬૫ ફીટના વ્યાસવાળો ચોમેર ફેરવી શકાય તેવો 'કાચ' હશે. તેની ઊંચાઈ ૧૮૫ ફૂટ અને વજન આશરે ૧૨૭૦ ટન હશે.

ગયા મહાયુદ્ધ પછી રેડિયો અને રેડારની શક્તિઓનો ઉપયોગ ખગોળની શોધોમાં કરનારી રેડિયો ઍસ્ટ્રૉનૉમીની નવી વિદ્યાનું ક્ષેત્ર ખુલ્લું કરનાર આ નવા દૂરબીનમાં પ્રકાશનાં મોજાંઓને બદલે રેડિયોનાં મોજાંઓનો ઉપયોગ થશે. તેની મદદથી વૈજ્ઞાનિકો સામાન્ય દૂરબીનથી ન દેખી શકાતા તારાઓને જોવાની અને તે દ્વારા સૂર્ય, ચંદ્ર, ગ્રહો, તથા આ અનંત વિશ્વની ઘણી નવી વસ્તુઓનું વિશેષ જ્ઞાન પહેલી જ વાર મેળવવાની આશા રાખે છે.

બંદૂકનો માર ઝીલી શકે એવું ખમતીધર પ્લાસ્ટિક

ત્રીસ ફૂટને અંતરેથી ૪૫ કેલિબરના રિવૉલ્વરમાંથી છૂટતી ગોળીનો ઘા ખમી શકે એવું ખમતીધર મજબૂત પ્લાસ્ટિક હવે 'ફાઈબર ગ્લાસ' ને પ્લાસ્ટિક રેઝિનના મિશ્રણમાંથી તૈયાર થયું છે. આ નવું પ્લાસ્ટિક વધારે મજબૂત હોવા ઉપરાંત ગરમી સામે પણ સારા પ્રમાણમાં ટકી શકતું હોઈ વીજળિક ઈન્સુલેશનમાં પણ એનો ઉપયોગ થઇ શકશે. લશ્કરી ઉપયોગ ઉપરાંત, રેફ્રિજરેટર, ધોવાનાં યંત્રો ઇલેક્ટ્રૉનિક યંત્રો ને મોટરના ભાગોમાં પણ એ વાપરી શકાશે.

આપણા દેશની વસતિનો મોટામાં મોટો ભાગ જો કોઈ લેતું હોય તો તે મૅલેરિયા છે. એ મૅલેરિયા-નિવારક ઔષધોની બનાવટના ક્ષેત્રમાં રોજ-બ-રોજ નવા પ્રયોગો થતા જ જાય છે. સિંકોના ઝાડની છાલમાંથી નીકળતું ક્વીનીન એમાં સૌ પ્રથમ શોધાયું છે, છતાં તેને હજી પ્રયોગશાળામાં મોટા પાયા પર બનાવી શકાયું નથી: જોકે તેનું સંયોજન સિદ્ધ થઈ ગયું છે. એ ઉપરાંત પ્લાઝમોક્વીન, ઍટ્રાબ્રીન અને પૅલ્યુડ્રીન વગેરે ઔષધો આજે આપણા ઉપયોગમાં સામાન્ય થઈ પડચાં છે. એ બધાં પ્રયોગશાળાની જ પેદાશ છે. છતાં પણ હજી તેનાથી વિશેષ પ્રબળ ઔષધોની શોધ ચાલ્યા જ કરે છે. તેમાં 'એમાઇનો પીરામીડીન' જાતના પદાર્થો પર થએલું સંશો-

આટલું તો સૌને આવડવું જ જોઇએ

આસાનીથી વાંચતાં, સમજણ પડે એવું લખતાં અને સામાન્ય વ્યવહારમાં ઉપયોગી એવા દાખલા તથા હિસાબો કરતાં.

પોતાની તબિયતની વાજબી સંભાળ લેતાં, આહારના પ્રાથમિક નિયમો સમજતાં અને પોતાની જાતને સ્વચ્છ અને સુઘડ રાખતાં.

સામાન્ય વિનયથી વર્તતાં, સાધારણ ઉશ્કેરણીના પ્રસંગે પિત્તો ન ગુમાવી બેસાય એ જોતાં, અને સૂરમાં ગાતાં.

મૌન કેમ રહેવું એ સમજતાં, ઘરગથ્થુ ટેવોમાં યોગ્ય પ્રમાણમાં સ્વચ્છતા જાળવતાં, બને એટલું સમયસર અને નિયમિત થતાં.

બટન સાંધી દેતાં, કપડાને થીગડું દેતાં કે સાઈકલમાં કાણું પડચું હોય તો તે બંધ કરતાં; તેમજ ખીલો ઠોકતાં, વીજળીના દીવાનો તાર ગોઠવતાં, ગૅસ, પાણી કે વીજળીની મુખ્ય ચાવી બંધ કરતાં.

ખાખરો શેકતાં, પૂરી-કચોરી તળતાં, થાળી-પાટલા માંડતાં, પથારી કરતાં, ઓરડો બરોબર સાફ કરતાં, ઘરવખરી સુયોગ્યરીતે ગોઠવાતાં, દેવતા પાડતાં, ટેલિફોનનો ઉપયોગ કરતાં, ગાડીનો વખત શોધી કાઢતાં, બિસ્તર પેટી કે સંપેતરું તૈયાર કરતાં.

સારા-નરસાના વિવેકપૂર્વક ખરીદી કરતાં, સાદું બગીચાકામ કરતાં, બાળકને નવડાવી-ધોવડાવી તૈયાર કરતાં.


જાતીય પ્રશ્નો અંગેની સારભૂત હકીકતો સમજતાં, અકસ્માત વખતે સમયસૂચક થતાં, પ્રાથમિક તબીબી સારવાર આપતાં.

બુદ્ધિપૂર્વક યોજેલા પત્રકનાં ભૂલ વગર ખાનાં ભરતાં, સાદું ભાષણ આપતાં અને સભામાં વિવેકથી વર્તતાં.


('એસેઈઝ ઇન સોશ્યલ થીઅરી'માંથી) —'જનતા'


ધન બતાવે છે કે એ પદાર્થોમાંથી '૫૦-૬૩' તરીકે સામાન્યરીતે ઓળખાતો પદાર્થ નીકળે છે જે ક્વીનીન કરતાં એક હજાર ગણો વિશેષ અસરકારક છે અને તેનો એક ઔંસ એક દર્દી માટે ૫-૧૦ વર્ષ સુધી ચાલે છે! ખૂબીની વાત તો એ છે કે આ પદાર્થ સુપ્રાપ્ય રસાયનોમાંથી ઘણા ઓછા ખર્ચે બનાવી શકાય છે એમ 'સાયન્સ ન્યૂસ લેટર' જાહેર કરે છે. —ન. મૂ. શાહ

અમેરિકામાં રસ્તાના રોદા માપનારું 'રફોમિટર'નામનું એક યંત્ર શોધાયું છે. રસ્તાઓમાં વધતા જતા ખડબચડાપણાનું માપ આ યંત્ર વડે લઇ શકાશે. તે માટે ૨૦ માઇલની ગતિએ ચાલતા ખટારાની પાછળ એક લોઢાની ફ્રેમમાં મોટર વાહનનું પૈડું બાંધવામાં આવે છે. આ ટાયર જે પ્રમાણમાં ઊંચુંનીચું થતું રહે એ પ્રમાણ એક નકશામાં વીજળિક પદ્ધતિએ આપમેળે નોંધાઈ જાય છે.










મથાળેથી (૧) અમેરિકન સરકારે કરેલી શિક્ષણના બદલાની યોજના (એડ્યુકેશનલ એક્સ્ચેન્જ પ્રોગ્રામ) હેઠળ ઘણા દેશોના વિદ્યાર્થીઓ ત્યાંના યૂટા રાજ્યની ખેતીવાડી કૉલેજમાં શિક્ષણ લેવા ગયા છે. ઉપલા ચિત્રમાં નવી દિલ્હીનો સિવિલ એન્જીનીઅરિંગનો વિદ્યાર્થી સિંધુ મોહિન્દર જમીન-મોજણીના કેટલાક વ્યવહારૂ ફ્રેલ અધ્યાપક પાસે શીખી રહ્યો છે. (૨) અમેરિકાના જાણીતા દૈનિકપત્ર 'ન્યૂ યૉર્ક હેરૉલ્ડ ટ્રિબ્યૂન' તરફથી હમણાં દુનિયાના વિવિધ દેશોના હાઈસ્કૂલ વિદ્યાર્થીઓનું એક સંમેલન યોજાયું હતું, એ માટે દરેક દેશે વિદ્યાર્થીઓ માટે પોતાને ત્યાં હરીફાઇઓ યોજી હતી, જેમાં ૧૫૦૦ શબ્દોનો એક નિબંધ લખીને જગતના ચાલુ પ્રશ્નો ઉપરનું પોતાનું જ્ઞાન દર્શાવી આપવાનું હતું. ચુંટાએલા વિદ્યાર્થીઓએ અમેરિકાની હાઇસ્કૂલોમાં ફરીને તથા ત્યાંના વિદ્યાર્થીઓને ઘેર રહીને નિકટનો સંપર્ક સાધ્યો હતો. એ વિદ્યાર્થીઓની આ તસ્વીરમાં બર્મા, ભારત, પાકિસ્તાન, મિસર, ઈરાન, ઇરાક, ઈઝરાએલ, લેબેનન, ઈન્ડોનેશિયા, જાપાન, કોરીઆ, સીઆમ, સીંગાપોર ને ફિલિપ્પાઈનનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ છે. (૩) કૅન્સરનો ભયંકર રોગ મટાડવામાં હવે આણુશક્તિનો ઉપયોગ થવા માંડયો છે. તે માટે કોબાલ્ટ ખનિજને રેડિયોઍક્ટિવ બનાવીને આ જબ્બર પીપમાં રાખવામાં આવેલું છે. એમાં કોબાલ્ટ તો માત્ર અરધો રતલ જ છે, પણ તેની રેડિયોઍક્ટિવ શક્તિ એટલી ખતરનાક હોય છે કે એટલી થોડી વસ્તુને પણ સીસાના મજબૂત અસ્તરવાળા સાડાસાત મણ વજનના આવા પીપમાં રાખવી પડે છે. તેને વાપરવામાં ખૂબ વૈજ્ઞાનિક ચોકસાઈ તથા સાવચેતી ન રખાય તો માણસો અને વસ્તુઓને તે બાળી નાખે! (૪) કલાકના ૬૦૦ માઈલની ઝડપે ઊડી શકતું નવું શોધાએલું 'કૂગર' નામનું આ જેટ એરોપ્લેન ઝડપીમાં ઝડપી છે. નીચે (૫) આ વર્ષની ઑલિમ્પિક રમતોમાં 'પોલ-વૉલ્ટ' (વાંસડા વડે ઊંચું કૂદવાની) હરીફાઈમાં જગતનો ૧૫ ફૂટ ૭ાા ઈંચનો આંક તોડવાની મહેચ્છા રાખતા આ અમેરિકાના બૉબ રિચાર્ડ્ઝે ૧૫ ફૂટ ૩ ઈંચ કૂદીને પોતાના દેશનો આંક તે ૪ાા ઈંચથી તોડયો છે. હવે આ દિવસોમાં ફિન્લૅન્ડના પાટનગર હેલ્સિન્કીમાં રમાઈ રહેલી ઑલિમ્પિક રમતોમાં તે ઊતરશે.



આ માસ (જૂન) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : કબીર

જીવનની મર્મભાવનાનો મલ્હાર છેડીને



મુહબ્બત અને માનવતાનાં અમી લુંટાવનાર,ભારતના એ જાણીતા સંત કબીરનો જન્મ સંવત૧૪૫૬ના જેઠ સુદી પૂર્ણિમા ને સોમવારે કાશીના વણકર નીરૂ ને તેની પત્ની નીમાને ત્યાં થએલો. તેઓ થોડા સમયથી મુસલમાન થઇ ગયા હોવા છતાં વારસાગત હિંદુ સંસ્કૃતિ તરફનો તેમનો સમભાવ ટકી રહેલો હોઇ ધર્મજિજ્ઞાસા જાગતાં કબીર પ્રથમ સૂફી વિદ્વાન શેખ તકીના શિષ્ય થયા, છતાં પાછળથી રામાનંદજી પાસેથી એમણે દીક્ષા લીધી. એમના ગૃહસ્થજીવન વિષે મતભેદ છે.એમનો સંપ્રદાય 'લોઇ'ને એમની શિષ્યા ગણાવે છે જ્યારે ઇતિહાસ તેને તેમની પત્ની ગણાવી કમાલ અને કમાલી બન્નેને તેમનાં બાળકો માને છે. એ સંત આચાર્યના મૃત્યુ બાદ પણ મતભેદ ઊભો થએલો. કબીરસાહેબને હિંદુ ને મુસ્લિમ બંને જાતિના શિષ્યો હોઇ એમના મૃત્યુ પછી હિંદુઓ શબને અગ્નિસંસ્કાર કરવા ઈચ્છતા હતા ને મુસ્લિમો દફનાવવા માગતા હતા. કહેવાય છે કે વાત છેક તલવારો ખેંચાવા સુધી વધી પડી એ વખતે જ પવનના જોરે શબ ઉપરની ચાદર ઊઘડી જતાં ત્યાં કેવળ ફૂલનો શરીરાકારજ દેખાયો,જેનેસરખે ભાગે વહેંચી લઇ બંને જાતિઓએ પોતપોતાની ઇચ્છાનુસાર તેની અંત્યેષ્ટિક્રિયા કરી.

પરંતુ આમ વિગતો અને હકીકતોની અલ્પ સામગ્રીભર્યા એમના જીવનનું સાચું સ્વરૂપ તો છે એમનું સરળ, સચોટ અને વિશિષ્ટ લક્ષ્યવેધી કવિત્વ, એમની ભર્ગમયી મર્મભાવના અને અનુપમ પ્રેમસાધના. ચંદ બરદાયી અને વિદ્યાપતિ ઠાકુરને બાદ કરીએ તો હિંદી સાહિત્યના ભક્તિયુગના પ્રથમ પ્રતિભાવંત અને તેજસ્વી કવિ તરીકે કબીરને જ ગણાવી શકાય. એમની ઘણી કવિતાઓમાં કાવ્યકલાના અંશો કરતાં ઉપદેશ, જ્ઞાન અને નીતિનાં તત્ત્વો વધારે હોય એ સ્વાભાવિક છે. પોતાની કવિતામાં એમણે તાજી હવા, રૂઢિબદ્ધ માનસને આંચકા દેતી અને તોડી પાડતી ચમત્કારિક વિચારસરણી અને સરળ અકૃત્રિમ ભક્તિભરી જીવનસાધના પ્રકટાવી એને કારણે એ સમકાલીન પ્રજાના પલટાતા અને પલટાએલા માનસના પ્રતિનિધિ બની ગયા. આજીવન રામરહીમની એકતા સાધી સદ્જ્ઞાનનો પ્રકાશ વિસ્તારનાર એ મહાત્મા મૃત્યુ પછી પણ પોતે નિર્મેલું બિરાદરીનું સામ્રાજ્ય અખંડ રાખવા, કુસુમની સુગંધ જેવા જીવનના અમર તત્ત્વજ્ઞાનના લગભગ ૭૫ ગ્રંથો મૂકી જઇ વિક્રમ સંવત ૧૫૭૫માં સત્યનામ પામ્યા.

દિનવિશેષ

તા.૧ હિંદ પર આધિપત્ય જમાવનાર ઈસ્ટ ઈંડિયા કંપનીનું વિસર્જન, ૧૮૭૪.

તા.૪ હૂણોના હુમલા પાછા હઠાવનાર ને ભારતના 'સુવર્ણકાળ'ના રાજવી હર્ષનો જન્મ,૫૯૦.

તા.૬ રાયગઢ મુકામે શિવાજી મહારાજનો રાજ્યાભિષેક, ૧૬૭૪.

તા.૮ પશ્ચિમના દેશો સાથે હિંદને જોડતી હિંદી વિમાનીઓથી ચાલતી પહેલી હિંદી આંતરરાષ્ટ્રીય વિમાની સર્વિસ શરૂ થઈ, ૧૯૪૮.

તા.૯ મૅગ્ના ચાર્ટા પર સહી કરવાની અંગ્રેજ પ્રજાએ રાજા જૉનને ફરજ પાડી, ૧૨૧૫.

તા.૧૦ ગુજરાતી રાજવી કવિ 'કલાપી'–લાઠીના ઠાકોર સૂરસિંહજીનું અવસાન, ૧૯૦૦.

તા.૧૭ હાસ્યવિષયનું ઇંગ્લંડનું જગનામી ને સમર્થ સાપ્તાહિક 'પંચ' શરૂ થયું, ૧૮૪૧.

તા.૧૮ નેપોલિયનનો સિતારો અસ્ત કરનાર વૉટર્લૂનું મહાન યુદ્ધ, ૧૮૧૫.

તા.૧૯ પુષ્ટિમાર્ગ (વૈષ્ણવ ધર્મ)ના સંસ્થાપક વલ્લભાચાર્યજીનું અવસાન, ૧૫૩૧.

તા.૨૧ વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ.

તા.૨૨ ઇંગ્લંડના રાજાએ 'હિંદના શહેનશાહ'ની પદવીનો ત્યાગ કર્યો, ૧૯૪૮.

તા.૨૮ ગુજરાતી ભાષાનું સૌથી જૂનું સમાચાર પત્ર 'મુંબઈ સમાચાર' શરૂ થયું, ૧૮૮૨.

તા.૨૯ બંગાળના મહાકવિ માઇકેલ મધુસૂદન દત્તનું અવસાન, ૧૮૭૩.

મે (૧૯૫૨)ની તવારીખ

તા. ૧ 'મે-ડે' શાંતિકરારો અંગેથી સ્વતંત્ર બનેલા જાપાનમાં અમેરિકાવિરોધી તોફાનો.

તા. ૬ ભારતરાષ્ટ્રના પ્રમુખ તરીકે જંગી બહુમતિથી ડૉ. રાજેન્દ્રપ્રસાદની ચૂંટણી; નવી બાળશિક્ષણપદ્ધતિનાં પ્રયોજક મેડમ મૉન્ટેસ્સોરીનું ૮૧ વર્ષની વયે અવસાન.

તા. ૭ અનાજના ભાવ-વધારા સામે મુંબાઇ રાજ્ય-વ્યાપી આંદોલન.

તા. ૧૩ ભારતના નવા મધ્યસ્થ પ્રધાનમંડળની જાહેરાત; ભારતના બંધારણ અનુસાર ચુંટાએલી રીતસરની પહેલવહેલી પાર્લામેન્ટ (સંસદ)ની બેઠક શરૂ થઈ.

તા. ૨૬ મહાયુદ્ધમાં હાર્યા પછી પશ્ચિમ જર્મનીનો જે ભાગ અંગ્રેજ-અમેરિકન-ફ્રેન્ચ કબ્જાગીરીમાં આવેલો તે પ્રદેશ પશ્ચિમ-રાષ્ટ્રસંઘમાં ભળવાની શરતે મુક્ત થઇને ફરી સ્વતંત્ર થયો.

તા. ૨૯ ખાંડ પરની માપબંધી દૂર થઈ.

તા. ૩૧ ભારતની વસ્તિ ૧૨ા ટકા વધીને ૩૫,૬૮,૨૯,૪૮૫ થયાની જાહેરાત.

પ્રસંગવિશેષ : ભારતમાં ઇસ્લામનો પહેલો પગપેસારો : ૨૦મી જૂન ઈ. ૭૧૨

આજ તો જેનું નામોનિશાન નથી રહ્યું એ દેવળ બંદર આજથી બારસો વર્ષ પહેલાં સિંધનું એક અતિ વૈભવશાળી બંદર હતું. સિંધના બ્રાહ્મણવંશના છેલ્લા રાજા દાહિર વલદ ચચ્ચની તે પર આણ ફરતી. પોતાની પડોશમાં જ આવેલા એ મશહૂર બંદરને હાથ કરવાની દાનતથી ઇરાનના ખલીફ હિજાજે સિંહલદ્વીપથી બગદાદ જતાં શાહી અરબ વહાણો લૂટી લીધાના બહાના હેઠળ પોતાના જમાઇ મહંમદ બિન કાસિમને જંગી લશ્કર આપી મોકલ્યો. એની સામે લડવા ખુદ દાહિર પોતે રાજધાની અલોર છોડી પુત્ર જયસિંહ સાથે દેવળ બંદર આવેલો. પહેલા હલ્લામાં જ જયસિંહ મરાતાં હિંદુ લશ્કર કિલ્લામાં પેસી ગયું, ને ત્યાં રહેરહે મહંમદને ખૂબ હંફાવ્યો. પણ હિંદુઓના આ જુસ્સાનું કારણ દેવળબંદરના મોટા દેવળમંદિરનો અણનમ ધ્વજ હતો, એ ભેદની શિવશર્મા નામના એક બ્રાહ્મણે મહંમદને જાણ કરી કે તુરત જ તેણે પોતાને દેશથી ઝડપી નૌકાઓ દ્વારા પત્થરો ફેંકવાનું અરૂસ નામનું યંત્ર મંગાવી એ વડે દેવળમંદિરનું શિખર તોડી પાડ્યું. એના પતનને પરાજય માનનારા અંધશ્રદ્ધાન્વિત હિંદુઓમાં આથી ભંગાણ પડ્યું અંતે દાહિર મરાયો ને અરબોની જીત થઈ. ઇ. સ. ૭૧૨ની એ ૨૦મી જૂને ઈસ્લામે પહેલી વાર હિંદની ભૂમિ પર વિજય મેળવ્યો : કેવળ આપણી વિચારહીન અંધશ્રદ્ધા અને શિવશર્માના દેશદ્રોહને કારણે.


લીક લીક ગાડી ચલે લીકે ચલે કપુત.
તીન ચીજ બે-લીક કી શાયર, સિંહ, સપુત.
—લીક=ચીલો—

સિત્તેરેક વર્ષ પર પ્રાથમિક કેળવણી લેવા માટે ઘરખેડ વિનાના બધા વિદ્યાર્થીને માસિક બે પૈસા ફી આપવી પડતી. એક પિતૃહીન ગરીબ વિદ્યાર્થીને જમીન તો હતી, પણ તે મોસાળના નામ પર હોઈ પોતે મહિને બે પૈસા પણ આપી શકે તેમ ન હતો. ભણવામાં એ બહુ તેજસ્વી હોવાથી શિક્ષકે તેની માફીની યોજના કરી. પરંતુ ભણતરમાં તેટલા જ ચારિત્ર્યમાં તેજસ્વી એ કિશોરે એમાં નીતિભંગ અને માનભંગ સમજી તેનો ઈન્કાર કર્યો; અને એ વેળા નિશાળ વાળવાની મજૂરી મહીને બે પૈસા મળતી તે કામ કરી, પોતે ભણ્યો ત્યાંસુધી નિશાળ વાળીને પોતાની ફી આપી! પાયામાંથી જ પ્રામાણિક કમાણીનો પત્થર મૂકનાર એ કિશોરે જીવનનું કેવું વિશુદ્ધ ને ખડતલ ચણતર કર્યું તે તો, અમદાવાદમાં આજે લાખેકની કિંમતની રાજનગર ટાઈપ ફાઉન્ડ્રી ધરાવનાર એંશીની ઉમરના એ શ્રી દલસુખરામ પટેલને ઓળખનાર સૌ જાણે છે.

૫	૨૨	૨૦	૭	૧૧
૧૮	૨૪	૧	૧૪	૮
૧૦	૩	૧૩	૨૩	૧૬
૧૭	૧૨	૨૫	૨	૯
૧૫	૪	૬	૧૯	૨૧

૪	૨૧	૧૯	૧૪	૨
૧૦	૨૦	૧	૧૮	૧૬
૨૩	૧૧	૧૩	૧૫	૩
૯	૮	૨૫	૬	૧૭
૨૪	૫	૭	૧૨	૨૨

ગણિતગમ્મત: ૨૫–૨૫ આંકડાના આ બે યંત્રમાં દરેકમાં નવ-નવ અંકનો એક એક પેટા-યંત્ર પણ છે, જે કાળી લીટીથી દર્શાવ્યો છે. એ પેટાયંત્રની કોઇ પણ હારનો સરવાળો ૩૯ (૧૩×૩) થાય છે, ને ૨૫ ખંડના દરેક આખા યંત્રની દરેક ઊભી, આડી કે તીરકસ હારનો સરવાળો ૬૫ (૧૩×૫) થાય છે. ખૂબી એ છે કે એ બંને સરવાળામાં ૧૩નો ગુણાકાર આવે છે, અને દરેક યંત્રમાં એકેક અંક માત્ર એક જ વાર આવે છે. —મૂળજી જેઠુ જોષી



એક કોરો કાગળ ભીંજવીને અરીસા ઉપર મૂકો. પછી તેટલા જ માપનો બીજો સૂકો અને કોરો કાગળ એ ભીંજવેલા કાગળ પર રાખો. હવે કોરા કાગળ પર નરમ પેન્સિલ વડે કૈંક લખો. લખી રહ્યા બાદ કોરો કાગળ ઉપાડી લો ને ભીંજવેલા કાગળને તડકામાં સૂકવો. એ સુકાશે ત્યારે જોશો કે સૂકા કાગળ દ્વારા એમાં જે લખાણ ઊતરેલું હતું તે ઊડી જાય છે. હવે જો ફરીથી એ કાગળને ભીંજવશો તો પેલું અદૃશ્ય લખાણ બહાર આવશે. (૨૫)

~

અનેકાર્થી શબ્દ: **નીવી (વિ)**–સ્ત્રીઓ કમરે પહેરવાના લૂગડાને જે ગાંઠ વાળે છે તે; ગોળ, ઘી, દૂધ વગેરે ન ખાવાનું શ્રાવકોનું એક વ્રત; મૂડી; ભંડોળ.


~

કહેવતોના અર્થ: 'ખોખરૂં હાંલ્લું ખાતરના મોઢે'–ચોરને ખાતર પાડવાના સ્થાને (ઘરની ભીંત-પછીત કે છીંડી વગેરે) જો ખોખરૂં હાંલ્લું પડ્યું હોય તો તેને અપશુકન ગણીને ચોર ખાતર પાડતો નથી એવી માન્યતા છે. સામાન્યત: ખોખરાં થઇ ગએલાં નકામાં માટીનાં વાસણો એવે સ્થળે મૂકી દેવામાં આવે છે. આથી હલકી કે ઊતરતી કોટિની વસ્તુ કે માણસોને, તેમને યોગ્ય સ્થાન બતાવી દેવાના પ્રયોગ માટે આ કહેવત વપરાય છે. એવા અર્થની બીજી કહેવતો: 'ખાટી છાશ ઊકરડે'; 'ખોરૂં ઘી દીવે કે તાવડે'; 'છાણના દેવને ખાસડાંની પૂજા'; વગેરે.

~

ખરજવું જરાપણ કોરૂં ન પડે એ રીતે તેના પર સતત–ચોવીસે કલાક એરંડિયું (દીવેલ) ચોપડેલું રાખ્યા કરવાથી મટી જાય છે. પણ દીવેલ લેશમાત્ર કોરૂં ન પડે તે રીતે લાગલાગટ ૩૦ દિવસ સુધી આ પ્રયોગ કરવો જોઇએ. એથી ખરજવાના જંતુ ગૂંગળાઇને મરી જઇ ચામડી ચોખ્ખી ને સુંવાળી થાય છે. (જીવાભાઇ પટેલ 'પાટીદારબંધુ'માં)

આશ્ચર્ય ! લંડનના ચેલ્સી લત્તામાં વસતો ચાર વરસનો બાળક પીટર ડેવીસ કોઈ અપ્રતિમ બુદ્ધિમત્તાવાળો જણાયો છે. એક વરસની ઉમરે એ ગીત ગાતો થયેલો, બે વરસની વયે ચીતરતો થયો, ને ત્રીજે વરસે તો બુદ્ધિપૂર્વક લખતો થઈ ગયો. આજે માત્ર ચાર જ વરસનો હોવા છતાં તે સંપૂર્ણ વાક્યો ટાઈપ કરી શકે છે, દુનિયાભરના નકશા દોરી શકે છે, ને જૂની ઘરેડના દાખલાથી કંટાળીને પોતાનું અનોખું જ ઍલ્જિબ્રા તેણે શોધી કાઢ્યું છે! તે ફ્રેંચ પણ શીખવાનો છે, અને રમકડે રમવા કરતાં તેને સંગીતના અઘરા પાઠ લેવા વધુ ગમે છે. શતરંજની રમત તો એ બે વરસનો હતો ત્યારથી રમે છે!



કલાકણિકા: દોરાની ગૂંથેલી લેઈસ, ઝૂલો, ટેબલક્લૉથ, પડદા વગેરે આજે ઘરઘરમાં પરિચિત છે. યુરોપમાં તો દેશેદેશમાં તેની નાનાવિધ તરાહો થાય છે અને તેમાં ડિઝાઈનની અવનવી ગૂંથણીઓ હોય છે. રશિયાની એવી કારીગરીના બે નમૂના.

નવાં પુસ્તકો

મારી શ્રેષ્ઠ વાર્તા: ગુજરાતના સત્તર સિદ્ધહસ્ત લેખકોની, તેમણે પોતે જ જેને પોતાની શ્રેષ્ઠ વાર્તા માની છે તે સત્તર વાર્તાઓનું, દરેક વાર્તા સાથે તેના માર્મિક સૌંદર્ય તત્ત્વને પ્રકટ કરતી પરિચય-કંડિકાઓવાળું અને ટૂંકી વાર્તાના કલાસ્વરૂપનું મિતાક્ષર, સરળ ને સુબોધ નિરૂપણ કરતા નિબંધ સાથેનું સંપાદન—કરનાર: મનસુખલાલ ઝવેરી, પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ લિ., ૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઇ-૨, ૩–૮–૦; **માણસાઈની વાતો** કહેતી ગુજરાતના વીસ વાર્તાકારોની હેતુપ્રધાન વાર્તાઓનું સંપાદન—કરનાર: પીતાંબર પટેલ, ૦–૧૨–૦; **અંધારી રાતે:** કેતન મુનશીની દસ વાર્તાઓનો સંગ્રહ, ૦–૧૨–૦. આ બંનેના પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય; **સંસારની શોભા:** 'શયદા'ની સોળ સામાજિક નવલિકાઓ તથા એક ત્રિઅંકી નાટિકાનો સંગ્રહ, પ્રકાશક: એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ-૨, ૩–૮–૦; **અસહકારનો વિચાર:** સત્યાગ્રહના સિદ્ધાંતો, અસહકારની રાજનીતિ ને ગાંધીજીનાં નિષ્ઠા, ચારિત્ર્ય, રાજનૈતિક સાહસ, અડગતા, ધીરજ વગેરેનો ઊંડો પરિચય આપતી પુસ્તિકા; લેખક: મથુરદાસ ત્રિકમજી, પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૯, ૦-૮-૦; **વિશ્વજ્યોતિ:** ગદ્ય વ્યાખ્યાનના પ્રવાહ જેવી, સીધી ને સરળ ગાંધી માહાત્મ્યની કવિતાની બીજી આવૃત્તિ, રચનાર: મંગળદાસ જ. ગોરધનદાસ, ૦–૪–૦, પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. આનો હિંદી અનુવાદ **'વિશ્વજ્યોતિ'**-કરનાર: રાજમોહન મિશ્ર, ૧-૮-૦; **મહાત્માયન**-પહેલો ખંડ: શ્રી મં. જ. ગોરધનદાસનું મહાત્માજીનાં જીવન અને કાર્ય પરનું લાંબું કાવ્ય, ૫–૦–૦. આ બંનેના પ્રકાશક: ખેમરાજ શ્રી કૃષ્ણદાસ, વ્યંકટેશ્વર સ્ટીમ પ્રેસ, મુંબઇ-૪; **દેવ-આરાધના:** 'વિવિત્સુ'નાં ૧૦૮ મુક્તકો તથા ભાવવાહી ભજનો, સમાધિ-લક્ષણો ને જીવનમુક્તિનાં સ્તોત્રનું એમણે પોતે કરેલું સંપાદન, પ્રકાશક: ચિમનલાલ મોહનલાલ ગાંધી, વૈદ્યનિવાસ, વાંટાવાસ, ખેરવા (ઉ. ગુ.) ૦–૮–૦; **ગાંધીજીનાં** જીવન, કાર્ય અને સિદ્ધાંતોનું સુસંગત તટસ્થ ને વિવેચનાત્મક અધ્યયન. લેખક, શાંતિલાલ મગનલાલ દેસાઈ, પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૯, ૪–૦–૦.